શેતાનથી સંત સુધીની આત્મયાત્રા

# ગોશાળો

યુગપ્રધાન આચાર્યસમ

**પૂ. પં. ચંદ્રશેખરવિજયજી મ.સા.**

## દિવ્ય આશીર્વાદ

સચ્ચરિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના વિનય
ન્યાયવિશારદ સ્વ. પ.પૂ. ગચ્છાધિપતિ **આ. ભુવનભાનુસુરીશ્વરજી** મ.સા.
સિદ્ધાંતદિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ.આ. **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.
શાસનપ્રભાવક યુગપ્રધાનઆચાર્યસમ પૂજ્યપાદ પ્રં.પ્રવર **ચંદ્રશેખરવિજયજી** મ.સા.

## નિશ્રાદાતા

**પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી ગચ્છાધિપતિ**
**આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
**સરળસ્વભાવી પ.પૂ.આ. શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

## લેખક

**મુ. ગુણહંસ વિ. મ.સા.**

## પ્રાપ્તિસ્થાન

**હિતેશભાઈ ગાલા – મો. ૯૮૨૦૯ ૨૮૪૫૭**
બી૧/૩૦૨, શ્યામ કમલ બિલ્ડીંગ, અગરવાલ માર્કેટ, તેજપાલ રોડ, વિલે પાર્લે (ઇ) મુંબઈ-૫૭.

**આશિષભાઈ જે. મહેતા – મો. ૯૩૭૪૫ ૧૨૨૫૯**
એ-૭૦૨, હેફ્રી એલીયાન્ઝા, જોલી રેસીડેન્સીની પાછળ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.

**કમલ પ્રકાશન ટ્રસ્ટ – ટેલિ. : ૦૭૯-૨૬૬૦૫૩૫૫**
૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, અમદાવાદ-૭.

**નરેશ જૈન – મો. ૯૮૪૧૦ ૬૭૮૮૮**
૩૭૩, મિન્ટ શેરી, રાજેન્દ્ર કોમ્પલેક્ષ, મહાશક્તિ હોટલની બાજુમાં, ચેન્નઈ-૬૦૦૦૭૯.

:: **પ્રકાશક** ::

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, અમદાવાદ-૭. **ટેલિ. : ૨૬૬૦૫૩૫૫**

**પ્રથમ સંસ્કરણ : ૧૦,૦૦૦ નકલ, જૂન-૨૦૨૧**

**Title Design :** Shruthi Jain M. 8807460217 Email: shruthibalar@gmail.com

**ટાઈપ સેટિંગ : ક્રિએટીવ પ્રકાશન – મો. 94287 02617**
**મુદ્રક : પાર્શ્વ ઓફસેટ, 'વિનય', ૨/૫, જાગનાથ, નંદવાણા બોર્ડીંગની પાસે,**
**ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧. મો. 94269 72609**

# પ્રસ્તાવના

પાપોનો ઘોર પશ્ચાત્તાપ કેવો હોવો જોઈએ એનું એક સુંદર દૃષ્ટાન્ત એટલે ગોશાળો!

આજના કાળમાં લગભગ તમામ જીવોમાં નાના-મોટા અનેક પાપોનો ઢગલો પડેલો છે...

તેઓ સહુ આ ગોશાળાની ઘટના જરૂર વાંચે, એમને પણ મન થશે કે *"અમે પણ અમારાં પાપો ઉપર આવો જ પશ્ચાત્તાપ કરીએ..."*

કલિકાલસર્વજ્ઞ ભગવંત **શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજાના શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર** ગ્રન્થમાં **શ્રી મહાવીર સ્વામી ભગવાનના** ચરિત્રનું વર્ણન કરનાર જે દશમું પર્વ છે, એમાં જે આઠમો સર્ગ છે, એના શ્લોકોનો આધાર લઈને, એમાં મારી ઉચિત કલ્પનાના રંગો પૂરીને આ પુસ્તક લખેલ છે.

ઘણી બધી વાતો ધ્યાન ખેંચનારી છે... જેમ કે...

➜ તેજોલેશ્યાની શક્તિ ૧૬ દેશોને બાળવા જેટલી હોય છે...
➜ સુનક્ષત્રની અંતિમ આરાધના...
➜ બે મુનિઓની ગતિમાં ચાર દેવલોકનું પડી ગયેલું અંતર...
➜ ગોશાળાની અંતિમ આજ્ઞા...
➜ ગોશાળાના પૂર્વભવો અને ભાવી ભવો...
➜ નિયતિને સલામ કરવા પડે, એવી ઘટનાઓ...

આ પુસ્તકમાં છેલ્લે જિજ્ઞાસા + સમાધાન પણ આપેલા છે...

**શ્રી મહાવીરં ચરિયં** તથા **"શ્રી ભગવતી સૂત્ર"** આ બે ગ્રન્થોમાં પણ આ જ પ્રકારનું વર્ણન છે, પણ અત્યારે તો અમે આ એક ગ્રન્થનો આધાર લીધો છે.

શ્રીસર્વજ્ઞ વીતરાગ દેવોની પરમપવિત્ર આજ્ઞાથી વિપરીત કંઈપણ લખાયું હોય, તો અંતઃકરણથી મિચ્છા મિદુક્કડં.

**યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ ગુરુદેવશ્રી**
**ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબનો શિષ્ય**
**મુનિ ગુણહંસવિજય**
નેલ્લુર તા. ૨૪-૪-૨૧
ચૈત્ર સુદ-બારસ

|| અર્હં નમઃ ||

પ્રભુવીરને ૪૨ વર્ષની ઉંમરે વૈશાખ સુદ દશમના દિવસે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. વૈશાખ સુદ અગિયારસના દિવસે શાસનની સ્થાપના કરી, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ રૂપ ચતુર્વિધસંઘની સ્થાપના કરી.

૪૨થી માંડીને ૭૨માં વર્ષ સુધી... ૩૦ વર્ષ દરમ્યાન પ્રભુ વિહાર કરતા રહ્યાં. એમનું કાર્ય માત્ર એક જ હતું, ''ધર્મદેશના આપીને ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડવા.''

જ્યાં જ્યાં પ્રભુ પહોંચતા, ત્યાં ત્યાં દેવો વિરાટ સમવસરણની રચના કરી દેતા, હજારો-લાખો લોકો દેશના સાંભળવા આવતા, વૈરાગ્ય પામતા, દીક્ષા પણ લેતા, સાધના કરીને મોક્ષમાં જતા.



આ ૩૦ વર્ષના સમય દરમ્યાન પ્રભુના જીવનમાં એક ભયાનક પ્રસંગ બની ગયો. કોઈપણ તીર્થંકરમાં જે બન્યો નથી. અનંતકાળે અનંત તીર્થંકરો પસાર થાય, ત્યારે માંડ જે પ્રસંગ બને, એ પ્રભુવીર સાથે બન્યો.

એક વખતની વાત...

પ્રભુવીર વિહાર કરતા કરતા **શ્રાવસ્તી** નગરીમાં પહોંચ્યા.

ત્યાં **કોષ્ઠક** નામનું ઉદ્યાન હતું, ત્યાં પ્રભુ વીર સાધુપરિવાર સાથે રોકાયા.

એ જ નગરમાં **ગોશાળો** પોતાની પરમભક્તા સ્ત્રી **હાલાહલા** કુંભારણને ત્યાં એ સમય દરમ્યાન રોકાયેલો હતો.

ગોશાળો આમ તો પ્રભુનો ભૂતપૂર્વ બની બેઠેલો શિષ્ય હતો.

પ્રભુએ દીક્ષા લીધી, એ પછી, ગોશાળાનો ભેટો થયો હતો. ગોશાળાને પ્રભુનો મહિમા ગમી ગયો. એને લાગ્યું કે *'આ પુરુષને દેવો પૂજે છે, આ પુરુષની સાથે હું રહીશ, તો મારે ખાવા-પીવા વગેરે કોઈ બાબતની ચિંતા નહિ.'*

અને એક નંબરના વિચિત્ર સ્વભાવવાળો ગોશાળો પ્રભુને વળગી પડ્યો. *''તમે મારા ગુરુ, હું તમારો ચેલો.'*

**'માન ન માન, मैं तेरा मेहमान''** એવો ઘાટ હતો.

પ્રભુનો સાધનાકાળ હતો, મૌન હતું, પ્રભુ મધ્યસ્થ હતા, પ્રભુએ એની ઉપેક્ષા જ કરી.

૧૨ વર્ષના સાધનાકાળ દરમ્યાન ગોશાળો ઘણો ખરો સમય પ્રભુની સાથે હતો. એમાં એણે ઘણા વિચિત્ર કામો પણ કર્યા, ન લખી શકાય એવી અવળચંડી પ્રવૃત્તિઓ પણ કરી.

એ સમય દરમ્યાન એક પ્રસંગ બનેલો.

એક સંન્યાસી ઘોર સાધના કરી રહ્યો હતો.

એના વાળ પીઠ સુધી લાંબા થયેલા હતા,

દાઢી પણ ઘણી વધેલી હતી,



એમાં થયેલી જૂ નીચે પડતી હતી,

સંન્યાસી એ જૂ લઈને પાછો પોતાના વાળમાં નાંખતો હતો...

ગોશાળાએ આ દશ્ય જોયું અને એનો હસી-મજાક કરવાનો સ્વભાવ બહાર ઉછળી આવ્યો.

''એય, તું તો યૂકાશય્યાતર છે. જૂને ઊંઘવાની ધર્મશાળા છે, વાહ!' એના કટાક્ષના શબ્દો શરૂઆતમાં તો સંન્યાસીએ સહન કર્યા, પણ ગોશાળો એટલે વાંદરાનો સાક્ષાત્ અવતાર! એણે તો મજાક ચાલુ જ રાખી.

છેવટે સંન્યાસીની સહનશીલતાની હદ આવી.

ક્રોધ ચડ્યો માથે, અને સંન્યાસીએ મોઢામાંથી આગ છોડી મૂકી ગોશાળાને બાળીને રાખ બનાવવા માટે!

સંન્યાસીએ સાધના દ્વારા તેજોલેશ્યાની લબ્ધિ પ્રાપ્ત કરેલી હતી. એ લબ્ધિના પ્રભાવે સંન્યાસી મોઢામાંથી ભડકતી આગ છોડીને કોઈને પણ બાળીને રાખ કરી શકતો.

ભડભડતી આગને ધસમસતી આવતી જોઈને ગોશાળો ગભરાયો. એને નજર સામે યમરાજના દર્શન થયા. એ ભાગ્યો પ્રભુ પાસે. ચરણોમાં પડ્યો, બચાવી લેવાની યાચના કરી...

પ્રભુ તો કરૂણાના અવતાર...

ગોશાળાની નીચતા, અપાત્રતા ન જોઈ પ્રભુએ... અને પ્રભુએ એ આગને ઠારવા માટે શીતોલેશ્યા છોડી. જાણે કે આગ ઉપર પાણી!

પેલી આગ ઓલવાઈ ગઈ,

ગોશાળાના જીવમાં જીવ આવ્યો.

સંન્યાસીને ખ્યાલ આવ્યો કે *'આ તો કોઈ મોટા સાધક પુરુષ છે અને એમનો આ શિષ્ય છે.'* એણે પ્રભુ પાસે ક્ષમા માંગી, વિદાય લીધી.

પણ ગોશાળાના મનમાં પાપ ઉત્પન્ન થયું...

*''આવી શક્તિ જો મને મળી જાય, તો આખી દુનિયાને ધ્રૂજાવું... અને પ્રભુ પાસે આ આગ છોડવાની શક્તિ તો હશે જ, કેમ કે પ્રભુ પાસે તો એનાથી ય મોટી શક્તિ આગ ઓલવવાની પ્રત્યક્ષ જ દેખાઈ છે. પેલો સંન્યાસી પણ પ્રભુના ચરણોમાં નમી પડ્યો.*

*દુનિયાને ઝુકાવવી હશે, તો આવી ઘાતક શક્તિ જોઈશે જ...''*

હાય રે હાય!

એને એવો વિચાર ન આવ્યો કે *'પ્રભુ કેવા ક્ષમાશીલ છે. એમની પાસે આવી લબ્ધિ હોવા છતાં ક્યારેય એનો ઉપયોગ કર્યો નથી, લબ્ધિથી ડરાવીને સારામાં સારી ભિક્ષા મેળવી શકે છે, છતાં પ્રભુએ ક્યારેય એવું કર્યું નથી. ધન્ય છે પ્રભુની ક્ષમાને...'*

એને એતો વિચાર પણ ન આવ્યો કે *'પ્રભુ કેવા કરુણાશાલી છે. મેં અનેક વાર ખરાબ કામ કર્યા છે, પણ પ્રભુએ તો ય મને આજે રાખ બનતો બચાવ્યો, અને મને લેશ પણ ઠપકો પણ નથી આપતા... બે શબ્દો ય નથી બોલતા.'*

કેવી હલકાઈ ગોશાળાની...

અભવ્ય હતો શું ગોશાળો?

ના રે ના! પણ કાળ પાકવાનો બાકી હતો.

*''પ્રભુ! આ તેજોલેશ્યા મારે મેળવવી હોય, તો શું કરવું પડે?'* પૂછ્યું ગોશાળાએ પ્રભુને! એમ સમજો કે સાપે ઝેર બનાવવા માટે દૂધ માંગ્યું...

પ્રભુએ સરળભાવે તેજોલેશ્યા મેળવવાની સાધના બતાવી દીધી ગોશાળાને.

સાપને દૂધ પીવડાવી દીધું પ્રભુએ...



આવું કરાય પ્રભુએ? ખોટું કર્યું ને પ્રભુએ?

હા! આમ તો ખોટું જ કર્યું, પણ આ જ નિયતિ હતી. પ્રભુના નિકાચિત અશાતા કર્મો ભવિષ્યમાં ઉદયમાં આવવાના હતા, એની પૂર્વ તૈયારી નિયતિએ જ કરી લીધી.

ઘોર સાધના કરી તેજોલેશ્યા પામી લીધી એ નપાવટ ગોશાળાએ...

એકાદ-બે નિર્દોષ લોકોને સળગાવી નાંખીને પોતાની એ લબ્ધિની પરીક્ષા પણ કરી લીધી ગોશાળાએ...

એક બાજુ સંહારકશક્તિ!

બીજી બાજુ, ગોશાળાએ અષ્ટાંગનિમિત્તનું સંપૂર્ણ જ્ઞાન મેળવી લીધું. એ નિમિત્તજ્ઞાનના પ્રભાવે એ લોકોના મનના વિચારોને પણ જાણી લેતો હતો, એટલે લોકોમાં એની મહાજ્ઞાની તરીકેની ખ્યાતિ પણ ફેલાઈ ગઈ.

વધ્યો અહંકાર...

પ્રભુવીરને ઉપકારી માનવા જેટલી કૃતજ્ઞતા પણ ન રહી આ ગોશાળામાં...

પોતાની જાતને જિનેશ્વર માનવા માંડ્યો.

પોતાની જાતને ‘‘સર્વજ્ઞ’ માનવા માંડ્યો.

આમ પણ નિમિત્તજ્ઞાનના કારણે એની બધી વાત સાચી પડતી હતી, એટલે લોકોને એની વાત પર ભરોસો બેઠો.

જેઓ વિવેકી હતા, તેઓ એની વાત અંતરથી માનવા તૈયાર ન હતા, પણ શું કરે? એની સંહારશક્તિ સામે તેઓ લાચાર હતા, ડરેલા હતા...

આમ,

ગોશાળાએ જ્ઞાન દ્વારા ભોળા લોકોને ભગત બનાવ્યા...

સંહારશક્તિ દ્વારા વિવેકી લોકોને દબાવી દીધા...

એટલે, ચારે બાજુ શ્રાવસ્તી નગરીમાં લોકો બોલતા, ‘‘*ગોશાળો જિનેશ્વર ભગવંત છે, સર્વજ્ઞ છે...’*

ગોશાળાએ ભૂલથી પણ પ્રભુવીરનું નામ પોતાના ઉપકારી તરીકે લીધું નહિ. અભિમાન બેહદ વધી ગયેલું, એટલે પોતાના કરતાં કોઈને મહાન માનવાની તૈયારી ન હતી.

- સંહારશક્તિ દ્વારા ઘોર હિંસા...
- ‘‘સર્વજ્ઞ’’ તરીકે પોતાની જાતને ઓળખાવીને લોકો સાથે છેતરપિંડી...
- ગુરુના ઉપકાર સાવ જ દાટી દઈને કૃતઘ્નતા...
- ‘હું હું હું જ’ એ ઘોર અભિમાન...

પાપોનો ઢગલો થઈ ગયો,

આ પાપો જ એના વિનાશને ખેંચી લાવ્યા.

આપણે વાત કરી રહ્યા છીએ શ્રાવસ્તી નગરીની.

જ્યાં આજે પ્રભુવીરની પાવન પધરામણી થઈ છે.

બપોરનો સમય થયો, ગોચરી જવાનો સમય!

પ્રથમ ગણધર **ગૌતમ**સ્વામીને આખી જિંદગી છટ્ઠના પારણે છટ્ઠ ચાલતા હતા.



આજે એમનું પારણું હતું. પ્રભુ પાસે રજા લીધી અને ગોચરી લેવા માટે નીકળ્યા.

ભલે એ પ્રથમ ગણધર હતા, ભલે એ ૫૦ હજાર કેવલીઓના ગુરુ હતા, પણ પ્રભુની હાજરીમાં તેઓ સામાન્ય સાધુની જેમ જ રહેતા, અને માટે જ પોતાની ગોચરી પોતે જ લાવતા.

શ્રાવસ્તી નગરીના ઘરોમાં ગોચરી માટે ફરે છે ગૌતમસ્વામી, પણ ત્યાંનું વાતાવરણ જોઈને એમને ભારે ત્રાસ થયો.

નગરીના અનેક લોકો બોલે છે *'અમારા નગરમાં પણ સર્વજ્ઞ-જિનેશ્વર બિરાજમાન છે, નામ છે એમનું ગોશાલક! અમે એમની સેવા કરીએ છીએ.'*

ગૌતમસ્વામીને ભારે આઘાત લાગ્યો લોકોનું આ ભોળપણ જોઈને!

*''અરેરે, સાવ અપાત્ર જીવને આ બિચારા ભોળાઓ ભગવાન માની બેઠા... કેવો ખરાબ કાળ!'*

ત્યાં તો ગૌતમસ્વામી કંઈ ન બોલ્યા.

ગોચરી લઈ પ્રભુ પાસે પહોંચ્યા, ગોચરી વાપરી...

સાંજની જે ૩થી ૬ની દેશના હતી, એમાં નગરીના હજારો લોકો આવેલા જ હતા. એ બધાની હાજરીમાં જ ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો.

*''પ્રભુ! શ્રાવસ્તી નગરીમાં ગોશાળો રહે છે. લોકો એને સર્વજ્ઞ ભગવાન કહે છે એ વાત સાચી છે? કે ખોટી?'*



હજારો લોકોએ કાન માંડ્યા આ પ્રશ્નનો જવાબ સાંભળવા...

પ્રભુવીરે જવાબ આપ્યો,

*"ગૌતમ! ગોશાળો **મંખલિ** નામના એક સામાન્ય જનનો પુત્ર છે. એ જિનેશ્વર નથી, સર્વજ્ઞ નથી, પણ એ કપટી છે, લોકોને ઠગે છે..*

*આ પહેલાં મારો જ શિષ્ય હતો, એને મેં જ તેજોલેશ્યા શીખવાડી છે... પણ એ મિથ્યાત્વી છે, માટે જ એ આવું વર્તન કરે છે.*

*ગૌતમ! એ સર્વજ્ઞ ભગવાન નથી."*

સ્તબ્ધ બની ગયા હજારો નાગરિકો!

જવાબ બહુ સ્પષ્ટ હતો... બહુ ભારે હતો...

પ્રભુએ આમ તો સાધુઓને શીખવાડેલું કે *'કાણાને કાણો ન કહેવો, ચોરને ચોર ન કહેવો, રોગીને રોગી ન કહેવો.'*

પણ પ્રભુએ આજે કપટીને કપટી કહી દીધો, મૃષાવાદી, મિથ્યાત્વી કહી દીધો.

પ્રભુને લેશ પણ દ્વેષ ન હતો ગોશાળા પર.

બસ, એક હકીકત હતી, એ શાંતચિત્તે સ્પષ્ટ ભાષામાં જણાવી દીધી પ્રભુવીરે!

લોકો ચોંકી તો ગયા જ,

ગોશાળા કરતા પ્રભુનો પ્રભાવ આમ તો વધારે જ હતો,

કેમ કે પ્રભુ પાસે કરોડો દેવો આવતા, ગોશાળા પાસે એક પણ નહિ...

પ્રભુનો સમવસરણનો મહિમા અજોડ હતો, ગોશાળા પાસે ન હતો... એટલે લોકોએ પ્રભુની વાત માની, શ્રદ્ધા કરી...

દેશના થઈ પૂરી...

હજારો લોકો ગયા પોતપોતાના ઘરે...

આવી સ્ફોટક વાત ફેલાતા વાર ક્યાં લાગે?

જોતજોતામાં તો આખી શ્રાવસ્તી નગરીમાં સમાચાર આગની માફક ફેલાઈ ગયાં.

*"પ્રભુવીર કહે છે કે ગોશાળો સર્વજ્ઞ ભગવાન નથી, એ મંખલિપુત્ર છે. માત્ર નિમિત્તશાસ્ત્રનું જ્ઞાન એની પાસે છે..."*

ઉડતી ઉડતી વાત પહોંચી ગોશાળાના કાનમાં...

માથું ફાટી ગયું ગોશાળાનું...

એને ખબર તો હતી જ કે *'પ્રભુવીરે ૧૦૦% સાચી વાત કરી છે.'*

પણ એનો અહંકાર,

મળતા સત્કાર-સન્માનની એની મસ્તી,

એને નમવા દેવી ન હતી...

એને એ પણ ખબર હતી કે *'મારી પાસે જે સંહારશક્તિ છે, એને તોડવાની શક્તિ આ વીર પાસે છે જ. એ તો મેં મારા પ્રસંગમાં જોઈ જ લીધું છે. એટલે મારી એ શક્તિ વીરની સામે કોઈ કામ આવવાની નથી...'*

એને એ પણ ખબર હતી કે 'મારા

*કરતાં તો અનંતગણું જ્ઞાન વીર પાસે છે, એટલે એ બાબતમાં પણ મારી તો હાર છે...'*

પણ નમવું નથી, ઝૂકવું નથી. ''હું સર્વજ્ઞ નથી, મેં અત્યાર સુધી માયા કરેલી.' એ સત્ય સ્વીકારવું નથી...

પોતાનું અસત્ય મહેસૂસ તો થાય જ છે, પોતાને ખબર જ છે.

પણ ભયાનક દોષ છે ''અહંકાર', જે સાચું દેખાતું હોવા છતાં સાચાનો સ્વીકાર કરવા દેતો નથી.

સમસમી ગયો ગોશાળો...

એના આજીવકમતના ભક્તો ભેગા થઈ ગયા ગોશાળા પાસે...

એના વિરોધ માટે નહિ...

એની પાસે ખુલાસા લેવા માટે નહિ...

એને મજબૂત બનાવવા માટે!

અહા! કેવો વ્યક્તિરાગ!

કેવી અંધશ્રદ્ધા!

કેવો વિવેકનો સર્વનાશ!

અરે, ભલે પ્રભુવીરની વાત તરત સાચી ન માની લે, પણ કમસે કમ કંઈક વિચાર તો કરે ને? એક મહાપુરુષ કંઈક બોલે છે, તો કંઈક તો વિચાર આવે ને?

પણ આ બધા સાપના જ બચ્ચાઓ હતા...

અંધના પુત્ર અંધ જ હોય એવું નથી...

પણ સાપના બચ્ચા તો સાપ જ હોવાના, એના જેવા જ ઝેરીલા!

ભકતોનો, ભકતાણીઓનો, શિષ્યોનો જબરદસ્ત સહકાર મળી ગયો ગોશાળાને... અને તૂટતો તૂટતો અહંકાર આ પાપીઓના ટેકાથી પાછો ટકી ગયો, મજબૂત બની ગયો.

જો આ ટેકો ન મળ્યો હોત ને, તો ઈતિહાસ કંઈક અલગ જ હોત...

*''ગુરુદેવ! એ મહાવીર જુઠ્ઠો છે, અમે તમારી સાથે છીએ.'* કોઈક બોલે છે. ગોશાળો એને જુએ છે, આંખોમાંથી એના તરફ અમી વરસાવે છે.

*''અરે, એ વીર જ અસર્વજ્ઞ છે, આપણા ગુરુનો વિકાસ એનાથી સહન નથી થયો. એટલે ઈર્ષ્યાથી સળગી જઈને આખા નગરને સળગાવે છે... કેવી નીચતા!'* કોઈક બોલ્યું, ગોશાળાને ટાઢક વળી.

*''એનું પુણ્ય તપે છે, દેવો આવે છે, સમવસરણ મંડાય છે... એટલે હજારો લોકો એની તરફ આકર્ષાય છે, પણ આપણે એ બહારના ભપકા નથી જોવાના. આપણા ગુરુ ૧૦૦ ટચનું સોનું છે...'* કોઈક બોલે છે, ગોશાળાને હાશ થાય છે.

*''બોલો, સર્વજ્ઞ ભગવાન ગોશાળાનો જય.'*

ગગનભેદી નાદ થયો ગોશાલક ભક્તોનો...

આ માહોલે ગોશાળાની હિંમત વધારી દીધી...

છાતી પહોળી કરીને બેઠો ગોશાળો!

મસ્તક ઉન્નત કરીને બેઠો ગોશાળો!

આંખોમાં અનેરી ચમક ધારણ કરીને બેઠો ગોશાળો!

❊❊❊



'એય, મહાવીરના ચેલા! અહીં આવ.'

ત્રાડ પાડી ગોશાળાએ...

પ્રભુવીરના શિષ્ય **આનંદમુનિ** છટ્ઠના પારણા માટે શ્રાવસ્તીમાં ઘરે ઘરે ગોચરી લેવા નીકળ્યા હતા. જોગાનુજોગ મુનિવર ત્યાં જ પહોંચી ગયા, જ્યાં આ પાપીઓનું ટોળું જમા થયેલું હતું.

ગોશાળાની નજર પડી આનંદમુનિ પર!

અહંકાર દેખાડવાનો, ક્રોધ પ્રગટ કરવાનો મોકો મળી ગયો.

બૂમ પાડીને આનંદમુનિને પોતાની પાસે બોલાવ્યો.

મુનિવર આમ તો નિર્ભય હતા. મારપીટ-મોત વગેરેથી ગભરાય, એ વીરનો શિષ્ય ક્યાંથી હોય?

એ એકલા હતા, પણ સિંહના સંતાન હતા. શિયાળોના ટોળાથી શા માટે ગભરાય?

એ ધીમે પગલે ગોશાળાની નજીક આવ્યા.

નિર્ભયપણે બોલ્યા, 'બોલો, શું બાબત છે?'

એની નિર્ભયતાને લીધે ગોશાળાનું અભિમાન ઘવાયું...

એની ઈચ્છા હતી કે 'બધા મારાથી ડરે છે, તો આ સાધુ પણ ડરે.'

પણ એ તો નીડર, નિર્ભય, સૌમ્ય જ રહ્યાં.

છતાં ગોશાળાએ પોતાનો ક્રોધ પ્રગટ કરી જ દીધો...

'સાંભળ, આનંદ!

તારો ગુરુ ખોટાં રસ્તે ચડ્યો છે.

આ નગરીના લોકો મને સર્વજ્ઞ તરીકેનું માન-સન્માન આપે છે, મારી બેહદ ભક્તિ કરે છે, મને ભગવાન માને છે.

તારો ગુરુ ઈર્ષ્યાળુ છે, યશ-કીર્તિ-પ્રતિષ્ઠાનો લાલચુ છે...

એટલે મને મળતા યશ-કીર્તિ-માન-સન્માન-સત્કાર તોડવા અને પોતે મેળવવા માટે મારી નિંદા કરે છે, લોકોની સામે મને અસર્વજ્ઞ જાહેર કરે છે.'

ગોશાળો જેમ જેમ બોલતો જતો હતો તેમ તેમ એનો ક્રોધ વધતો જતો હતો. એનો અવાજ મોટો થતો જતો હતો. મોઢું લાલ બનતું જતું હતું. એનો દેદાર વિકરાળ અને ભયાનક બનતો જતો હતો.

'તારો ગુરુ નથી જાણતો કે મારી પાસે દુશ્મનોનો સત્યાનાશ કરી નાંખનારી તેજોલેશ્યા છે.'

હું તારા ગુરુજીને તેજોલેશ્યા દ્વારા રાખ બનાવી દઈશ. હા! તને નહિ મારું, તને જીવતો છોડી દઈશ.

કેમ? ખબર છે? સાંભળ એક ઘટના...

**ક્ષેમિલા** નગરીમાં વર્ષો પહેલાં પાંચ વાણિયાઓ થયેલા. (૧) અવસર (૨) પ્રસર (૩) સંવાદ (૪) કારક (૫) ભલન...

તેઓ વેપાર માટે ગાડાઓમાં માલ ભરીને નીકળ્યા. રસ્તામાં ઘોર જંગલમાં પહોંચ્યા, જ્યાં પાણી બિલકુલ ન હતું. તરસના માર્યા તેઓ પાણી શોધવા લાગ્યા. ત્યાં **અવસરે** એક જગ્યાએ એક રાફડો જોયો, જેના પાંચ શિખરો હતા. એણે ચાર મિત્રોને એ સાપનો રાફડો દેખાડ્યો.

'કદાચ પાણી મળે.' એ આશાથી એમણે એક શિખર તોડી નાખ્યું અને ખરેખર એમાંથી પાણી નીકળ્યું. તેઓએ પીધું અને સ્વસ્થ થયા.

પ્રસર કહે, 'આ રાફડાનું બીજું શિખર ભેદી નાંખીએ, જેમાંથી પણ કંઈક મળશે.'

અવસરે ના પાડી, 'પાણીની જરૂર હતી, એ મળી ગયું. હવે લાલચ ન રાખો. રાફડામાં ક્યારેક સાપ રહેતા હોય છે.'

સંવાદ કહે, 'પહેલા રાફડામાંથી સાપ નથી નીકળ્યો ને, માટે આમાંથી પણ નહિ નીકળે.'

અવસર કહે, 'એ તો ભાગ્યયોગે પાણી નીકળ્યું, બાકી સાપ જ નીકળત.'

કારક કહે, 'ભાગ્યયોગે પાણી નીકળ્યું, તો ભાગ્યયોગે જ રૂપિયા નીકળશે.'

અવસરને આ વાત ન ગમી. એ તરત ત્યાંથી ખસી ગયો.

બાકીના ચાર જણે બીજો રાફડો તોડ્યો, હકીકતમાં રૂપિયા નીકળ્યા.

તે ચાર જણે રૂપિયા વેંચી લીધા, લોભ વધ્યો. એટલે ત્રીજું અને અને છેવટે ચોથું શિખર પણ તોડી નાખ્યું. ક્રમશઃ ચાંદી અને સોનું મળ્યું.

તેઓએ સૌપ્રથમ તો રૂપિયાના સિક્કાથી ગાડા ભરેલા. ચાંદી નીકળી, ત્યારે રૂપિયા ફેંકી દઈ ચાંદી ભરેલી, સોનું નીકળ્યું. તો ચાંદી ખાલી કરીને સોનું ભર્યું.

બાકી બચ્યું એક જ શિખર!

ચારેના મનમાં એક જ વિચાર

'રત્નો મળશે.'

એમણે લોભાંધ બનીને પાંચમું શિખર તોડ્યું.

દુર્ભાગ્યે એમાંથી નીકળ્યો દષ્ટિવિષ સર્પ!

પોતાનું ઘર તૂટવાથી એ ક્રોધે ભરાયો. એટલે એણે તો સૂર્ય સામે નજર કરીને આંખોમાંથી ચારેય પર આગ છોડી, એ ચારેય લાલચુઓને, એમના ગાડાઓને, બળદોને સળગાવી નાખ્યા.

પણ સર્પની જે અધિષ્ઠાત્રી દેવી હતી, એણે એવો વિચાર કર્યો કે 'અવસર લાલચુ નથી, એ સારો માણસ છે.' માટે એને માર્યો નહીં, એને એના ગાડા-બળદ સાથે જીવતો જવા દીધો, એના ઈષ્ટસ્થાને પહોંચાડી દીધો.

'હું તારા ગુરુજીને સળગાવી નાંખીશ, પણ તું સારો સાધુ છે, માટે તને નહિ મારું... જા, કહી દે તારા ગુરુજીને કે ગોશાળો આવે છે, મરવાની તૈયારી કરી રાખે.'

આનંદમુનિ હવે ગભરાયા. 'પોતાનું મોત નથી'. એનો આનંદ ન હતો, પણ પ્રભુને આ નાલાયક સળગાવી નાંખશે તો? એ ભય ચોક્કસ હતો.

ગોચરી વહોરવાનું માંડી વાળ્યું આનંદમુનિએ...

પોતાના છટ્ઠતપના પારણાની પરવા કર્યા વિના આનંદમુનિ પહોંચ્યા સીધા પ્રભુ પાસે. પોતાની શંકા પ્રગટ કરી કે,

'પ્રભુ! ગોશાળો કહે છે કે એ તમને સળગાવીને રાખ કરી નાંખશે.' શું એની પાસે આટલી બધી શક્તિ છે? કે એ તમને પણ મારી શકે...'

પ્રભુએ જવાબ આપ્યો,

'આનંદ! ગોશાળા પાસે બીજાને સળગાવીને રાખ કરી નાંખવાની શક્તિ છે, પણ એ તીર્થંકરને રાખ ન કરી શકે. હા! તીર્થંકરને પણ એ શક્તિના બળે ત્રાસ તો આપી શકે, પીડા તો પમાડી શકે.'

'પણ પ્રભુ! આપ તો તીર્થંકર છો, એના ગુરુ પણ છો, ઉપકારી છો... એ આપને ત્રાસ આપશે? આટલો નીચ એ બનશે?' આનંદમુનિ અકળાઈ ગયા...

'હા! આનંદ! કેમ કે એની બુદ્ધિ ખરાબ છે... અને દુર્બુદ્ધિવાળાઓ ગમે તેવું ખરાબ કામ કરી શકતા હોય છે.

એટલે હવે તું ચર્ચા છોડ.

જા, અને ગૌતમ વગેરે તમામ સાધુઓને જણાવી દે કે ગોશાળો અહીં આવે અને કંઈપણ કરે, તોય એને કશું કહેવું નહિ, ઠપકોય ન આપવો ને ધર્મોપદેશ પણ ન આપવો. બધા સાધુઓ દૂર જ રહે. એ કુમતિની નજરમાં ન ચડે.'

આનંદમુનિએ તરત જ આજ્ઞાનો અમલ કર્યો.

પ્રભુ પ્રત્યે અનહદ અનુરાગ ધરાવતા ગૌતમસ્વામી વગેરે બધા જ ચિંતાતુર બન્યા, 'શું થશે?' એની ચિંતા

થઈ, પણ પ્રભુની આજ્ઞા પાળવામાં તેઓ ક્યારેય ગરબડ ન કરતા. પ્રભુની આજ્ઞા ૧૦૦ % પાળવી એ જ એમનો જીવનમંત્ર હતો. તેઓ બધાં ત્યાંથી ખસી ગયાં, થોડાક દૂર જતાં રહ્યાં. મનમાં ભય તો ચાલુ જ હતો. *'એ નરાધમ ગોશાળો પ્રભુને કંઈક પરેશાન કરશે તો?'* પણ સૌ લાચાર હતા.

ત્યાં તો દૂરથી ધસમસતો આવતો ગોશાળો દેખાયો.

વિકરાળ સ્વરૂપ... ચાલમાં જ ક્રોધાવેશ વર્તાય... દુર્જનોનો નેતા જ લાગે...



ગોશાળો સીધો પહોંચ્યો પ્રભુવીરની સામે...

પ્રભુવીર શાંત જ હતા, પ્રસન્ન હતા, મધુર સ્મિત ચમકી રહ્યું હતું...

ગોશાળાને પ્રભુની શરમ ન નડી, નિર્લજ્જ બન્યો ગોશાળો...

'એ કાશ્યપ! તું સાવ જુઠ્ઠું બોલે છે કે 'હું મંખલિપુત્ર છું અને તારો શિષ્ય છું.' તારો એ શિષ્ય તો ક્યારનોય મરી ગયો છે. એ શુક્લજાતિનો હતો, અને ધર્મધ્યાનમાં મરીને દેવલોકમાં ગયો છે.

હું તો ઉદાયિ નામનો મુનિ છું. તારા એ શિષ્ય ગોશાળાનું આ શરીર હૃષ્ટ-પુષ્ટ હતું, મારું શરીર નબળું હતું... મારે તપસાધના કરવી હતી, ઘોર ઉપસર્ગો મારે સહેવા હતા અને મારું શરીર એના માટે અક્ષમ હતું, એટલે ગોશાળાના મૃત્યુ બાદ મેં એના આ શરીરમાં પ્રવેશ કર્યો છે અને મેં મારું શરીર છોડી દીધું છે.

તને આ હકીકતનું ભાન નથી એટલે તું મારા આ શરીરને જોઈને એમ માની બેઠો છે કે ''હું તારો શિષ્ય છું.''

પણ આ હળાહળ મૃષાવાદ છે.

'નથી તું મારો ગુરુ, નથી હું તારો ચેલો...''

ગોશાળાએ આખી કાલ્પનિક વાર્તા બનાવીને પ્રભુને જૂઠા સાબિત કરવાની મહેનત કરી.

પ્રભુ શાંત હતા, પણ ડરપોક તો ન જ હતા.

પ્રભુએ સ્પષ્ટ જવાબ આપ્યો...

'ગોશાળા! તું કોઈ ઉદાયિમુનિ નથી, તું ગોશાળો જ છે, મંખલિપુત્ર જ છે, મારો શિષ્ય જ છે. શા માટે તું અસત્ય બોલે છે?'

ખલાસ !

ગોશાળાની ક્રોધાગ્નિને ભડકાવી દીધી પ્રભુના વચનોએ...

હવે એ ભયાનક ક્રોધી બન્યો...

'નાલાયક! તું હજીય સુધરતો નથી, તો થઈ જા તૈયાર... આજે તારું મોત મારા હાથે જ થશે. પળભરમાં તને રાખ કરી દઈશ...'

બોલવાનું કે કરવાનું કંઈ જ ભાન નથી ગોશાળાને.

તેજોલેશ્યા છોડવાની તૈયારી કરવા માંડ્યો ગોશાળો...

પ્રભુનો એક સાધુ **સર્વાનુભૂતિ**

દૂરથી આ બધું સાંભળી રહ્યો હતો, જોઈ રહ્યો હતો...

*'મારા પ્યારા પ્રભુનું અપમાન! આવો અપાત્ર આ જીવ! કોઈ એને કહેનાર જ નથી?'*

લોહી ઉકળી ગયું સર્વાનુભૂતિનું...

જોકે બધાનું હૃદય બળી જ રહ્યું હતું, પણ ગૌતમસ્વામી વગેરેને પ્રભુની આજ્ઞા બરાબર યાદ હતી, તેઓ સમજતા હતા કે 'પ્રભુએ ચોક્કસ કારણસર જ અમને ના પાડી છે. એટલે પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં લાભ નથી જ, નુકસાન જ છે. ભાવાવેશમાં આવીને અમે કંઈપણ પગલું ભરશું, તો એ હિતકારી નહિ જ બને...'

માટે તેઓ મનને દૃઢ બનાવીને ચૂપચાપ દૂરથી આ બધું જોઈ રહ્યાં હતા.

હા! આંસુની ધાર તો ન વહે એ જ આશ્ચર્ય!

પણ સર્વાનુભૂતિ આ સત્ય જાણતો હોવા છતાં પણ પોતાની જાતને રોકી ન શક્યો. એ દોડ્યો અને પહોંચી ગયો ગોશાળાની સામે...

'તું જ એ મંખલિપુત્ર છે, તું જ ગોશાળો છે, તું જ ત્રિલોકગુરુનો શિષ્ય છે. શા માટે જાતને છુપાવવા મહેનત કરે છે? પોલીસથી બચવા માટે ચોર ભાગે, અને છુપાઈ જવાની જગ્યા ન મળવાથી આંગળીને વચ્ચે રાખી એના દ્વારા પોતાને છુપાવવાનો પ્રયત્ન કરે, તો એ હાસ્યાસ્પદ છે. એમ તું ગમે એટલા જુઠ્ઠા વચનો બોલ, પણ એનાથી તું તારી સાચી હકીકતને છુપાવી શકવાનો નથી જ... આ જ પ્રભુએ તને તેજોલેશ્યા શીખવાડી છે, અને આજે તું એ જ ગુરુજી સામે થાય છે?'


આગઝરતા શબ્દોમાં સર્વાનુભૂતિ સાધુ બોલ્યો...

પણ આ તો બળતામાં ઘી હોમાયું...

આગમાં પાણીનું કામ ન કર્યું આ વચનોએ, ઘીનું-પેટ્રોલનું કામ કર્યું...

ગોશાળો આજે મોહમદિરા પીને જ આવેલો હતો...

'અચ્છા... તો તું મને સમજાવવા આવ્યો છે. આનો ચેલો છે ને, તો લે, આજે તું જ પહેલા મારી તેજોલેશ્યાનો પ્રભાવ ભોગવતો જા...'



અને ગોશાળાએ નિશાન બદલ્યું. આગ છોડી મોઢામાંથી સર્વાનુભૂતિ ઉપર... એક જ પળમાં સર્વાનુભૂતિનું આખું શરીર આગની લપેટમાં આવી ગયું.

આખું શરીર બળે, ત્યારે વેદના કેવી હોય?

પણ મુનિએ ચીસ ન પાડી, ઉંહકારો પણ ન કર્યો, સમજી ગયા કે *'મારું મોત નજીકમાં છે.'* પણ એનો ખેદ ન હતો, પ્રભુ માટે = ગુરુ માટે મરવામાંય અનેરો આનંદ હોય છે.

મુનિએ બે સળગતા હાથ ઉંચા કર્યા, પ્રભુને પ્રણામ કર્યા... પછી તમામ સાધુઓ તરફ ફરી બે હાથ જોડ્યા, અંતરથી ક્ષમાપના માંગી અને આ જ શુભધ્યાનમાં એમણે દેહ છોડી દીધો. પહોંચ્યા આઠમા દેવલોક સહસ્રારમાં...

એમના શરીરને અગ્નિદાહની જરૂર જ ન પડી, અલ્પ ક્ષણમાં જ સંપૂર્ણ રાખ બની ગયો એ દેહ! હા! હાડકા પણ બાકી ન બચ્યા. અતિભયાનક હતી એ તેજોલેશ્યા...

ગોશાળો હર્ષથી પાગલ બન્યો.

એના હૃદયમાં જે આછો આછો ભય હતો કે, *'વીર પાસે તો તેજોલેશ્યાને નિષ્ફળ કરનારી શીતલેશ્યા છે જ, તો મારી તેજોલેશ્યાને એ નિષ્ફળ બનાવી દેશે તો?'* પણ એવું બન્યું નહિ. સાધુ રાખ બની ગયો, પ્રભુએ એને બચાવ્યો નહિ... એટલે એ મૂરખ એમ સમજ્યો કે *'પ્રભુની શક્તિ ખતમ થઈ ગઈ છે. માટે એ હવે કોઈને મારી તેજોલેશ્યામાંથી બચાવી શકશે નહિ, ખુદ પોતે પણ બચી શકશે નહિ...'*

બિચારાને એ ભાન ન હતું કે શીતલેશ્યા એક વિશેષ લબ્ધિ છે. એનો ઉપયોગ કરવો હોય, તો પ્રમાદ જોઈએ. પ્રભુ તો ૧૩માં ગુણસ્થાન પર છે, એટલે અંશ પણ પ્રમાદ એમનામાં પ્રવેશ પામતો નથી, અને માટે પ્રભુ એ લબ્ધિનો ઉપયોગ કરી શકતા નથી.

પ્રભુ શક્તિહીન નથી બન્યા,

પણ પ્રભુ શક્તિનો ઉપયોગ કરવા માટે જરૂરી પ્રમાદથી હીન હતા...

ગોશાળાને હવે કોઈ ડર ન રહ્યો.

મોહાન્ધ ગોશાળો હવે તો મદાન્ધ પણ બન્યો.

અહંકાર ફાટ્યો એનો... 'કોઈની તાકાત નથી, મને હરાવી શકે, મારો સામનો કરી શકે...' હવે પાછો એ પ્રભુની સામે જેમતેમ બોલવા માંડ્યો, ગાળો ભાંડવા માંડ્યો...


અરે, અરે, પણ આ શું? અરે, એક બીજો સાધુ દોડતો આવી રહ્યો છે. એ ગોશાળાની સામે જ આવી રહ્યો છે. એ ય ગુસ્સામાં છે. અરે, આ તો સુનક્ષત્ર! અરે, મુનિવર! Please! તમે ન આવો આ બાજુ. આ હલકટ ગોશાળો તમને પણ બાળી નાખશે, આજે એ ગાંડો હાથી બન્યો છે. મુનિવર! પ્રભુની આજ્ઞા યાદ કરો. જુઓ... બીજા બધા મુનિ દૂર જ ઊભા છે... એમણે તમને રોક્યા કેમ

નહિ? ગૌતમસ્વામી! રોકો ને એમને...

હે ભગવાન! કોઈ ન રોકી શક્યું સુનક્ષત્રને! એનો ગુરુપ્રત્યેનો રાગ એવો હદ બહારનો થઈ ગયો કે ગુરુજી = પરમગુરુજીની આજ્ઞાને ભૂલી ગયા...

'નીચ! અધમ! પાપી!' સુનક્ષત્ર બોલી ઉઠ્યા...

'એક પંચમહાવ્રતધારી મુનિને સળગાવી નાંખ્યા તેં, આવું ઘોર પાપ! યાદ રાખજે, તારે તારા પાપના ભયાનક અંજામ ભોગવવા પડશે. પસ્તાવો કરવા છતાંય પછી તું નહિ બચી શકે...'



એક આર્તનાદ હતો સુનક્ષત્રમુનિનો!

જાણે કે ભવિષ્યની આગાહી હતી એ શબ્દોમાં...

પણ, ***'विनाशकाले विपरीतबुद्धिः ।'***

ગોશાળાનો વિનાશકાળ આવી પહોંચ્યો હતો.

એટલે એની બુદ્ધિ ઉંધી જ ચાલતી હતી.

'અચ્છા! તું ય આવ્યો. તારે સર્વાનુભૂતિની પાછળ જવું છે ને ? તું એનો સંઘાટક છે, બરાબર ને! એને એકલો નથી જવા દેવો ને. આ વીરે તમને બધાને એ જ શીખવ્યું છે ને. ગોચરી-પાણી લેવા પણ બે-બે સાધુઓએ સાથે જવું... પણ પરલોકમાં સાથે જવાનું આણે તમને શીખવાડ્યું નથી ને, કંઈ વાંધો નહિ, હું શીખવાડી દઉં. મોકલું છું તને હમણાં જ એની સાથે.'

ભયંકર કટાક્ષ ભરેલા એ શબ્દો હતા, ક્રોધ કરતા અહંકારનું પ્રમાણ વધારે હતું એમાં...

તેજોલેશ્યા ફરી એકવાર છોડવામાં આવી...

અહાહા! સુનક્ષત્રનું શરીર પણ આગની સંપૂર્ણ લપેટમાં આવી ગયું...


પગની પાની, ઘુંટી, જાનુ, સાથળ, પીઠ, પેટ, છાતી, કમર, મોઢું, મસ્તક, કાન, નાક, ગુપ્તાંગો... બધું જ આગની જવાળાઓમાં બળવા લાગ્યું.

પણ, બાપ રે, જુઓ તો ખરા...

મહાન સાત્ત્વિક આત્મા છે સુનક્ષત્ર!

એ ઊભો થયો, પ્રભુની પાસે પહોંચ્યો... હજારો સાધુઓ જોઈ રહ્યાં 'શું કરે છે આ સુનક્ષત્ર...'

એણે બે હાથ જોડી દીધા, અને સળગતી કાયા સાથે પ્રભુને પ્રદક્ષિણા આપવા માંડ્યો... અદ્ભુત હતું એ દશ્ય... હજારો મુનિઓની આંખો વરસી પડી. પહેલા આઘાતથી વરસતી હતી, હવે



સુનક્ષત્રના શુભભાવોની પરાકાષ્ઠાની અનુમોદના રૂપે વરસી પડી...

એક પ્રદક્ષિણા પૂરી થઈ, નીચે નમી મસ્તક ઝુકાવ્યું સુનક્ષત્રે...

વેદના વધતી ગઈ, ભાવો વધતા ગયા...

બીજી પ્રદક્ષિણા પૂરી થઈ, ફરી એ જ સર્વોત્તમ વંદના...

ગોશાળો બિચારો જોઈ જ રહ્યો.

પોતાની જીતમાં પણ એને પોતાની હાર દેખાતી હતી...

ત્રીજી પ્રદક્ષિણા પૂર્ણ થઈ, ફરી એ જ સર્વોત્તમ વંદના...

હજી થોડીક ક્ષણો બાકી હતી સુનક્ષત્રના ભવની...

સમજો ને કે સુનક્ષત્રે જાણે કે કાળને રોકી રાખ્યો હતો...

"હે પ્રભુ! મારા પરમગુરુ! ત્રિલોકનાથ! પરલોકમાં પ્રયાણ કરતા પહેલાં મારા અપરાધોની આલોચના કરવી છે. પ્રભુ! મુખ્ય આલોચના તો એ જ કે આ ભવમાં છેલ્લે છેલ્લે આપની આજ્ઞા ન માની, ન પાળી, તોડી. આપે વચ્ચે આવવાની ના પાડી હતી, પ્રભુ! પણ મારા નાથ! હું આપનું અપમાન-મુનિની હત્યા જોઈ ન શક્યો, આપની આજ્ઞા ભૂલી જ ગયો...

પ્રભુ! જીવનમાં પ્રથમ વાર જ આપની આજ્ઞા લોપી છે.

અને એ ય છેલ્લી વાર જ લોપી છે.

હવે તો આ સંસારમાંથી વિદાય લઉં છું. હવે ફરી આપની આજ્ઞા નહિ પાળવાનો દોષ મને ક્યારેય નહિ લાગે.

પ્રભુ! મૃત્યુનો કોઈ ડર નથી, કોઈ શોક નથી.

બસ, આપ મારી સામે છો, મારી

પાસે છો, મારા હૃદયમાં છો, મારા રોમેરોમમાં છો, પછી મારે શું ચિંતા? ચારિત્ર છે મારી પાસે, મારા આત્માના પ્રદેશે પ્રદેશે...''

મુનિ બોલતા જાય છે અને એમનું હૃદય હસતું જાય છે.

ગોશાળો આશ્ચર્યચકિત થઈ ગયો, *'વીરના સાધુઓ વીર જેવા જ છે, આખું શરીર બળે છે તો ય ઉંહકારો પણ નથી કરતા...'* પણ આ વિચારે એના ક્રોધને વધાર્યો, ઈર્ષ્યા વધારી, વૈરવૃત્તિ વધારી, દુશ્મનને પરેશાન થતો જોયા પછી જ આવા હલકટ જીવોની આંખ ઠરતી હોય છે.

''પ્રભુ! સમય ઓછો છે, એટલે બધા જ પાપોની વિસ્તારથી આલોચના તો નહિ કરી શકું... પણ આપ સર્વજ્ઞ છો, મારા તમામેતમામ પાપોને જાણો છો, એ તમામ પાપોની હું અંતઃકરણથી માફી માંગું છું.

આપની આજ્ઞા ન માનીને આપની આશાતના કરી, એનું પણ મિચ્છા મિ દુક્કડં.''

કરોડો દેવો પણ આ અલૌકિક દશ્ય નિહાળી રહ્યાં.

સુનક્ષત્ર મુનિ હજારો સાધુઓ તરફ ફર્યા... ''મારા સંપૂર્ણ દીક્ષાજીવન દરમ્યાન મેં કોઈપણ મહાત્માનું મન દુભવ્યું હોય, મારા કારણે તેમને લેશ પણ પીડા પહોંચી હોય, તો હું સૌની ક્ષમાપના માંગું છું. મોટું મન રાખી આપ સૌ મને ક્ષમા આપશો જ એનો મને વિશ્વાસ છે...'

સૌના વતી ગૌતમસ્વામીજી બોલી ઉઠ્યા, 'મુનિવર! મહાન સાધક છો તમે. તમારી આ સાધનાની અનુમોદના કરીએ છીએ. અને અમે પણ ક્ષમા માંગીએ છીએ...'


કાળધર્મનો સમય નજીક આવી ગયો હતો.

મુનિએ સળગતા = લગભગ સળગી ચૂકેલા બે હાથ ઉંચા કર્યા, પાંચ મહાવ્રતોના સૂત્રો ઉચ્ચર્યા, સર્વવિરતિ સૂત્ર = કરેમિભંતે સૂત્ર ઉચ્ચાર્યું... પોતાના અતિપ્રિય મહાવ્રતોને, પોતાની અતિપ્રિય સર્વવિરતિને યાદ કરી લીધી...

હવે એમને સંપૂર્ણ સંતોષ છે,

હા! ગોશાળાને ય ક્ષમા આપી દીધી...

જાણે છે ને સુનક્ષત્ર કે આખરે તો ગોશાળો પણ એક જીવ છે. અંદરથી તો શિવ છે, માત્ર કર્મવશ બનીને અત્યારે એ પાપી બનેલો છે... એના તરફ દ્વેષ રાખવાથી શું લાભ? પ્રભુ એનું ય કલ્યાણ કરે... એટલે એને ય ક્ષમા આપી દીધી. હા! આખરે એ જીવ વાત કરવા માટે લાયક ન હોવાથી એની સાથે વાચિક ક્ષમાપના ન કરી. ભડકેલાને વધારે ભડકાવવાનું થાય... પોતાની વાચિક ક્ષણાપનાને ગોશાળો નિર્બળતા જ માને, વધુ મદાન્ધ બને, વધુ સંહાર કરે... આટલો વિવેક સુનક્ષત્રે પાકો જાળવ્યો.



આખરે સુનક્ષત્રે પણ પ્રાણત્યાગ કર્યો.

એ પહોંચ્યો બારમા દેવલોકમાં!

સર્વાનુભૂતિ કરતા ચાર દેવલોક વધારે ઉચ્ચગતિમાં!

કારણ? બંને વચ્ચેના મોતમાં સમય બાબતમાં વિશેષ ફરક નથી. છતાં આઠમો અને બારમો દેવલોક... આટલો મોટો ફરક કેમ પડ્યો?

એમ જ લાગે છે કે,

ભાવ તો બંનેના સારા જ હતા.

પરંતુ સર્વાનુભૂતિને ત્રણ પ્રદક્ષિણા આપવાનો, આલોચના કરવાનો, પુનઃ મહાવ્રતોના ઉચ્ચારણનો અવસર જ ન મળ્યો. એટલે એના ભાવો એકદમ વિશિષ્ટ ન બન્યા. માટે તે આઠમા દેવલોકમાં ગયા.

જ્યારે સુનક્ષત્રને તો પ્રદક્ષિણા + આલોચના + મહાવ્રતોચ્ચારણ આ બધું જ કરવાનો મોકો મળ્યો, એટલે એમના ભાવ પણ વધવાના જ, એટલે એમનો થયો બારમો દેવલોક!

નાની-નાની ક્રિયાઓ પણ કેટલી અસર કરતી હોય છે. એનું આ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત છે.

બે લાશ, બે માણસોની રાખ પડી છે...

*'હવે શું થશે? ગોશાળો પાછો જતો રહેશે? કે હજી પણ આપત્તિઓ ઊભી કરશે? એ તો પ્રભુ સાથે બદલો લેવા આવ્યો છે, એ તો બાકી જ છે, કોણ જાણે આ રાક્ષસ શું કરશે?'* સૌ ચિંતાતુર હતા.

ગોશાળો તો એમ જ માને છે *'મારો વિજય થયો, આ બે જણે બકવાસ કર્યો, બંનેને કાયમ માટે ઊંઘાડી દીધા. અને હવે ત્રીજો કોઈ સામે આવતો નથી. બધા ગભરાઈ ગયા. હાશ! વટ પડી ગયો મારો... મારા અનુયાયીઓ ખુશ થશે. આખી શ્રાવસ્તી નગરી હવે મારી ભક્ત બનશે. આ વીરનું તો નામોનિશાન મટી જશે.'*

ત્યાં જ પ્રભુવીર એનો અહંકાર ઉતારવા કહે છે, કરુણાથી કહે છે.

'ગોશાળા! યાદ કર. મેં જ તને મારો શિષ્ય બનાવ્યો છે. મેં જ તને તેજોલેશ્યા શીખવાડી છે. તું મારો જ શિષ્ય છે. છતાં આજે એ બધો જ ઉપકાર ભૂલીને તું મારી સામે આ શબ્દો બોલે છે. બે સાધુઓને સળગાવે છે. ગોશાળા! તારી બુદ્ધિ આવી કેમ છે? ગોશાળા! સુધર, આવી ગંભીર ભૂલ ન કર.'

ક્યારેક એમ લાગે કે પ્રભુ શા માટે ગોશાળાને વારંવાર એક જ વાત કહીને ઉશ્કેરે છે ? પ્રભુને ખબર તો છે કે ''આને કશી અસર નથી થવાની.' તો પછી આવો ઉપદેશ આપવાનો મતલબ જ શું?

એનો જવાબ એમ લાગે છે કે ભલે અત્યારે આ શબ્દોની અસર ન થાય. પરંતુ ભવિષ્યમાં આ જ શબ્દો ગોશાળાને યાદ આવશે અને તે વખતે પશ્ચાત્તાપ કરાવશે. માટે પ્રભુ અત્યારે વારંવાર એક

જ વાત એને કહી રહ્યાં છે.

બસ ગોશાળાએ હવે પાકો નિર્ણય કરી લીધો કે 'આ વીરને મારી તેજોલેશ્યાથી રાખ બનાવવા.'

અને ગોશાળાએ ત્રાડ પાડી, 'ઓ વીર! હવે તારી હિતશિક્ષાઓનું ફળ પામવા તૈયાર થઈ જા. લાંબા ભાષણ આપવા બંધ કર...'

અને ગોશાળાએ આગ છોડી દીધી.

ગૌતમસ્વામી અને હજારો સાધુઓ જોઈ રહ્યા. એમણે આંખો મીંચી દીધી. ભયાનક દૃશ્યની કલ્પનાએ એમના મનને ધ્રૂજાવી નાખ્યું. 'શું મારા પ્રભુ પળ બે પળમાં રાખ બની જશે? શું તીર્થંકરનું આ રીતે અકાળે મૃત્યુ થશે?' હજી હમણાં જ બે સાધુઓને સળગીને રાખ થતા સાક્ષાત્ જોયા જ હતા. એટલે આખા શરીરમાં ભય વ્યાપી ગયો.

પણ સૌ હતાશ હતા...

તેજોલેશ્યા = ભડકતી આગ પ્રભુ તરફ આગળ વધી.

પરંતુ તીર્થંકરનો પુણ્ય પ્રભાવ ગજબનો હોય છે.

એ આગ પ્રભુને બાળી ન શકી.

એક ભક્ત જેમ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપે,

એમ તેજોલેશ્યાએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી... પ્રભુના શરીરમાં ગરમી-પિત્ત ઉત્પન્ન કરવાનું કામ કર્યું અને એ લેશ્યા પાછી ફરી.

'આ નીચ માણસે મને કેવા ખરાબ કામ માટે મોકલી, તીર્થંકરની હત્યા માટે મોકલી... હવે તો આને બિલકુલ નહિ છોડું...' જાણે કે તેજોલેશ્યા ગોશાળા ઉપર જ ક્રોધે ભરાઈ અને ક્રોધથી ગોશાળાના શરીરમાં જ તેજોલેશ્યાએ પ્રવેશ કરી દીધો.

ઝાળ લાગી ગોશાળાને.

અંગે અંગ અંદરથી બળવા લાગ્યું ગોશાળાનું.

આંખે અંધારા આવી ગયા ગોશાળાને.

અનેકોને સળગાવી નાંખનારાએ આજે ખુદ સળગવું પડ્યું.

ભાન થયું એને કે ''બળવું એટલે શું?'

પણ આ તો એનું શરીર જ બળી રહ્યું હતું. અહંકાર ક્યાં બળ્યો હતો?

**'મિયાં પડે પણ તંગડી ઉંચી'** એવો ઘાટ હતો ગોશાળાનો...

પોતાની તેજોલેશ્યા પ્રભુ પર નિષ્ફળ ગઈ છે એ એને ખ્યાલ તો આવી જ ગયો, પણ પોતાની આ હાર સ્વીકારે શી રીતે?

ગોશાળાનો અહંકાર બોલી ઉઠ્યો... ''મહાવીર! તું સર્વજ્ઞ નથી, છદ્મસ્થ છે અને આ ભવમાં તું સર્વજ્ઞ બનવાનો પણ નથી.

મેં જે તેજોલેશ્યા છોડી છે એનાથી તારું શરીર ધીરે ધીરે બળી જશે, અને

છ મહિના બાદ તારું મોત થશે. તને પિત્તજ્વર થશે. એ તારો જાન લેશે.'

ભવિષ્યવેત્તાઓ જેમ અહંકારના નશામાં ખોટે ખોટા ભવિષ્ય ભાખે, એમ ગોશાળાએ ભવિષ્ય ભાખ્યું.

અંદર તો એ ગભરાઈ જ ગયો હતો કે *'એ સાધુ તો તરત સળગી મર્યા, અને આ વીરને કંઈ ન થયું, ઉલટું મને જ અંદર દાહ થવા માંડ્યો છે. એટલે મારો વિનાશ હવે નિશ્ચિત છે.'*

પણ અહંકાર! તને તો ભાઈ! લાખો સલામ...

❀ ❀ ❀

હવે પ્રભુએ જવાબ આપ્યો.

'ગોશાળા! તારું વચન અસત્ય છે.

હું કેવલજ્ઞાની છું અને હજી પણ બીજા ૧૬ વર્ષ જીવવાનો છું.

હકીકત તો એ છે કે તેજોલેશ્યા તારા શરીરમાં પ્રવેશી છે, અને તને પિત્તનો જ્વર થશે. અને આજથી બરાબર સાતમા દિવસે તારું મોત થશે.'

ત્યાં સુધીમાં તેજોલેશ્યાની પીડાથી ગોશાળો એટલો બધો પરેશાન થઈ ગયો કે સામે જવાબ આપવાની પણ તાકાત ન રહી.

ભાગ્યો ગોશાળો...

પણ એ ભાગી ન શક્યો...

પીડાના કારણે જમીન પર પડી ગયો...

ચીસ તો ન પાડી, પરંતુ એના મુખની રેખાઓ જ એના અંદરની તીવ્ર પીડાને દર્શાવી રહી હતી.

દીનતા, અસહાયતા, અસહિષ્ણુતા બધું જ મોઢા પર દેખાતું હતું.

ગૌતમસ્વામી વગેરે હજારો સાધુઓએ આ આખી ઘટના નજરોનજર જોઈ. હવે પ્રભુની આજ્ઞા પાળવાનો અવસર વીતી ગયો હતો, ગોશાળો શકિતહીન બની ચૂક્યો હતો... ગૌતમસ્વામી વગેરે મુનિઓ તરત જ ત્યાં ધસી આવ્યા.

બિચારો જમીન પર માછલીની જેમ તરફડે છે ગોશાળો...

પણ ગૌતમસ્વામીએ દયા ન ખાધી...

કોઈએ દયા ન કરી...

દીક્ષા લીધા બાદ ગૌતમસ્વામી પ્રાયઃ પ્રથમ વાર અને અંતિમ વાર કોપાયમાન થયા. પ્રભુ પ્રત્યેનો અવિચલ અવિરત પ્રેમ બોલી ઉઠ્યો.

'બે મહામુનિઓના હત્યારા!

ગુરુજી ઘોર આશાતના કરનારા મહાપાપી!

હજારો ભોળા લોકોને ઠગનારા મહામૃષાવાદી!

તારા ઘોર અપરાધોનું આ નાનકડું ફળ છે...

જેઓ પોતાના ગુરૂની સાથે પ્રતિકૂળ વર્તન કરે છે. એમની બધાની તારા જેવી જ હાલત થાય છે. તે આટલો બકવાસ

કર્યો. બે મુનિઓને સળગાવી નાંખ્યા છતાં પ્રભુએ કૃપા કરી, તારી ઉપેક્ષા કરી.. પણ હવે તો તું જાતે જ મરજે. આમ તો તું વૈશિકાયન સંન્યાસીની તેજોલેશ્યા દ્વારા ક્યારનોય મરી ગયો હોત, જો એ વખતે પ્રભુએ તને શીતલેશ્યા દ્વારા બચાવ્યો ન હોત...

બાકી તો તેં જે અપરાધ કર્યો છે, પ્રભુને સળગાવી નાંખવાનો જે અધમાધમ પ્રયત્ન કર્યો છે, એ તો તને અનંતવાર નારકીમાં ભ્રમણ કરાવશે.

તારું તો મોં જોવું ય પાપ છે.

તારું નામ લેવું ય અપરાધ છે.'

હંમેશા સ્મિત ફેલાવનારા ગૌતમસ્વામીનો આ પ્રકોપ સાધુઓએ પણ પ્રથમ વાર જોયો.

બીજા બધા જ સાધુઓએ ગોશાળાનો તિરસ્કાર કર્યો...

તીવ્ર પીડાના કારણે ગોશાળાના શ્વાસોચ્છ્વાસ વધી ગયા. ગોશાળો પોતે જ પોતાના શરીરની રૂંવાટીને ઉખેડવા લાગ્યો. મોઢાની દાઢી ખેંચવા લાગ્યો. જોર જોરથી પગ પછાડવા માંડ્યો... 'મરી ગયો મરી ગયો' એમ ચીસો પાડવા લાગ્યો.

ગોશાળો માંડ માંડ ઊભો થયો. અથડાતો-કુટાતો-પછાડાતો ઊભો થઇ માંડ માંડ ત્યાંથી ભાગ્યો... પોતાની પરમ ભકતા હાલાહલા કુંભારણની જે માટલાઓની દુકાન હતી, ત્યાં પહોંચી ગયો.

ગૌતમસ્વામી વગેરે હજારો સાધુઓને હવે જીવમાં જીવ આવ્યો. આવું ભયાનક દશ્ય એમણે તો કદી વિચાર્યું પણ ન હતું.

બધા સાધુઓ પ્રભુ પાસે પહોંચી ગયા, 'પ્રભુ! આપને કંઈ પીડા તો નથી ને, પ્રભુ આપ શાતામાં તો છો ને?' સૌએ પ્રભુને ચિંતાતુર શબ્દો સાથે શાતા પૂછી.

પ્રભુની સ્વસ્થતા-પ્રસન્નતા જોઈ સૌને ટાઢક વળી...

'પ્રભુ! આ ગોશાળાએ જે તેજોલેશ્યા છોડેલી, એની તાકાત કેટલી? એ ધારે તો કેટલાઓને પોતાની તેજોલેશ્યાથી બાળી શકે?' મુનિઓએ જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછ્યો.

'શિષ્યો! મહાસંહારક હતી આ તેજોલશ્યા! વત્સ, મગધ, ચંપા વગેરે વગેરે કુલ ૧૬ દેશોને, એમાં રહેનારા તમામ લોકોને સળગાવી રાખ કરી નાંખવામાં સમર્થ આ તેજોલેશ્યા હતી. છોડનારો જે રીતે સંકલ્પ કરે, એ રીતે તેજોલેશ્યા કામ કરે...'

'પણ પ્રભુ! આપને તો કંઈ જ ન થયું...'

'તીર્થંકરને આ તેજોલેશ્યા મારી ન શકે, પણ હેરાનગતિ ઉત્પન્ન કરી શકે...'

'પણ આપને તો કંઈપણ દુઃખ થયું જ નથી ને.'

'અંદર મને પિત્તજ્વર ચાલુ થઈ ગયો છે, એના કારણે મને છ મહિના સુધી લોહીના ઝાડા થશે...' (મોશનમાં બ્લડ જ પડે...)

‘પ્રભુ! આપ તો પ્રચંડપુણ્યના સ્વામી છો, તીર્થંકર છો, શું આપને પણ આવા દુઃખો આવે?’

‘હા! આમ તો કેવલજ્ઞાન બાદ કે પહેલાં તીર્થંકરોને દુઃખ ન આવે, કેમ કે તેઓ પ્રચંડપુણ્યના માલિક હોય છે, પણ અનંતકાળમાં એકાદ વાર આવું બને.

મારા જીવના નિકાચિત અશાતા કર્મો ખતમ થયા નથી. એટલે મારે એ ભોગવવા માટે આ દુઃખો સહન કરવા પડશે...’

બધાને પ્રભુના જવાબો સાંભળીને આશ્ચર્ય, આઘાત, ખુશી વગેરે અનેક મિશ્ર ભાવોનો અનુભવ થયો.

જમીન પર પડી ગયેલા, કણસતા, તડપતા, પીડાતા ગોશાળાને જ્યારે પોતાના શિષ્યો ખખડાવતા હતા, દુઃખીને વધુ દુઃખી કરી રહ્યા હતા, પડ્યાને પાટુ મારતા હતા... ત્યારે પ્રભુએ એમને શા માટે ન અટકાવ્યા ?

ક્યાં ગઈ હતી એ વખતે પ્રભુની કરૂણા?

આવા પ્રશ્નો મનમાં ઉઠે ને.

પણ જવાબ સ્પષ્ટ છે, આ જ હતી પ્રભુની કરૂણા...

મા ક્યારેક દીકરાને સુધારવા માટે થપ્પડ પણ મારે, એ થપ્પડ પણ માની તો દીકરા તરફની કરૂણા જ છે.

એમ પ્રભુને ખબર હતી કે *‘ગોશાળાને સાધુઓ ઠપકારે, તિરસ્કારે એ જ એના આત્માનું હિત કરનાર બનશે.’* માટે પ્રભુએ શિષ્યોને ન રોક્યા.

પ્રભુએ શિષ્યો આગળ ગોશાળાની લેશ પણ નિંદા ન કરી, એમને તેજોલેશ્યાની શકિતનો પ્રભાવ જ બતાવ્યો.

(આજે આપણે અણુબોમ્બની શકિત જાણીએ છીએ કે એક જ અણુબોમ્બ આખા અમદાવાદ, આખા મુંબઈ, આખા ચેન્નઈને ખલાસ કરી શકે...

ગોશાળાની તેજોલેશ્યાની શક્તિ એના કરતાં ય ભયંકર જણાય છે.

જો આજના જમાનામાં અણુબોમ્બની સંહારકશક્તિ આપણે જાણી ન હોત, જોઈ ન હોત તો ગોશાળાની આ શક્તિ માટે આપણને શંકા ઉત્પન્ન થાત...

*‘આવું કંઈ હોતું હશે.’* એમ વિચાર થાત, પણ જાપાનમાં થયેલા અણુબોમ્બ વિસ્ફોટની ભયાનક અસરો જાણ્યા બાદ, આ શંકાને સ્થાન નહિ રહે ને...)

સાધુઓને ખ્યાલ આવી ગયો કે ‘મહાપાપી ગોશાળો સાતમા દિવસે મરી જવાનો છે,’ પણ એક મહાન ચમત્કારનું સર્જન થવાનું છે, એ સાધુઓને ખબર ન હતી અને પ્રભુએ અત્યારે કહ્યું પણ નહિ.

❋❋❋

'હાલાહલા! આખું શરીર બળે છે.' ગોશાળો બોલ્યો, પીડા વધતી જતી હતી.

'આવું કેમ થયું ભગવન!' ભક્તાણીએ માનેલા ભગવાનને પ્રેમથી પૂછ્યું.

'એ તો તેજોલેશ્યાનો પ્રયોગ કરીએ ત્યારે આવું બધું થઈ શકે છે. તું એક કામ કર, મને શરાબ આપ, શરાબ પીવાથી જ આ પીડા શાંત થશે...' ગોશાળાએ ઉપાય બતાવ્યો.

હાલાહલાને વિચિત્ર તો લાગ્યું, પણ પ્રભુ જે કહે તે સાચું... એમ સમજી એણે તો પ્રભુને શરાબ પીવા માટે આપી દીધી.

ગોશાળાએ દારૂ પીધો, પણ એનો ચડ્યો નશો... ક્યારેય દારૂ ન પીધો હોય એટલે એની અસર પણ જલ્દી થાય... એટલે ગોશાળો નાચવા લાગ્યો, કૂદવા લાગ્યો, એકદમ વિચિત્ર વર્તન કરવા લાગ્યો, હાલાહલાને પ્રણામ કરે છે, હાથ જોડે છે, મસ્તક જુકાવે છે. માટીના વાસણો બનાવવા માટે ત્યાં ભીની માટીનો ગારો તૈયાર કરી રાખેલો હતો. નશામાં ચકચૂર ગોશાળાએ પોતાના શરીર પર એ માટી ચોપડી દીધી. ઘરની જે ખુલ્લી નીક હતી, જેમાંથી વાસણ ધોવાનું, કપડાં ધોવાનું, સ્નાનનું, મૂત્રનું પાણી પસાર થતું એમાં જ એ ગોશાળો આળોટવા માંડ્યો, વારંવાર એ પાણી પીવા માંડ્યો. દાહની પીડાની અસર પણ એમાં ભેગી હતી જ... ગમે તેમ બકવાસ કરવા લાગ્યો.

હાલાહલા અને ગોશાળાના શિષ્યો પોતાના માનેલા ભગવાનની આ હાલત જોઈને ત્રાસ પામ્યા. એમને શંકા તો પડી જ કે *'ભગવાન હવે કદાચ લાંબો કાળ નહિ જીવે.'* પણ વ્યક્તિરાગ, સ્વમતરાગ આ દોષના કારણે તેઓને હજી પણ ગોશાળાની ભયાનક ભૂલો દેખાતી નથી.

નશામાં આવીને ગોશાળો જેમ તેમ બોલે છે. ગાળો ય બોલે છે. ગંદા વચનો ય બોલે છે. 'પેલો વીર મરી જવાનો, મરી જવાનો...' એ મનમાં ઘુંટેલું મોઢે આવે છે એને!

બિચારા શિષ્યો!

આખો દિવસ એની સેવા કરતા રહ્યાં.

હૃદયમાં ભારે શોક છે. *'શું થયું અમારા ભગવાનને? શું થશે હવે?'*

બીજા દિવસની સવાર થઈ. ત્યાં તો એક ગૃહસ્થ હાલાહલાને ત્યાં આવી ચડ્યો. એનું નામ હતું **'અચંપુલ!'** એ ગોશાળાનો ભક્ત હતો. ગોશાળાનો અનુયાયી હતો...

આ ભક્તો ગોશાળાના મત પ્રમાણે અભ્યાસ, સાધના કરતા. અચંપુલે પૂર્વની રાત્રે ધર્મચિંતન કરેલું, એ માટે જાગરણ કરેલું, એમાં એને એક પ્રશ્ન ઊભો થયેલો કે 'તૃણગોપાલિકાનો (એક પ્રકારની વનસ્પતિનો) આકાર શું હોય છે?'

એને એનો જવાબ ખ્યાલ ન આવ્યો.

એટલે એણે વિચાર કરેલો કે *'મારા પ્રભુ ગોશાલાજી તો સર્વજ્ઞ છે, એ હાલાહલાને ત્યાં જ છે. તો વહેલી સવારે ત્યાં જઈને પ્રભુને પૂછીશ.'* એટલે જ એ વહેલી સવારે આવી ચડેલો.

પણ, એણે ગોશાળાને જોયો, એની હાલત જોઈ. એક જ દિવસમાં સિંહ બકરી બની ગયેલો દેખાયો, બાજપક્ષી કબૂતર-ચકલી બની ગયેલું દેખાયું...

મોઢા પર પીડાના ભાવ, દીનતાના ભાવ...

દારૂના નશાની અસર.

બકવાસ ભરેલા શબ્દો...

પાગલની માફક નૃત્ય!

શરીર પર માટીનો લેપ!

ગટરના ગંદા પાણીમાં આળોટવું....

એ જ પાણી પીવું...

અરેરે!

અચંપુલ ગભરાઈ ગયો, અકળાઈ ગયો... એ ત્યાંથી જ પાછો ફર્યો.

પણ ત્યાં સુધીમાં તો ગોશાળાના વડીલ શિષ્યોએ એને જોઈ લીધો, ઓળખી લીધો. તેમણે તરત જ અચંપુલને અટકાવ્યો. એમને ડર હતો કે અચંપુલ બહાર જઈને બધું બોલી દેશે, તો આપણી અને પ્રભુ ગોશાળાની ઈજ્જત જશે. બધું જાહેર થઈ જશે...

કેવો છે આ અહંકાર! દૃષ્ટિરાગ!

સાચી વાતને છુપાવવા માટે કેવા માયા-પ્રપંચ!

પોતાનું ખરાબ ન દેખાય, એ માટે પોતે સાવ ખોટા હોવા છતાં, ખરાબ હોવા છતાં પોતાને સાચા-સારા દેખાડવા માટે કેવું આ નાટક!

આપણે તો ક્યારેય આવા નથી બનવું...

ગોશાળાના વડીલ શિષ્યોને એ ડર હતો જ કે 'ગોશાળો જૂઠો સાબિત થશે, તો આપણે બધા એમના શિષ્યો પણ જૂઠા સાબિત થશું. આપણે આપણો મત છોડવો પડશે... પ્રભુવીરના શરણે જવું પડશે. આપણે લોકોમાં મુરખ સાબિત થશું કે 'આ બધા મહાજ્ઞાની કહેવાય છે, તો અત્યાર સુધી આ મહાન અસત્યને કેમ સમજી ન શક્યા?' એટલે હવે તો આ ઝૂકવાની વાત શક્ય જ નથી.'

આ હતો દૃષ્ટિરાગ! અહંકાર!

'અચંપુલ! અહીં આવ, તને રાત્રે પ્રશ્ન થયેલો ને કે તૃણગોપાલિકાનો આકાર શું હોય છે? તો એનો જવાબ તો પ્રભુ પાસેથી લઈ લે.' ગોશાલાના શિષ્યોએ કહ્યું.

તેઓ પણ ગોશાળા પાસેથી નિમિત્તશાસ્ત્રોના જ્ઞાનને આધારે આવું બધું જાણવાનું સામર્થ્ય ધરાવતા હતા, એટલે જ તેઓએ અચંપુલનો વિચાર જાણી લીધો, અને એનો જ વિચાર કહી પણ દીધો.

અચંપુલ આશ્ચર્યચકિત બન્યો. *'આ બધા તો સર્વજ્ઞ છે, મારા મનનો વિચાર પણ જાણી લીધો. તો મારા પ્રભુ ગોશાળા તો અવશ્ય સર્વજ્ઞ જ છે.'*

એનો ભક્તિભાવ પાછો ઉભરાયો.

'હા જી! મને આ જ શંકા થઈ હતી. આપ લોકોને ધન્ય છે કે આપે મારા મનની વાત જાણી લીધી... હવે મને એક જ શંકા છે કે મારા પ્રભુ આજે આવું વિચિત્ર વર્તન કેમ કરે છે? નાચે છે, ગાય છે, ગમે તેમ બોલે છે... કેમ આવું?' અચંપુલે જિજ્ઞાસા પ્રગટ કરી.

મહાપાપી ગોશાળાના શિષ્યોએ તત્કાલ જ નવું જૂઠાણું ઊભું કરી દીધું.

'એ તો એવું છે ને કે ગોશાળા ભગવાન હવે નિર્વાણ = મોક્ષ પામવાના છે. અને જ્યારે મોક્ષ નજીકમાં હોય, ત્યારે આત્મા મોક્ષના આનંદમાં નાચે, ગાય...

એટલે પ્રભુનું નાચગાન તો એમના મોક્ષની નિશાની છે.

આપણે બધાએ તો ખુશ થવાનું છે કે 'આપણા પ્રભુની સાધના પૂરી થઈ. એ મોક્ષમા જશે.' ચાલ, તારો પ્રશ્ન સર્વજ્ઞ પ્રભુ ગોશાળાને પૂછી લે અને જવાબ મેળવી લે. આ જ ચોવીસમા તીર્થંકર છે.'

**'બાપ એવા બેટા, વડ એવા ટેટા...'**

તો એના શિષ્યો પણ એવા જ પાક્યા.

'પ્રભુવીરને તેજોલેશ્યાથી કંઈ જ ન થયું અને ગોશાળાનું મોત નજીક આવ્યું...' આવું નજરોનજર જોયું છે. હવે તો સ્પષ્ટ જ છે કે પ્રભુવીર જ સાચા છે, સર્વજ્ઞ છે, ચોવીસમા તીર્થંકર છે... પણ તોય કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી... ન જ સુધર્યા, ગોશાળાના શિષ્યો!

અચંપુલને બહાર ઊભો રાખી શિષ્યો અંદર ગયા. ગોશાળો હજી નશામાં તો હતો જ, ભાન ઓછું હતું, છતાં ચતુર શિષ્યોએ એમને બરાબર સમજાવી દીધા કે 'અચંપુલ આવ્યો છે. એનો આ એક પ્રશ્ન છે. એનો બરાબર જવાબ આપી દો, પછી એને તરત જ વિદાય આપી દેશું. પણ એને સંતોષ આપવો પડશે, નહિ તો એ બધે ઉંધો જ પ્રચાર કરશે...'

નશાની હાલતમાં ય ગોશાળો પરિસ્થિતિની ગંભીરતા સમજ્યો, એ જવાબ આપવા માટે મજબૂત બની ગયો. નશાની અસરને મહામુશ્કેલીથી દબાવી દીધી...

શિષ્યોએ દારૂ પીવાનાં વાસણો ફટાફટ ત્યાંથી દૂર કરી દીધા. આખી જગ્યા સ્વચ્છ કરી. ત્યાં પ્રભુનું આસન બિછાવ્યું અને ભગવાન ગોશાળાને ત્યાં બેસાડ્યા અને પછી અચંપુલને ગોશાળા પાસે લઈ ગયા.

અચંપુલે ગોશાળાને વંદન કર્યા...

'અચંપુલ ! નશેબાજ જેમ લથડતી જીભે બોલે, એમ કંઈક લથડતી ભાષામાં ગોશાળો બોલે છે. 'તને જિજ્ઞાસા છે કે

તૃણગોપાલિકાનો આકાર કેવો હોય છે? તો સાંભળ. એનો આકાર વાંસના ઝાડના મૂળ જેવો હોય છે.'

અચંપુલ ખુશ થઈ ગયો.

લુચ્ચાઓ ભોળાઓને જલ્દી ખુશ કરી શકે છે.

ભારતના રાજકારણીઓ ભારતની પ્રજાને ભાષણો દ્વારા જલ્દી ખુશ કરી દે છે.

એ ખુશ થઈને પોતાના ઘરે જતો રહ્યો.

*'હાશ! એક વાત ટળી... હવે વાંધો નહિ આવે.'* ગોશાળાના શિષ્યોએ મનમાં ને મનમાં હર્ષ અનુભવ્યો.

અમુક સમય પસાર થયો, દારૂનો નશો સંપૂર્ણ ઉતરી ગયો. ગોશાળો એકદમ સભાન અવસ્થાને પામ્યો. એને ખ્યાલ આવી ગયો કે *'મારું મોત નજીકમાં જ છે. કેમ કે વીરે પણ કહ્યું છે, અને મને મારા નિમિત્તજ્ઞાનથી પણ જણાય છે. બસ, માત્ર સાત જ દિન મારા બાકી છે...'*

ગોશાળાએ પોતાના તમામ શિષ્યોને ભેગા કર્યા અને આજ્ઞા કરી...

'મારી આજ્ઞા ધ્યાનથી સાંભળજો અને પાલન કરજો...

૧. મારા મૃત્યુ બાદ મારા શરીરને સુગંધી પાણીથી નવડાવજો.
૨. ચંદન વગેરેના ઉત્તમ વિલેપનોથી મારા શરીરને લેપ કરજો.
૩. ઉત્કૃષ્ટ વસ્ત્રો એને ઓઢાડજો.
૪. દિવ્ય આભૂષણો એ શરીરને પહેરાવજો...
૫. એક હજાર લોકો જે શિબિકાને ઉંચકીને ચાલે, એવી વિરાટ શિબિકા (પાલખી) તૈયાર કરાવજો. એમાં મારા શરીરને બેસાડજો અને મહોત્સવ સાથે મારી અંતિમયાત્રા નીકાળજો..
૬. અંતિમયાત્રામાં જોર જોરથી ઘોષણા કરજો... કે

'આ અવસર્પિણીમાં આ ગોશાળાજી ચોવીસમા તીર્થંકર ભગવાન થયા, અને એ મોક્ષ પામ્યા છે.' આખા નગરમાં આ જાહેરાત કરજો.

તમામ શિષ્યોએ સહર્ષ ગોશાળાની આજ્ઞા વધાવી લીધી.

કેવું છે ને?

પાંચમો આરો હજી ચાલુ થયો ન હતો. પણ એની ભયાનક અસર ચાલુ થઈ ચૂકી હતી.

સૂર્યોદય છ વાગ્યે હોય, તો સાડાપાંચ વાગ્યે પ્રકાશ થઈ જાય, સૂર્યોદયની અસર ચાલુ થઈ જાય... એમ પાંચમો આરો ભલે ચાલુ થયો ન હતો, પરંતુ ૧૬ વર્ષ અને ૮૯ પખવાડિયા જ બાકી હતા એ પાંચમો આરો ચાલુ થવાને... (એટલે કે ૧૯ વર્ષ + ૮ માસ + ૧ પક્ષ)

ગોશાળાના પક્ષમાં ૧૦૦ % અસત્ય જ છે, જૂઠ જ છે, માયા જ છે.

અને એ બધું એકદમ ખુલ્લું ખુલ્લું દેખાય છે.

એ સમજવા માટે, લાંબી બુદ્ધિ દોડાવવાની પણ જરૂર નથી.

ગોશાળાના શિષ્યો વિચારી શકત કે...

'૧. આપણા ગુરુ તો કહેતા હતા કે મારી તેજોલેશ્યાથી વીર સળગી મરશે, પણ એમને તો કંઈ જ ન થયું...

૨. અહીં તો આપણા ગુરુ જ મોતના કિનારે આવીને બેઠા છે... તો આપણા ગુરુ સર્વજ્ઞ ક્યાં છે?

૩. ગૌતમસ્વામી વગેરેએ આપણા ગુરુજી સખત ખખડાવ્યા, ત્યારે એમની શક્તિ ક્યાં ચાલી ગઈ હતી? એ જમીન પર કેમ પડી ગયા હતા ?

પણ નાના કે મોટા, એક પણ શિષ્યે આ વિચારો ન કર્યા.

ભરવાડ ખાડામાં પડે, એની પાછળ ઘેટા-બકરાનું ટોળું પણ ખાડામાં પડે... એક પણ ઘેટું-બકરું એ ન વિચારે કે *'મારો માલિક ભરવાડ તો ખાડામાં પડ્યો છે, બિચારાને વાગ્યું છે, હવે આપણે એની પાછળ ખાડામાં પડવાની જરૂર નથી...'*

આવી જ હાલત થઈ અહીં...

ગોશાળો કદાગ્રહરૂપી ખાડામાં પડ્યો,

એના તમામ શિષ્યો પણ કદાગ્રહ રૂપી ખાડામાં પડ્યા.

જ્યાં અંધરાગ હોય, ત્યાં દોષો પણ ગુણ દેખાય.

જ્યાં અંધદ્વેષ હોય, ત્યાં ગુણો પણ દોષ દેખાય.

★ ગોશાળાએ પોતાના મૃતદેહનો જોરદાર સત્કાર કરવાની વાત કરી, પોતાને ચોવીસમા તીર્થંકર જાહેર કરવાની વાત કરી... એ બધાથી ખ્યાલ આવી જ જાય છે કે ગોશાળામાં ''યશકીર્તિની લાલસા' નામનો બહુ મોટો દોષ પડેલો છે.

છતાં અંધરાગી શિષ્યો માને છે કે *'અમારા ગુરુજી ધર્મરાગ કેવો અદ્ભુત! પોતાના મર્યા પછી પણ પોતાના મૃતદેહના માધ્યમે ધર્મની પ્રભાવના થાય. એ માટે મહોત્સવાદિ કરવાનું જણાવે છે. અમને બધાને ગુરુવિનય-ગુરુસેવા શીખવાડે છે...'*

★ ગોશાળો જમીન પર પડી ગયો, ગૌતમસ્વામી વગેરેએ એને ખખડાવ્યો, એ બધામાં ગોશાળાનો દોષ દેખાતો જ હતો કે ''એ શક્તિહીન બની ગયો છે. એનું પાપ વકર્યું છે, એના પાપનો ઘડો ફૂટી ગયો છે.'

પણ શિષ્યો એ દોષને ગુણ માને છે. *'અમારા ગુરુ કેવા ક્ષમાશીલ! પેલા સાધુઓ ગમે તેમ બોલ્યા, તો પણ ગુરુએ કોઈને કંઈ જવાબ જ ન આપ્યો...'*

અંધ માણસો સારા, જે કશું દેખતા જ નથી.

અંધરાગીઓ ઘણા ખરાબ, જેઓ ઉંધું જ દેખે છે.

આજે ગચ્છો ગચ્છો વચ્ચે ઝઘડાઓ તો થાય છે, પણ કોઈ ગચ્છના સાધુએ બીજા ગચ્છના સાધુને જાહેરમાં મારી નાંખ્યો... એવું તો ક્યારેય બન્યું નથી.

આ તો પ્રભુવીરની જ સાક્ષાત્ હાજરીમાં.

કરોડો દેવોની હાજરીમાં.

જાતને તીર્થંકર તરીકે ઓળખાવતા ગોશાળાએ બે બે સાધુના ખૂન કર્યા...

ખબર નથી પડતી કે કોણ વધારે ખરાબ?

શિષ્યોએ ભગવાન ગોશાળાની વાતનો સહર્ષ સ્વીકાર કરી લીધો, અને મોટા મહોત્સવની તૈયારી કરવામાં લાગી ગયા.

❀ ❀ ❀

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ...

દિવસો પસાર થતા જાય છે...

ગોશાળાનું શરીર વધુ ને વધુ કરમાતું જાય છે...

ગોશાળાને હવે ભાન તો છે, પણ બહારની બધી પ્રવૃત્તિ લગભગ બંધ થઈ ગઈ છે. એકલો બેઠો ગોશાળો સમય વિતાવે છે...

એની નજર સામે હવે ભૂતકાળના એક એક પ્રસંગો યાદ આવે છે...

'પ્રભુ સાથે ૨૩-૨૪ વર્ષ પહેલાં પ્રથમ વાર મારી મુલાકાત થઈ હતી. ત્યારે તો દુનિયામાં મારી કાણી કોડીની પણ કિંમત ન હતી. પેટ ભરવા શું કરવું?' એ ચિંતા મને સતાવતી હતી, માટે જ તો હું જોડાયો પ્રભુ સાથે... મેં પ્રભુને અપનાવ્યા, પણ પ્રભુએ મને હા કે ના કંઈ જ ન કહ્યું. છતાં પ્રભુએ મારી કાળજી લીધી છે. અરે, એમના નિમિત્તે મને ભોજન મળતું, રહેવાની જગ્યા મળતી.

એમનો પ્રભાવ પણ મને ક્યાં નથી ખબર? મેં એમનું નામ લઈને 'તે તે ઘરો સળગી જાઓ' એવા શબ્દો બોલ્યા, તો આસપાસના દેવોએ એ ઘરો સળગાવી નાખ્યા.

પ્રભુના નામે, પ્રભાવે મેં આવા નીચ કાર્યો પણ કર્યા.

અરે, પેલો સંન્યાસી!

મેં એની હદ બહાર મશ્કરી કરી. એ શાંત પાણીમાં ક્રોધની આગ મેં પ્રગટાવી. એણે મારા ઉપર આગ છોડી, તેજોલેશ્યા છોડી... એ વખતે હું કેટલો

બધો ગભરાઈ ગયેલો બાળક મા પાસે દોડે, એમ હું પ્રભુ પાસે દોડેલો, પ્રભુના ચરણોને વળગી પડેલો...

પ્રભુએ મારા પર કરૂણા કરી, શીતલેશ્યા છોડીને આવતી આગને ઠારી દીધી, મને બચાવી લીધો.

જો પ્રભુએ મને ન બચાવ્યો હોત, તો?

આજે હું જીવતો ન હોત, ૨૦-૨૨ વર્ષ પહેલાં જ મરી ગયો હોત, સળગી ગયો હોત.

આજ સુધી હું જીવ્યો, એ કોનો પ્રતાપ? પ્રભુનો!

મને જીવનદાન આપનાર કોણ? પ્રભુ!

અરે, મને આ સર્વસંહારક તેજોલેશ્યા આપનાર પણ કોણ? પ્રભુ!

લોકો આજે મને નમે છે, માને છે. એનું કારણ કોણ? પ્રભુ!

મારા હજારો શિષ્યો અને ભક્તો બન્યા, એનું કારણ? પ્રભુ!

જે મારું સર્વસ્વ છે, એને જ મેં ધુત્કાર્યા, ધિક્કાર્યા...

૧૧ ગણધરો કરતાં પણ હું પહેલો હતો, પ્રથમ શિષ્ય હતો..

પણ મારી અવળચંડાઈ! મારી અધમતા!

મને ખબર જ છે કે

★ હું માત્ર અષ્ટાંગ નિમિત્તનો જ્ઞાની છું, સર્વજ્ઞ નથી, સર્વજ્ઞ તો પ્રભુ જ છે.

છતાં મેં મૃષાવાદ સેવ્યો. લાખો લોકોને ઠગ્યા.

★ પ્રભુએ જ્યારે સત્ય હકીકત જાહેર કરી, ત્યારે મેં કેમ ન સ્વીકારી? એક માત્ર અહંકારના પાપે! મારે હવે જુઠ્ઠા સાબિત થવું ન હતું. મારે મારા શિષ્યોને-ભક્તોને ખોવા ન હતા.

કેવું મેલું છે મારું મન!

અરે, આટલાથી અટક્યો હોત તો ય ઠીક...

પણ હું લડવા ગયો મારા જીવનદાતા સામે...

સળગાવી નાંખ્યા મારા જીવનદાતાના બે ઉત્તમ શિષ્યોને...

નિર્દોષ હતા એ, પ્રભુપ્રેમી હતા એ, સત્યવક્તા હતા એ, મહાવ્રતધારી હતા એ...

મેં હલકટે કોને માર્યા? કેમ માર્યા? શું જરૂર હતી એમને રાખ કરવાની...'

ગોશાળો વિચારતો જાય છે અને એને જ ખ્યાલ ન રહ્યો કે ક્યારે એની આંખોમાંથી આંસુ ટપકવા માંડ્યા. આંસુ લુંછવાનું પણ ભાન ન રહ્યું ગોશાળાને ! ગાલ ભીના ભીના થયા, ખોળામાં ય સરી પડ્યા આંસુ...

હિમાલયપર્વત ઉપરથી નીચે ગંગાનદી વહે છે, લોકો એમાં સ્નાન કરીને પવિત્ર થાય છે... *‘આત્મા પવિત્ર થયો’* એમ મિથ્યા માન્યતામાં રાચે છે.

પણ, ગોશાળાની બંને આંખો આજે હિમાલયપર્વત બની હતી.

વરસતા આંસુઓ આજે ગંગાનદી બન્યા હતા,

ગોશાળાનો આત્મા આજે પવિત્ર બની રહ્યો હતો.

વિચારધારા આગળ વધી...

‘એ બે મુનિને સળગાવી દીધા બાદ પણ પાછો વળી ગયો હોત, તો? પણ હું પાગલ બન્યો. અધમાધમ બન્યો. જીવનદાતાના જીવનને છીનવી લેવા માટે છોડી દીધી ભયાનક આગ એ ગુરુ તરફ! મારા ગુરુ તરફ! મારા પ્રભુ તરફ!

કેવો હદ બહાર ખુશ હતો હું એ વખતે...

પ્રભુને રાખ રૂપે જોવાની કેવી તીવ્ર તમન્ના હતી મારી...

આગ જતી હતી પ્રભુની પાસે અને મારો અધમ જીવડો ખુશ થઈ રહ્યો હતો.

વાહ! વાહ! વાહ! બસ, પળ, બે પળ અને મારો દુશ્મન ખતમ...

અરેરે, ઓ બાપ રે! :

ચીસ પાડી ઉઠ્યો ગોશાળો...

બે હાથોથી શરમના માર્યા મોઢું ઢાંકી દીધું ગોશાળાએ...

બીજું કોઈ તો એને જોતું ન હતું, પણ પોતે જ પોતાને પોતાનાથી છુપાવવાની ચેષ્ટા કરવા માંડ્યો ગોશાળો!

હીબકા ભરી ભરીને રડવા માંડ્યો ગોશાળો...

‘ત્રણ ત્રણ વાર પ્રભુએ મને કેટલા પ્રેમથી સમજાવ્યો કે ‘‘ગોશાળા! તું મારો જ શિષ્ય છે, મેં જ તને દીક્ષા-શિક્ષા આપી છે, તું શા માટે અસત્ય બોલે છે?’

માતા બનીને મને પ્રેમ આપ્યો પ્રભુએ...

કેટલી બધી મીઠાશ હતી એ શબ્દોમાં...

લોકોત્તર માતાનો પ્રેમ ધબકતો હતો એ શબ્દોમાં...

છતાં મેં આટલું ઘોર પાપ કેમ કર્યું?

પ્રભુ તો પોતાના પુણ્ય પ્રભાવે બચી ગયા. પણ ભાવથી તો મેં તીર્થંકરની હત્યા કરી જ નાંખી છે. અને ખરેખર તો ભાવહત્યા એ જ સાચી હત્યા છે.’

હૃદય ભરાઈ ગયું.

શબ્દ પણ બોલવો ભારે થઈ પડે, એટલી હદે ગળું રુંધાઈ ગયું.

શ્વાસ લેવામાં ય બળ પડવા માંડ્યું ગોશાળાને...

‘ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો.’ એના રોમ રોમમાંથી અવાજ નીકળવા

માંડ્યો.

'ઓ અરિહંત! મિચ્છા મિ દુક્કડં'નો અંતર જપ શરૂ થઈ ગયો...

હાશ! જાગ્યો આજે ગોશાળાનો આત્મા...

સૂર્યોદય થયો ગોશાળાના અંધકારભર્યા આત્મામાં...

અનાદિકાળનું ગાઢ મિથ્યાત્વ આજે ઓગળવા માંડ્યું...

અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, અંતકરણના વિશુદ્ધ અધ્યવસાયોની ધારા પર ચડી ગયો એ ગોશાળો!

પ્રગટ થયું સમ્યગ્દર્શન!

Fix થઈ ગયું કે 'હવે અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળથી વધારે સંસાર તો આ ગોશાળાનો નહિ જ હોય. એનાથી વધારાનો અનંત અનંત સંભવિત સંસાર કપાઈ ગયો...'

આખરે,

પ્રભુની ત્રણ ત્રણ વારની પ્રેરણાઓ મોડે મોડે પણ કામમાં આવી.

ગૌતમસ્વામીજી વગેરેના ઠપકાઓ મોડે મોડે પણ કામમાં આવ્યા.

પ્રભુની મીઠી કરૂણા મોડે મોડે પણ કામમાં આવી.

કોઈ ભક્તો કલ્પના કરે છે કે 'જ્યારે તેજોલેશ્યાએ પ્રભુને પ્રદક્ષિણા આપી હતી, એ વખતે એ તેજોલેશ્યામાં પ્રભુની પરમશુક્લ લેશ્યાના પુદ્ગલોનો પ્રવેશ થઈ ચૂક્યાં હતાં. એ જ પવિત્ર ઉર્જાવાળી તેજોલેશ્યા ગોશાળામાં પ્રવેશી...'

તેજોલેશ્યાએ ગોશાળાના પાપ પરિણામોને બાળ્યા...

આ કલ્પના પણ પ્રસન્નતાદાયક છે, ભક્તિ જન્માવનારી છે.

ગોશાળાને ગૌતમસ્વામી પણ યાદ આવ્યા...

'મારી અને એમની રાશિ એક, એ ગૌતમસ્વામી અને હું ગોશાળો...

મારા અને એમના ગુરુ એક, પ્રભુ વીર...

છતાં ક્યાં એ? અને ક્યાં હું?

સારું થયું કે ધરતી પર પીડાથી કણસતા પડેલા મને એમણે ઠપકો આપ્યો. હું એના માટે જ લાયક હતો.

સાતમા દિવસે-મૃત્યુના દિવસે જ ગોશાળો સમ્યક્ત્વ પામ્યો.

ધીરે ધીરે એના મન પરનો ભાર હળવો થયો.

પણ એક દઢ નિશ્ચયે એના મનમાં આકાર લઈ લીધો.

*'મરતાં પહેલાં મારા શિષ્યોને, ભક્તોને સાચો રસ્તો દેખાડી દઉં...'*

અને ગોશાળાએ તમામ શિષ્યોને ભેગા કર્યા.

ગોશાળાના એ અંતિમ વાક્યો

અદ્ભુત ઈતિહાસનું સર્જન કરી ગયા. ભવિષ્યના કરોડો લોકો માટે એક આદર્શ રૂપ બની ગયા.

‘‘શિષ્યો!

આજે મારી વાત ધ્યાનથી સાંભળજો.

મારી જિંદગીનો અંતિમ દિવસ છે આજે...

હું એક એક સત્ય હકીકત આજે તમને જણાવવા માંગું છું...

પ્રભુવીરે જે કહેલું, એ ૧૦૦% સાચું છે.

હું મંખલિપુત્ર છું, ગોશાળો છું, પ્રભુવીરનો જ શિષ્ય છું.

હું કેવલી નથી, હું સર્વજ્ઞ નથી.

પ્રભુએ જ મને તેજોલેશ્યા શીખવાડી હતી...

હું બે મુનિઓનો હત્યારો છું, ખૂની છું...

હું મારા પ્રાણદાતા, મારા ભગવાન, મારા પરમગુરુજીનો ભાવથી હત્યારો છું, અને હત્યાનો પ્રયત્ન કરી ચૂકેલો મહા-મહા-મહા પાપી છું.

જેમ અગ્નિ લાકડામાંથી જન્મ પામે. અને લાકડાને જ ખતમ કરે એમ મારો જન્મ આ પ્રભુવીરથી જ થયો. અને હું એમને જ મારવા માટે તૈયાર થયો.... હાય!

હું લુચ્ચો છું, મેં તમને બધાને ઠગ્યા છે, તમારા સહુનો અપરાધી છું.

મારો આજીવક મત સાચો નથી, માત્ર પ્રભુવીરનો મત જ સાચો છે.

તમે સહુ પ્રભુવીરના, મારા સાચા ગુરુજીના શિષ્યો બની જજો.

હું આજે જ મરી જવાનો છું.

મને કોઈ કેવલજ્ઞાન નથી, છદ્મસ્થ જ મરવાનો છું.

મારો દેહ તેજોલેશ્યાથી સળગી રહ્યો છે.

હવે અંતિમ વાત...

તમે મારી છેલ્લી આજ્ઞા માનશો ને?’’

ગોશાળાએ તમામ શિષ્યો સામે વેધક દૃષ્ટિ નાખી પ્રશ્ન પૂછ્યો.

કોણ ના પાડે? કોની હિંમત હતી?

‘‘સાંભળો, આજે મારું મૃત્યુ થશે, ત્યાર બાદ...

૧. મારા ડાબા પગમાં જાડું દોરડું બાંધવું અને મને શ્રાવસ્તી નગરીના રસ્તાઓ ઉપર ઘસડતો ઘસડતો લઈ જવો. મરી ગયેલા કુતરાની જેમ....

૨. તમારે ચોરે ને ચૌટે, દરેક જગ્યાએ મોટે મોટેથી લોકો સામે ઘોષણા કરવી કે ‘‘અમે જેને ગુરુ માનેલો હતો, ભગવાન-સર્વજ્ઞ માનેલો

હતો. એ હકીકતમાં કોઈ સર્વજ્ઞ નથી. એ હકીકતમાં મંખલિપુત્ર ગોશાળો જ છે.

એ દોષોનો ભંડાર છે, એ લોકોને ઠગનારો મહાઠગ છે. બે મુનિઓનો હત્યારો છે. ગુરૂની પત્ની સાથે જ વ્યાભિચાર કરનારા અધમશિષ્ય જેવો આ ગોશાળો છે. (જૈનેતરોમાં ગુરૂની પણ પત્ની હોય છે.) પ્રભુવીર જ સાચા સર્વજ્ઞ છે, એ જ સર્વજીવોનું હિત કરનારા છે. પણ આ ગોશાળાએ જ એમને ખોટે ખોટા દૂષણો દીધા છે.'

3. તમારે મારા મૃતદેહ પર થૂંકવું, મારા મોઢાં પર થૂકવું, લાતો મારવી, તિરસ્કાર કરવો.

આ ઘોષણા તમારે કરવાની છે.''

શિષ્યો સ્તબ્ધ થઈ ગયા.

''દોરડાથી પગ બાંધીને રસ્તામાં ઢસડીને લઈ જવા અમારા ગુરુજીને? આવું તો કૂતરાઓ સાથે કરવામાં આવે. અમારે અમારા ગુરુ સાથે આવો કૂતરા જેવો વ્યવહાર કરવો?

અત્યાર સુધી અમે જ અમારા ગુરુ માટે 'આ સર્વજ્ઞ છે.' એવો પ્રચાર કરતા હતા. હવે એમને સાવ હલકટ બતાવવાના?

અત્યાર સુધી અમે જ વીર માટે 'આ મૃષાવાદી છે' એવો પ્રચાર કરતા હતા, હવે એમને સર્વજ્ઞ ભગવાન બતાવવાના?

ગુરુજીના દેહ પર થૂંકવાનું? લાતો મારવાની?''

શિષ્યોના મોઢા ઉદાસ થઈ ગયા, કોઈ કંઈ ન બોલ્યું...

ગોશાળો સમજી ગયો... *'શિષ્યો નહિ માને.'*

પણ એ મજબૂત હતો, પોતાના અપરાધનું પ્રાયશ્ચિત્ત એ કોઈપણ ભોગે કરવા માંગતો હતો.

''ચાલો, તમે બધા જ હાથ જોડી પ્રતિજ્ઞા લો કે તમે બધા જ મારી અંતિમ આજ્ઞાનું પાલન કરશો.''

સૌએ હાથ જોડવા પડ્યા, પ્રતિજ્ઞા લેવી પડી.

ગોશાળાને હવે થોડી શાંતિ થઈ.

મોતની પળ નજીક આવી, ગોશાળાએ શુભભાવમાં પ્રાણ છોડ્યા, પશ્ચાત્તાપની આગમાં બળતા બળતાં પ્રાણ છોડ્યા...

શિષ્યોની મુંઝવણ વધી પડી...

★ ગુરુજીની અંતિમ આજ્ઞા પાળવી જ પડે, કેમ કે પ્રતિજ્ઞા લીધી હતી.

★ પણ એ આજ્ઞાનું પાલન અશક્ય હતું.

છેવટે વચલો રસ્તો કાઢ્યો શિષ્યોએ...

પંચમકાળના જીવો વક્ર થશે, એ વાત એમણે સાચી સાબિત કરી.

હાલાહલા કુંભારણના ઘરના દરવાજા બંધ કરી દીધા.

ઘરની અંદર જ શ્રાવસ્તી નગરી દોરી દીધી...

ગુરુજીનો ડાબો પગ દોરીથી બાંધ્યો, પછી ગુરુજીના શબને ઘસડીને ઘરમાં ફેરવી દીધો. ત્યાં જ ગુરુએ કહેલી ઘોષણા કરતા ગયા, થૂંકી પણ લીધું અને લાત પણ મારી દીધી.

મન તો ન માન્યું, પણ જેમ તેમ કરીને ગુરુજીની આજ્ઞા પૂરી કરીને સંતોષ માન્યો.

પછી શ્રાવસ્તી નગરીમાં જાહેરાત કરી કે 'સર્વજ્ઞ ભગવાન ગોશાળા મોક્ષ પામ્યા છે. એમના પરમપવિત્ર દેહનો ભારે ઠાઠમાઠ સાથે અગ્નિસંસ્કાર કરવામાં આવશે.'

દુનિયામાં તમામ પ્રકારના લોકો હોય છે.

'પ્રભુવીરને સળગાવવા જતાં ગોશાળો ખુદ પોતે જ તેજોલેશ્યાથી સળગી ગયો અને મરી ગયો માટે ગોશાળો ખોટો હશે.' આવી વાત લોકોમાં ફેલાય એ સહજ છે. તેમ છતાં ભોળા ભક્તો કે કદાગ્રહી ભક્તો ગોશાળાને ખોટો માનવા તૈયાર ન હતા.

અરે, સમજદાર શિષ્યોએ ગોશાળાના મોઢે જ બધી વાત સાંભળવા છતાં પણ પોતાનો કદાગ્રહ ન છોડ્યો. એના આદેશનું પાલન ન કર્યું, છેલ્લે એનો અતિ અદ્‌ભુત અગ્નિસંસ્કાર કર્યો, તો બિચારા અન્ય લોકોની તો શી વાત કરવી?

નીકળી અંતિમયાત્રા...

પાલખીમાં સજાવાયો ગોશાળાનો મૃતદેહ...

જોડાયા હજારો લોકો એ યાત્રામાં...

તીર્થંકર તરીકે માન આપવામાં આવ્યું શિષ્યો દ્વારા...

અને ગોશાળાનો દેહ રાખ બન્યો.

૨૫૦૦ વર્ષ પૂર્વે, પ્રભુવીરની સાક્ષાત્ હાજરીમાં પણ જો આવા કદાગ્રહી શિષ્યો અને ભક્તો હતા, ગુરુજીના મોટા દોષોને સ્પષ્ટરીતે જાણવા છતાં એ દોષોને ઢાંકી દઈને એમનો મોટો મહિમા કરનારા શિષ્યો-ભક્તો હતા...

તો આજે ગોશાળા જેવા જ કોઈક વેષધારીના એવા જ મહાન ભક્તો હોય, શિષ્યો હોય અને તેઓ વેષધારી ગુરુજીનો ચારે બાજુ મહિમા વધારતા હોય, તો એમાં કોઈ જ આશ્ચર્ય નથી...

પ્રભુવીરે શ્રાવસ્તીમાંથી વિહાર કર્યો. મેંઢક ગામમાં પહોંચ્યા કોષ્ટક નામના ઉદ્યાનમાં વિશાળ શિષ્ય પરિવાર સાથે બિરાજિત થયા.

ત્યાં જેવો ઉચિત અવસર મળ્યો કે તરત ગૌતમસ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે 'પ્રભુ! આપના કહેવા પ્રમાણે સાતમા દિવસે ગોશાળો મૃત્યુ પામ્યો. એ મરીને

કઈ ગતિમાં ગયો છે? સાધુહત્યા, મિથ્યાત્વનો ફેલાવો, ઉત્સૂત્રપ્રરૂપણ, કદાગ્રહ, તીર્થંકરને મારી નાંખવાનો સંપૂર્ણ પ્રયત્ન... આ બધાં ઘોરાતિઘોર પાપ કર્યા છે એણે, તો શું એ નરકગતિમાં જશે?'

પ્રભુ બોલ્યા, 'ના, એ બારમા દેવલોકમાં ગયો છે.'

ગૌતમસ્વામી આશ્ચર્ય પામ્યા. સાંભળનારા હજારો લોકો ય વિસ્મયમાં ડૂબી ગયા. આવો પાપી બારમા દેવલોકમાં ગયો? બાપ રે!

પ્રભુ પ્રત્યેના અનુરાગથી વચ્ચે પડીને સળગી મરનાર સર્વાનુભૂતિ આઠમા દેવલોકમાં જ ગયા છે, ગોશાળો બારમામાં ગયો? શી રીતે?

મહાન મુનિવર સુનક્ષત્ર બારમા દેવલોકમાં ગયા, અને અધમાધમ ગોશાળો પણ એ જ દેવલોકમાં ગયો, એ શી રીતે?

સંત અને શેતાનની એક જ ગતિ? શી રીતે?

પ્રભુએ જવાબ આપ્યો, "ગૌતમ! છેલ્લા દિવસે એને ઘોર પશ્ચાત્તાપ થયો હતો. એણે આંસુની ધારા વહાવી હતી. પોતાના તમામ શિષ્યો સામે એણે પોતાના અપરાધોનો એકરાર કર્યો હતો, પોતાના મૃતદેહની બેઈજ્જતી કરવાની સૂચનાઓ આપી હતી, મૃતદેહને મરેલા કૂતરાના દેહ જેવો માનીને એના ઉપર થૂંકવાની, એને લાત મારવાની પણ સૂચનાઓ આપી હતી..."

"ગૌતમ! ભલે આખી જિંદગી એણે પાપ કર્યા, પરંતુ અંતે એને પશ્ચાત્તાપ જાગ્યો ને માટે એ દેવ બન્યો છે. અંત સમયે પશ્ચાત્તાપ-ભાવવાળાને દેવભવ દુર્લભ નથી..."

ગૌતમસ્વામીના અને આખી સભાના મનનું સમાધાન થયું, સાથે સાથે આશ્ચર્ય પણ થયું કે *'આવા ભયંકર પાપીને મરતી વખતે પશ્ચાત્તાપ થયો જ શી રીતે?'*

પણ બધા સમજ્યા કે 'કાળ પાકે, નિયતિ પાકે, ત્યારે બધું જ શક્ય છે.'

(ખુદ પ્રભુવીર પણ અઢારમા ભવમાં કેવા ક્રૂર, નિષ્ઠુર હતા ! નિર્દોષ શય્યાપાલકના કાનમાં ધગધગતો સીસાનો રસ એમણે જ નંખાવ્યો. જૂના કપડાના બે ટુકડા કરવામાં આવે, એ રીતે આક્રમણ કરવા કૂદેલા સિંહના ખુલ્લા મોઢાને બે હાથથી પકડી લઈને બે ફાડચા કરી નાંખવાનું કામ એમણે જ કરેલું.

એ જ મહાવીર અત્યારે કરૂણાના અવતાર બન્યા છે. તમામ જીવો પર સ્નેહ વરસાવનારા બન્યા છે...

કાળ, નિયતિ... ઘણું બધું બદલે છે.)

૪. ગૌતમસ્વામી પૂછે છે, 'પ્રભુ! ગોશાળો બારમા દેવલોકનો ભવ પૂર્ણ કરી ક્યાં જન્મ લેશે? અને એ મોક્ષમાં ક્યારે જશે?

શ્રમણ ભગવાન મહાવીરદેવે ગોશાળાનું ભયાનક ભવિષ્ય દર્શાવ્યું.

**મહાપદ્મરાજાનો** ભવ

આ **જંબૂદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **વિન્ધ્ય પર્વત** પાસે **શતદ્વાર** નામનું મોટું નગર થશે. ત્યાં **સંમુચિ** રાજાની **ભદ્રા** નામની પત્નીની કુક્ષિમાં ગોશાળાનો જીવ **મહાપદ્મ** નામના દીકરા તરીકે ઉત્પન્ન થશે. મોટો થઈને રાજા બનશે.

**પૂર્ણભદ્ર** અને **મણિભદ્ર** એ બે ઉત્તમ દેવો એના સેનાપતિ બનશે. આમ દેવો એ મહાપદ્મની સેવા કરતા હોવાથી પ્રજા એને નામ આપશે **દેવસેન!**

જેમ ચક્રવર્તી પાસે ચાર દાંતવાળો સફેદ ઐરાવત હાથી હોય, એમ આ મહાપદ્મની પાસે પણ એવો જ હાથી હશે, એ હાથી પર બેસીને તે નગરમાં ફરશે. એટલે લોકો એને વિમલવાહન નામથી પણ બોલાવશે.

સમય પસાર થતો જશે અને એક સમય એવો આવશે કે પૂર્વભવમાં એણે સાધુઓ ઉપર જે દ્વેષ કરેલો, એના જે ગાઢ સંસ્કારો આત્મામાં પડેલા, એ સંસ્કારના પ્રભાવથી એને આ ભવમાં પણ સાધુઓ પર દ્વેષ પ્રગટ થશે.

**ગૌતમ :** પણ પૂર્વભવમાં છેલ્લે પશ્ચાત્તાપ કરેલો ને?

**પ્રભુ :** હા! માટે જ એના આત્મામાં પશ્ચાત્તાપના સંસ્કાર પણ છે જ, પણ એના કરતાં ય વધારે ગાઢ સંસ્કાર સાધુદ્વેષના છે. બે સાધુઓને સળગાવી નાંખ્યા હતા ને, ગૌતમ!

એટલે મહાપદ્મના ભવમાં સાધુદ્વેષના સંસ્કાર પ્રગટ થશે, પશ્ચાત્તાપાદિના સંસ્કાર દબાઈ જશે.

**ગૌતમ :** તો એ પશ્ચાત્તાપનું કોઈ ફળ નહિ?

**પ્રભુ :** બારમો દેવલોક મળ્યો એ ફળ! અને ભવિષ્યમાં અર્ધપુદ્ગલ પરાવર્તથી વધુ કાળ ભમવું નહિ પડે એ ફળ!

પણ સાધુહત્યા-તીર્થંકર હત્યા પ્રયાસ, આ બધાનું ફળ પણ ભોગવવું જ પડશે. સુનક્ષત્રનો મોક્ષ જલ્દી છે. ગોશાળાનો અનંતા ભવો બાદ...

આ જ તો મોટો તફાવત છે.

સંત અને શેતાન વર્તમાનમાં ભલે એક ગતિમાં છે, પણ ભવિષ્યમાં સંતનો શીઘ્ર મોક્ષ અને શેતાનના અનંત ભવો... એ ભૂલવું નહિ.

અતિ તીવ્ર હતો એનો સાધુદ્વેષ!

નિકાચિત કર્મો બંધાવનારો હતો એનો સાધુદ્વેષ!

**ગૌતમ :** શું કરશે એ મહાપદ્મ સાધુદ્વેષથી?

**પ્રભુ :** તે પોતાના નગરમાં વિદ્યમાન સાધુઓને દંડાઓ મરાવશે, ચાબુકો મરાવશે, ખુદ પણ મારશે, એમને ગોચરી વહોરાવવાની ના પાડશે, એમને રહેવા

માટે જગ્યા નહિ આપવા દે... એમ એ સાધુઓને હેરાન કરશે, એમને જેલમાં ય પૂરશે, મારી ય નાખશે એમને નચાવશે...

નગરના લોકો અને મંત્રીઓ રાજાની આ અત્યંત અનુચિત પ્રવૃત્તિ જોઈ ત્રાસ પામશે. અને રાજાને ખાસ સમજાવશે કે 'રાજાનું કામ તો સાધુઓની રક્ષા કરવાનું છે. તમે ભલે રક્ષા ન કરો, પરંતુ હેરાન તો ન કરો.' આ સાધુઓ તો નિર્દોષ છે, તપસ્વી છે. ભીક્ષામાંગીને જીવનારા છે. એમને શા માટે હેરાન કરો છો ? જો કોઇ સાધુ ગુસ્સે થશે ને, તો તેને આખા રાજ્ય સાથે જ બાળી નાખશે.

મહાપદ્મને ડર લાગશે કે *'હું આમની વાત નહિ માનું, તો મંત્રીઓ અને પ્રજા વિદ્રોહ કરી બેસશે, હું સત્તાભ્રષ્ટ થઈશ.'*

એટલે ઈચ્છા ન હોવા છતાં ય રાજા એમની વાત માનશે, ત્રાસ આપવાનું બંધ કરશે મુનિઓને!

**ગૌતમ :** પછી? એ સુધરી જશે?

**પ્રભુ :** ના, એક વાર રથમાં બેસીને તે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં જશે, ત્યાં તે એક મુનિને જોશે.

એ મુનિનું નામ **સુમંગલ** હશે. એ ત્રણ જ્ઞાનના માલિક હશે. એ ત્યાં કાયોત્સર્ગમાં રહેલા હશે. એ સૂર્યના કિરણોની આતાપના લેતા હશે. અને સૌથી મુખ્ય વાત તેઓ તેજોલેશ્યાના સ્વામી હશે.

રાજા એમને જોશે, પૂર્વભવના સંસ્કારો જાગશે, રાજા કારણ વગર જ ક્રોધે ભરાશે, અને પોતાનો રથ ધમધમાટ કરતો એ સાધુ તરફ દોડાવશે, રથના ધક્કા દ્વારા સાધુને નીચે પાડી દેશે.

પ્રશાંત સુમંગલ મુનિ ઊભા થઈ ફરી કાઉસ્સગ્ગમાં સ્થિર બનશે.

રાજા વધુ ગુસ્સે થશે. રથને પાછળ લઈ ફરી ધમધમાટ કરતો સાધુ તરફ દોડાવશે, ધક્કો લાગવાથી ફરી મુનિ નીચે પડશે.

મુનિ ફરી ઊભા થશે, કાઉસ્સગ્ગમાં ઊભા તો રહેશે, પણ સાથે સાથે વિચાર કરશે કે *'આ માણસ કોઈપણ પ્રકારના કારણ વિના શા માટે મારા ઉપર એક નિર્દોષ સાધુ ઉપર ક્રોધ કરે છે? કેમ આવી અધમ પ્રવૃત્તિ કરે છે?'*

સુમંગલ મુનિ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકશે, અને એને રાજાનો આખો પૂર્વભવ દેખાશે, ગોશાળાના ભવની એની પાપિષ્ઠ પ્રવૃત્તિઓ દેખાશે...

મુનિ કહેશે 'ગોશાળા! હું એ સર્વાનુભૂતિ કે સુનક્ષત્ર નથી કે તારી આવી પ્રવૃત્તિ સહન કરી લઉં, હું પ્રભુવીર, પણ નથી, વીતરાગ નથી... એટલે સીધો થઈ જજે. નહિ તો મારી પાસે તેજોલેશ્યા છે, તને બાળીને રાખ બનાવતા મને પળ પણ નહિ લાગે.'

મુનિના આવા સ્પષ્ટ શબ્દોથી એ ભડકશે. 'અલા સાધુડા! તું મને ધમકી

આપે છે? મચ્છર લડવા નીકળ્યો છે સિંહ સામે... લે પાછો પાડું તને...' અને વધુ ઝડપથી રથ ચલાવીને મુનિને ત્રીજી વાર જમીન પર પટકશે...

મુનિ ઊભા થશે, હવે એ ક્ષમા નહિ રાખે *'એ દુષ્ટને શિક્ષા કરવી જ પડશે.'*

એમ વિચારશે, અને સાત-આઠ ડગલા પાછળ હટીને મોઢામાંથી તેજોલેશ્યા = આગ છોડી દેશે રાજાને બાળી નાંખવા માટે!

રથ, ઘોડાઓ અને રાજા મહાપદ્મ બધા જ બળીને રાખ બનશે.

આ છે ગોશાળાનું પ્રથમ અપમૃત્યુ!

આગથી સાધુઓને બાળેલા,

પોતે પણ આગથી બળી મર્યો...

ચીસો પાડતો રીબાતો, પીડાતો મર્યો.

**ગૌતમ :** સુમંગલમુનિએ શું ઉચિત કર્યું? એમનું પછી શું થયું?

**પ્રભુ :** ક્ષમાશીલમુનિ માટે આમ કરવું ઉચિત નથી, પણ મુનિએ કર્યું. એ પછી એમને પસ્તાવો થયો, એમણે પોતાના એ પાપની આલોચના કરી. પ્રાયશ્ચિત્ત કર્યું, લાંબા કાળ સુધી સંયમનું પાલન કર્યું. છેલ્લે એક મહિનાના ઉપવાસ કર્યા, અને કાળધર્મ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ૩૩ સાગરોપમ સુધી દેવલોકનું સુખ ભોગવીને માહાવિદેહમાં ઉત્પન્ન થઈને વ્રત લઈને મોક્ષ પામશે.

**ગૌતમ :** ગોશાળાનો જીવ મરીને ક્યાં જશે?

**પ્રભુ :** સાતમી નારકમાં... પછી પશુનો ભવ... પછી પાછી સાતમી નારક...

એમ એ સાત નારકોમાં બે-બે વાર ઉત્પન્ન થશે, વચ્ચે વચ્ચે તિર્યંચના કે મનુષ્યના ભવ પ્રાપ્ત કરશે.

એ પછી તમામે તમામ તિર્યંચ યોનિઓમાં વારંવાર ઉત્પન્ન થશે.

એટલે કે પૃથ્વી-જલ-તેઉ-વાયુ-પ્રત્યેક વનસ્પતિ-સાધારણ વનસ્પતિ-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય-સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ... એની જેટલી જેટલી યોનિઓ છે, એ તમામમાં વારંવાર ઉત્પન્ન થશે, મરશે, ઉત્પન્ન થશે, મરશે.

આમ વિરાટ ભવભ્રમણ બાદ રાજગૃહ નગરની બહાર વેશ્યા બનશે.

ત્યાં મર્યા બાદ વિન્ધ્યપર્વતની તળેટીમાં **ઉભેલ** ગામમાં બ્રાહ્મણની કન્યા થશે. કોઈ બ્રાહ્મણ સાથે લગ્ન થશે. ગર્ભવતી બનશે, સાસરેથી પિયર જતી હશે. ત્યાં રસ્તામાં જંગલમાં ભયાનક આગની લપેટમાં ફસાશે, બળી મરશે અને અગ્નિકુમાર દેવોમાં ઉત્પન્ન થશે.

ત્યાર બાદ મનુષ્યોના ભવો પામશે,

ત્યાં દીક્ષા તો લેશે, પણ અતિચારવાળું સંયમ પાળશે.

એટલે મરી મરીને દર વખતે અસુરકુમાર દેવોમાં ઉત્પન્ન થશે.

છેલ્લે એક મનુષ્યભવમાં નિરતિચાર સંયમ પાળીને સૌધર્મ દેવલોકમાં દેવ થશે.

ત્યાંથી મરીને પાછો મનુષ્ય થશે, દીક્ષા લેશે, નિરતિચાર જીવન જીવશે. દેવલોકમાં જશે. એમ કુલ % ભવ મનુષ્ય + દેવના થશે, સાતમી વાર જ્યારે મનુષ્યનો ભવ પામશે, ત્યારે દોષરહિત દીક્ષાજીવન જીવીને, મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થશે.

(૭ દેવ + ૭ મનુષ્ય... એમ કુલ ૧૪ ભવ... ૧૪મો ભવ સર્વાર્થસિદ્ધનો...)

ત્યાર બાદ ગોશાળાનો જીવ જન્મ લેશે મહાવિદેહ ક્ષેત્રમાં...

એક શેઠનો દીકરો બનશે. નામ પડશે **દઢપ્રતિજ્ઞ!**

વૈરાગ્ય પામશે, દીક્ષા લેશે અને કેવલજ્ઞાન પ્રાપ્ત કરશે.

એ દઢપ્રતિજ્ઞ કેવલીને પોતાના અનંતભવો દેખાશે, ગોશાળાનો ભવ દેખાશે, એમાં 'બે સાધુઓની હત્યા કરેલી' એ દેખાશે. ''મારી હત્યા કરવાનો પ્રયત્ન કરેલો, મારી ઘોર આશાતના કરેલી' એ દેખાશે, અને છેલ્લે 'સમ્યક્ત્વ પામવા છતાં પણ ગુરુની ઘોર આશાતનાના કારણે પોતે અનંત સંસાર ભટક્યો, આવેલું સમ્યક્ત્વ મરી પરવાર્યું...' એ બધું જ દેખાશે...

અને સર્વજ્ઞ વીતરાગ દઢપ્રતિજ્ઞ મુનિ એટલે કે ગોશાળાનો જીવ પોતાના શિષ્યોને ઉપદેશ આપશે કે...

'મુનિઓ! આજે હું વીતરાગી છું, કેવલી છું, પણ આજથી અનંતકાળ પહેલા હું પરમગુરુ પરમેશ્વર પ્રભુવીરની ઘોર આશાતના કરનારો મહાપાપી હતો.

એ સમયે મેં સમ્યક્ત્વ પણ પામ્યું ન હતું. અનાદિ મિથ્યાત્વી હતો.

મેં ખોટા મતની સ્થાપના કરી, *'આ મત ખોટો છે.'* એમ જાણવા છતાં પણ...

મેં બે ઉત્તમમુનિઓને તેજોલેશ્યાથી બાળી નાખ્યા હતા...

મેં પ્રભુવીરને પણ બાળવાનો પ્રયત્ન કર્યો હતો...

મેં એમને ઘણી ગાળો આપી હતી, એમની સામે જ જેમ તેમ બોલ્યો હતો...

એનું મને ફળ મળ્યું,

અનંત ભવો ભટક્યો હું.

પ્રાયઃ દરેક ભવોમાં હું આગથી સળગીને મર્યો, કે કોઈક શસ્ત્રથી મર્યો...

સામાન્ય મરણ ન પામ્યો હું...

અનંત ભવો સુધી ભટક્યા બાદ મારા એ કર્મો હળવા થયા, અને છેવટે આજે કેવલજ્ઞાન પામ્યો છું.

ગોશાળાના ભવમાં પણ છેલ્લે મને મારા પાપોનો ઘોર પશ્ચાત્તાપ થયેલો, માટે જ મને સમ્યગ્દર્શન મળેલું, માટે જ મારો સંસાર અનંત હોવા છતાં, પણ માત્ર અર્ધપુદ્ગલ-પરાવર્ત જેટલો જ અનંત... નહિ તો તો અનંત પુદ્ગલ પરાવર્ત ભટકત, અર્ધ નહિ. એમ સમજો કે સાગર જેટલો મારો સંસાર બિંદુ જેટલો બની ગયો.

આ મારો જાત અનુભવ છે. 'હું તમને હિતશિક્ષા આપું છું કે ક્યારેય પણ ગુરુનો દ્રોહ નહિ કરતા, ગુરુની નિંદા નહિ કરતા, ગુરુની સામે નહિ પડતા, ગુરુ પ્રત્યે અરુચિ-અસદ્ભાવ નહિ લાવતા, ગુરુના નાના-મોટા દોષો નહિ જોતા, દેખાઈ જાય તો મન પર નહિ લેતા... ગુરુને ભગવાન માનીને ચાલજો...'

શિષ્યો દઢપ્રતિજ્ઞ કેવલીની વાતો સાંભળશે અને હૃદયમાં ઉતારશે.''

ગૌતમસ્વામી વિચારી રહ્યા...

*'આજનો મહાન ગુરુદ્રોહી અનંતકાળ બાદ પોતાના જ શિષ્યોને ગુરુ સમર્પણના ઉપદેશો આપશે... એ કાળની, નિયતિની, સ્વભાવની બલિહારી હશે ને!'*

**ગૌતમસ્વામી :** પ્રભુ! આ ભવમાં ગોશાળો આપનો વિરોધી કેમ બન્યો? કેમ એને આપના પ્રત્યે પ્રેમ ન પ્રગટ્યો? સમર્પણભાવ ન પ્રગટ્યો? આપે એને દેવામાં ક્યાં કંઈ બાકી રાખ્યું છે, છતાં એ આવો કેમ પાક્યો?

**પ્રભુ :** પૂર્વભવના સંસ્કારો... ગૌતમ!

સાંભળ !

અત્યારે જેમ ચોવીસ તીર્થંકરો થયા, એમ દરેક ઉત્સર્પિણીમાં અને અવસર્પિણીમાં ૨૪-૨૪ તીર્થંકરો થાય છે. ગઈ ચોવીશીમાં આ જ ભરતક્ષેત્રમાં ઉદાય નામના તીર્થંકર થયા હતા. એમનું જ્યારે નિર્વાણ થયું ત્યારે એમનો મહિમા કરવા માટે દેવો-દાનવો આવેલા હતા. (જ્યોતિષ-વૈમાનિક દેવો એ દેવ, ભવનપતિ-વ્યંતર દેવો એ દાનવ...)

આ દેવ-દાનવોને એક મનુષ્યે જોયા. એ ઉત્તમજીવ હતો, નજીકના જ કાળમાં મોક્ષમાં જનારો હતો. એ મનુષ્યને જાતિ-સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. એ વૈરાગ્ય પામ્યો, પ્રત્યેકબુદ્ધ બન્યો, ત્યારે જ દીક્ષા લીધી. શાસનદેવતાએ એને સાધુવેષ આપ્યો, એ ઘોર તપ કરવા લાગ્યો, લોકો એની પૂજા કરવા લાગ્યા.

આ બધું જોયું **ઈશ્વર** નામના એક દુષ્ટ બુદ્ધિવાળા માણસે...

પ્રત્યેકબુદ્ધને કોઈ ગુરુ હોતા નથી. એમને પૂર્વભવનું જ શ્રુતજ્ઞાન જાતિસ્મરણથી પ્રાપ્ત થાય છે, તેઓ નવું શ્રુત ભણતા નથી... આ બધું પ્રત્યેકબુદ્ધનું સ્વરૂપ છે.

ઈશ્વરને આવી કંઈ ખબર નહિ. એને તો મનમાં ઉંધા જ વિચારો આવ્યા કે *'આણે કોઈ પાસે દીક્ષા લીધી નથી,*

*એમ ને એમ કપડા પહેરી લીધા છે, કશું ભણતો ગણતો પણ નથી... આ ન ચાલે.'*

એ ઈશ્વર પહોંચ્યો પ્રત્યેકબુદ્ધ મુનિ પાસે...

વિનય નહિ, બહુમાન નહિ... અને બકવાસ કરવા લાગ્યો...

'એ સાધુ! તને દીક્ષા કોણે આપી? તારો જન્મ ક્યાં થયેલો છે? તારું કુળ શું છે? તેં કોની પાસેથી સૂત્ર અને અર્થ મેળવ્યા છે?'

એની ઉદ્ધતાઈ જોવા છતાં પ્રત્યેકબુદ્ધે શાંતિથી જવાબ આપ્યો કે "મને શાસનદેવતાએ વેષ આપ્યો છે. પ્રત્યેકબુદ્ધ બન્યો છું હું, એટલે મારે કોઈ ગુરુ નથી હોતા, પૂર્વભવનું શ્રુતજ્ઞાન મને જાતિસ્મરણથી મળેલું છે.'

ઈશ્વર આ બધી વાત સીધી લઈ શકતો હતો, પણ સાપ સીધો ચાલે શી રીતે? કૂતરાની પૂંછડી સીધી રહે શી રીતે?

વિચારે છે ઈશ્વર *'આ ધૂર્ત આખી પ્રજાને ઠગે છે, મોટો સાધુ હોવાનો દેખાવ કરી લોકોની પૂજા પામે છે. એક કામ કરું હું આ હકીકત ઉદાય પ્રભુને જ પૂછું. એટલે બધું ખુલ્લું થઈ જશે.'*

પણ મને લાગે છે કે *'હું સંસારી છું. એટલે મને પ્રભુ જવાબ નહિ આપે, એટલે સૌપ્રથમ તો હું દીક્ષા જ લઈ લઉં.'* એ જિનેશ્વર પણ આની જેમ અસત્ય બોલતા હશે. ના ના ! એ તો મોહરહિત છે. એ આવું ન કરે, માટે હું એમની પાસે જ મારું અને તમામ દુઃખોનો નાશ કરનારી દીક્ષા લઉં.

ઈશ્વર ગયો જિનેશ્વરને મળવા.

પણ ખ્યાલ આવ્યો કે 'ઉદાયજિન તો મોક્ષ પામ્યા છે.'

એટલે ઈશ્વરે છેવટે એમના ગણધર ભગવંત પાસે દીક્ષા લીધી.

હવે પ્રભુની ગેરહાજરીમાં તો ગણધરો દેશના આપે. એટલે ગણધરભગવંતે દેશનાનો પ્રારંભ કર્યો. એમાં એક વાત કરી કે 'જે મુનિ એક પણ પૃથ્વીજીવની હિંસા કરે, તે જૈનશાસનમાં અસાધુ = અસંયત કહેવાય છે.'

ઈશ્વરે સાંભળ્યું. સમર્પણનો અભાવ અને બુદ્ધિની સ્વચ્છંદતા... એટલે ગમે તેમ વિચારવા ટેવાયેલું મન! ગુરુને જિજ્ઞાસાથી, વિનયથી પૂછવાની વાત નહિ, પૂછીને સમાધાન મેળવવાની વાત નહિ...

*'આ વાક્ય ઉપર તો બિલકુલ શ્રદ્ધા કરી શકાય નહિ. અરે, આખી ધરતી પૃથ્વી જ છે. આપણે બધા પૃથ્વી પર જ ચાલીએ છીએ. તો પૃથ્વીની હિંસા તો થાય જ છે ને ! તો કયો સાધુ એવો છે જે પૃથ્વીની વિરાધના ન કરતો હોય? આ વચનો તો પાગલના વચનો જેવા છે, દારૂ પીધા બાદ નશો ચડેલો હોય અને જેમ તેમ બોલે એવા શબ્દો છે આ...*

*મેં ક્યાં આવા ગણધરને ગુરુ બનાવ્યા?*

*અરે, આ ગુરુ આવી વિચિત્ર વાતો છોડી દે, કંઈક વચલો રસ્તો અપનાવે કે જે પાળી શકાય તો તો મનેય સારું લાગે અને બધા લોકો પણ એમના અનુરાગી બને. બાકી જે શક્ય જ ન હોય, એવી વાતો કરશે, તો કોઈ એમને માનશે નહિ, એમની વાતો માનશે નહિ.'*

આટલા વિચારો તો ખરાબ આવ્યા,

એ પછી પાછો વિચારપ્રવાહ ફંટાયો, સાપ જરાક સીધો ચાલ્યો...

*'અરેરે, મેં ખોટું વિચાર્યું. મારા ગુરુ માટે કે એમના શબ્દો માટે મારે આવી શંકા ન કરવી જોઈએ. એમણે પૃથ્વીકાયની રક્ષાની વાત કરી. એ મને ભલે અશક્ય લાગે છે, પણ બીજાઓ માટે એ કંઈક અપેક્ષાએ શક્ય પણ હોઈ શકે છે ને! મેં ક્યાં ગુરુજીને પ્રશ્નો પૂછ્યા છે. હું પૂછું, તો મને સમાધાન આપે. એમણે જે વાત કરી છે, એ સર્વજ્ઞોએ બતાવેલી છે. એ ખોટી ન હોય, પણ મેં એને ખોટી માની... અરેરે! મેં પ્રભુનાં વાક્યોની વિરાધના કરી.*

*મારે આ પાપનું પ્રાયશ્ચિત્ત લેવું જ પડશે.*

*પણ મારા ગુરુ ગણધર ભગવંત પાસે નહિ લઉં. શરમ આવે, એના બદલે પેલા પ્રત્યેકબુદ્ધ પાસે જ પ્રાયશ્ચિત્ત લઉં.'*

અને ઈશ્વર પહોંચ્યો પ્રત્યેકબુદ્ધ પાસે...

જે પ્રત્યેકબુદ્ધને દંભી માનીને ઈશ્વર ગણધર પાસે આવ્યો હતો, આજે એ જ પ્રત્યેકબુદ્ધ પાસે એ પાછો જાય છે. પોતાના ગુરુ ગણધર માટે જેમ તેમ વિચારીને પછી પસ્તાવો કરીને, અને છતાં શરમ-માયા-લજ્જા-અહંકારના કારણે ગુરુજીને નહિ જણાવવા નામનું નવું પાપ કરીને...

દુર્બુદ્ધિની પરંપરા ચાલી એના આત્મામાં...

એ પહોંચ્યો પ્રત્યેકબુદ્ધ મુનિ પાસે...

ત્યાં દેશના ચાલુ હતી, તો દેશનામાં બેઠો...

'જે મુનિ એક પણ પૃથ્વીને, પાણીને, અગ્નિને, વાયુને, વનસ્પતિને કે ત્રસજીવને પીડે છે, તે મુનિ સાચો મુનિ નથી. માટે મુનિ મન-વચન-કાયાથી પૃથ્વીકાયાદિની હિંસાનો ત્યાગ કરે.' પ્રત્યેકબુદ્ધ બોલી રહ્યા હતા.

પોતાના ગુરુ, ગણધરદેવ પાસે આ જ પદાર્થ સાંભળીને એનું મન શંકાગ્રસ્ત બન્યું હતું, પણ પછી એણે પશ્ચાત્તાપ કર્યો અને પ્રાયશ્ચિત્ત માટે જ તો આવ્યો છે અહીં... એને તો આ વાત પર શ્રદ્ધા થવી જોઈએ. *'બંને મહાત્માઓ આ વાત કરે છે, તો આ વાત સાચી જ હોવી જોઈએ...'*

એને બદલે પેલો ઉંધું જ વિચારવાનો

સંસ્કાર પાછો જાગ્યો. ઉંધા વિચારો ચાલ્યા,

*'અરે, પૃથ્વી વગેરેની મન-વચન-કાયાથી બિલકુલ હિંસા ન કરનાર આ સંસારમાં છે જ કોણ? આ બોલનાર મુનિ પણ ખુદ પૃથ્વી ઉપર જ તો બેઠો છે. પૃથ્વી પર જ તો ભોજન કરે છે, અગ્નિથી પકાવેલું ગરમ કરેલું પાણી વાપરે છે... તો એ ખુદ જ પૃથ્વી આદિ જીવની હિંસા કરે છે ને, તો એ જ ખોટા મુનિ સાબિત થઈ ગયા...'*

એણે પાછી એ જ ભૂલ કરી કે પોતાના મનમાં જે પ્રશ્નો ઊભા થયા, એ ગુરુજીને પૂછવા જોઈતા હતા, તો સાચા સમાધાન મળત અને મન શાંત થાત. આવા ખોટા વિચારો દૂર થઈ જાત. જો એણે ગણધરપ્રભુને કે પ્રત્યેકબુદ્ધને નમ્રભાવે પોતાની જિજ્ઞાસા દર્શાવી હોત તો તેઓ જવાબ આપત કે...

૧. પૃથ્વી બે પ્રકારની છે - સચિત્ત અને અચિત્ત... એમાં આ ઉપરની જે પૃથ્વી છે, એ લોકોની અવરજવર, સૂર્યનો પ્રકાશ વગેરેના કારણે ચાર આંગળ સુધી અચિત્ત હોય છે... એટલે એના ઉપર ચાલનાર, બેસનાર, ખાનારને પૃથ્વીજીવોની હિંસાનો દોષ લાગતો જ નથી.

મુનિઓ ઉકાળેલું પાણી પીએ છે. એમાં અગ્નિના કારણે પાણી અચિત્ત થઈ ગયું છે, માટે પાણીના જીવોની હિંસાનો દોષ નથી લાગતો. તથા મુનિએ પોતાના માટે પાણી ગરમ કર્યું નથી, કરાવ્યું નથી, અનુમોદના નથી... મુનિએ અગ્નિ પેટાવી નથી કે ઠારી નથી... એટલે મુનિને અગ્નિજીવોની હિંસાનો કે અગ્નિ દ્વારા જલજીવોની હિંસાનો દોષ પણ લાગતો નથી. સંસારીઓએ પોતાના માટે પાણી ગરમ કર્યું છે અને મુનિ એ વાપરે છે.

(આજના કાળમાં ઘરોમાં નિર્દોષ ઉકાળેલું પાણી મળતું નથી. એટલે મુનિઓએ આંબિલખાતા વગેરે જગ્યાએ એ પાણી કરાવવું પડે છે, તે અપવાદ જાણવો...)

આજે લાખો જૈનો આ જ ભૂલ કરે છે, મનમાં જૈનધર્મ માટે, સાધુ-સાધ્વી માટે જાત જાતના વિચારો કરે. અંદરોઅંદર વાતો કરે, શંકા-નિંદા કરે... પણ એ બધાને એવી સદ્બુદ્ધિ નથી આવતી કે ચાલો, કોઈક જ્ઞાનીને પૂછીએ... સાધુ પાસે જઈએ. એ આપણને જવાબ આપશે, બે-પાંચ મુનિઓને પૂછીએ...

પણ ઘર બેઠા નિંદા કરવી, પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવું... પણ જિજ્ઞાસાથી પૂછીને સમાધાન ન મેળવવું. જેઓ આ વિષયના અજ્ઞાની છે, એમની સાથે ચર્ચા કરવી પણ આ ચર્ચા કરવાથી શું મળવાનું? તેઓ તો તમારી વાતમાં હા-હા કરવાના, અજ્ઞાની છે ને? એને બદલે તમે જ્ઞાની ગુરુજીને પૂછોને, જવાબ મળશે જ...

(પણ જે જૈનો આ સમજતા નથી,

અને ઘરે બેઠાં નિંદા-કુથલી કરે છે, તેઓ ભવિષ્યમાં ગોશાળાનો અવતાર પામે તો કોઈ આશ્ચર્ય નહિ...)

વિચારે છે ઈશ્વર...

*''પેલા મારા ગુરુ ગણધર કે આ પ્રત્યેકબુદ્ધ બંને પૃથ્વીની હિંસા કરે છે અને પૃથ્વીહિંસા ન કરવાનો ઉપદેશ આપે છે...*

*કરે ઉંધું, બોલે ઉંધું...*

*મૃષાવાદી બને છે બંને...*

*મારે જ હવે નવા ધર્મની સ્થાપના કરવી પડશે.*

*જે ધર્મ એવો હોય કે લોકો સરળતાથી, હંમેશાં કરી શકે...''*

એક તરફ ગુરુદ્રોહના વિચારો...

બીજી તરફ નૂતન ધર્મની સ્થાપના કરવાના વિચારો...

હજી વિચારો ચાલુ જ છે, ત્યાં તો....

આકાશમાંથી વીજળી ત્રાટકી ઈશ્વરના ઉપર...

પળ બે પળમાં તો વીજળીએ એને ભડથું બનાવી દીધો, મર્યો ઈશ્વર!

ક્યાં ગયો ખબર છે? ગૌતમ! સાતમી નરકમાં...

ગુરુદ્રોહ કર્યો નથી, વિચારો કર્યા છે...

નવો ધર્મ સ્થાપ્યો નથી, વિચારો કર્યા છે...

છતાં ફળ કેવું ભયંકર! સાતમી નરક! સૌથી ભયાનક જગ્યા દુનિયાની!

ભયાનક દુઃખો ચીસો, પાડી પાડીને સહન કર્યા ઈશ્વરના જીવે!

કાળ પસાર થયો, ભવ પૂરો થયો સાતમી નરકનો!

જન્મ થયો સમુદ્રમાં માછલા તરીકે!

પાછું મરણ, પાછી સાતમી નરક!

પાછું મરણ, પછી કાગડાનો ભવ!

પાછું મરણ, પછી પહેલી નારક!

પાછું મરણ, પછી પક્ષીનો ભવ!

પાછું મરણ, પછી પહેલી નારક!

પાછું મરણ, પછી વારાફરતી છ વાર ગધેડાના ભવ!

પાછું મરણ, પછી મનુષ્ય!

પાછું મરણ, પછી જંગલી મનુષ્ય!

પાછું મરણ, પછી બિલાડો!

પાછું મરણ, પછી નારક!

પાછું મરણ, પછી કુંભાર!

પાછું મરણ, પછી કોઢી મનુષ્ય!

આખા શરીરમાં કોઢના કારણે કીડાઓ ઉત્પન્ન થયા. શરીરને અંદરથી જ બચકા ભરવા માંડ્યા, અનહદ ત્રાસ સાથે પચાસ વર્ષ વીતાવ્યા...

આના કારણે અનિચ્છાએ પણ ઘણા કર્મો ખતમ થયા અને એ ઈશ્વરજીવ બન્યો દેવ!

ત્યાંથી મરીને રાજા બન્યો.

ઘોર પાપો કરીને, મરીને પાછો સાતમી નારકમાં ગયો.

ત્યાં મરીને અમુક ભવો બાદ એ ગોશાળો બન્યો.

ગૌતમ!

ઈશ્વરના ભવના સંસ્કાર હતા.

ઉદાય તીર્થંકરની આશાતનાના...

'આ ધર્મ ખોટો, નવો સ્થાપો.' એમ ધર્મની આશાતનાના...

'ગણધર અને પ્રત્યેબુદ્ધ બંને મૃષાવાદી' એમ સાધુની આશાતનાના...

માટે જ આ ભવમાં એણે મારી = તીર્થંકરની આશાતના કરી.

માટે જ સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર બે સાધુઓની હત્યા કરી.

માટે જ આજીવકમતની = નવા ધર્મની સ્થાપના કરી...

માટે જ, ખોટા વિચારો કરશો જ મા, ભવ્ય જીવો!

નહિ તો એના સંસ્કાર ગાઢ પડશે, અને ભયાનક દુર્ગતિઓ આપશે, ઘોર પાપી તમને બનાવશે...

ગૌતમસ્વામી સહિત હજારો લોકોએ પ્રભુના મુખેથી ગોશાળાનો ભવિષ્યકાળ અને ભૂતકાળ સાંભળ્યો, હચમચી ગયા લોકો... ત્રાસ પામ્યા લોકો... વૈરાગ્ય પામ્યા લોકો...

ઘણા લોકોએ દીક્ષા લીધી...

કેટલાકોએ શ્રાવકજીવનનો સ્વીકાર કર્યો.

❀ ❀ ❀

ગોશાળાની તેજોલેશ્યાના કારણે પ્રભુ વીરને લોહીના ઝાડા થવા માંડ્યા અને શરીરમાં ગરમીનો તાવ રહેવા માંડ્યો. આ બેના કારણે પ્રભુ એકદમ પાતળા થઈ ગયા. કબૂતરના પગ જેવા સમજો... છતાં પ્રભુ ઠંડક કરનારી કોઈપણ દવા કરતા નથી.

લોકો જુએ છે કે 'પ્રભુ ધીમે ધીમે એકદમ પાતળા થતા જાય છે.'

એટલે લોકોમાં વાત ફેલાઈ કે ''ગોશાળાએ કીધું હતું કે વીર તેજોલેશ્યાના કારણે છ મહિના બાદ મરી જશે, એ વાત એકદમ સાચી લાગે છે. પ્રભુનું શરીર વધુ ને વધુ પાતળું થતું જાય છે, માટે ચોક્કસ પ્રભુનું મૃત્યુ થશે...''

લોકોની વાતો ચારેબાજુ ફેલાતા વાર ક્યાં લાગવાની?

પ્રભુનો એક શિષ્ય **સિંહ** નામનો હતો.

એને આ વાત સાંભળીને અતિશય આઘાત લાગ્યો.

એ રહી ન શક્યો. એકાંતમાં જઈને જોર જોરથી રડવા લાગ્યો.

પ્રભુએ કેવલજ્ઞાનથી જાણ્યું કે

*'સિંહમુનિ રડે છે, મારા મોતની કલ્પનાથી.'*

પ્રભુએ એને બોલાવ્યો અને કહ્યું...

'લોકોની વાત સાંભળીને શા માટે દુઃખી થાય છે? તું સમજી રાખ, તીર્થંકરો ક્યારેય આપત્તિથી-વિઘ્નોથી મરતા જ નથી. આના કરતાંય વધારે ભયંકર ઉપસર્ગો સંગમદેવે કરેલા જ હતા, છતાં હું ક્યાં મર્યો છું? એટલે આવો શોક-સંતાપ ન કરવો.'

આંખના આંસુ લુંછતા સિંહમુનિ કહે છે, ''પ્રભુ! આપની વાત સાચી, પણ આપને ખબર છે ને કે લાખો કરોડો લોકો આપને કેટલા હૃદયથી ચાહે છે. તેઓ બધા જ આપની આ હાલત જોઈને અંતરમાં કેટલો ત્રાસ પામે છે? કેટલા દુઃખી થાય છે? આપ અમારા બધાના મનના સંતાપનો તો વિચાર કરો. આપ આપના આરોગ્ય માટે નહિ, પરંતુ અમારા સૌના મનની શાંતિ માટે પણ આ રોગની દવા લો જ...'

પ્રભુએ એના આંસુની લાજ રાખી, એના આગ્રહનો સ્વીકાર કર્યો...

પ્રભુએ સિંહમુનિને જ કહ્યું, 'આમ તો **લોહ**મુનિ મારી ગોચરી લાવે છે, પણ આજે મારી દવાનો લાભ તને જ આપું છું. **રેવતી** શ્રાવિકાના ઘરે જા, એના ઘરે કોળાપાક અને બિજોરાપાક એમ બે પાક છે. બે ઠંડક કરનારા છે. એમાં કોળાપાક એણે મારા માટે બનાવેલો છે, માટે એ ન લેતો. બિજોરાપાક એણે ઘર માટે જ બનાવેલો છે, એ લઈ આવ. એ હું વાપરીશ... મારો રોગ શાંત થશે, તમને સૌને સંતોષ થશે.'

ખુશ ખુશ થઈ ગયો સિંહમુનિ!

પ્રભુએ પોતાની વાત માની, માટે...

પ્રભુ હવે સાજા થઈ જશે, માટે...

પ્રભુને માટે દવા લાવવાનો લાભ પોતાને મળ્યો, માટે...

સિંહમુનિ રેવતી શ્રાવિકાના ઘરથી બિજોરાપાક વહોરી લાવ્યા.

એ વહોરાવતી વખતે રેવતી શ્રાવિકાએ ઉત્તમ ભાવોના પ્રભાવે તીર્થંકરનામકર્મ નિકાચિત બાંધ્યું.

દેવો આ દાનથી ખુશ થયા, ત્યાં રેવતીના ઘરે સોનામહોરોની વર્ષા કરી.

પ્રભુએ સિંહમુનિએ લાવેલ બિજોરાપાક વાપર્યો. તરત જ એમનું પિત્ત શાંત થઈ ગયું, એટલે લોહીના ઝાડા અને પિત્તજ્વર બંને મટી ગયા.

ગોશાળાએ તેજોલેશ્યા છોડી, એના બરાબર છ મહિના બાદ પ્રભુનો રોગ શાંત થયો.

# જિજ્ઞાસા-સમાધાન

**જિજ્ઞાસા-(૧) : દસવૈકાલિક** આગમમાં કહ્યું છે કે 'કાણાને કાણો ન કહેવો. રોગીને રોગી ન કહેવો...' તો પ્રભુએ ગોશાળાને મિથ્યાત્વી, અસર્વજ્ઞ કેમ કહ્યો? એ વાત ભલે સાચી હતી, પણ બીજાને પીડા આપે, એવા શબ્દો પ્રભુ કેમ બોલ્યા?

**સમાધાન :** જે કાણો છે, એને કાણો ન કહો, તો કોઈને નુકસાન નથી. જે રોગી છે, એને રોગી ન કહો, તો કોઈને નુકસાન નથી. પણ કાણાને કાણો કહો, રોગીને રોગી કહો તો એને દુઃખ ચોક્કસ થાય છે... માટે એવું બોલવાની ના પાડી.

જ્યારે ગોશાળો મિથ્યાત્વી, અસર્વજ્ઞ હતો, અને જો આ વાત પ્રભુ ન બોલે, તો ઘણા બધા જીવોને નુકસાન હતું. કેમ કે ગોશાળો પોતાને સર્વજ્ઞ તરીકે જાહેર કરતો હતો, અને લોકો એની વાત માની લેતા હતા, એનાથી લોકો મોક્ષમાર્ગ ગુમાવી રહ્યા હતા...

એટલે પ્રભુ સામે બે વિકલ્પ હતા.

સાચી વાત બોલે, તો ગોશાળાને દુઃખ થાય, પણ હજારો લોકો બચે.

સાચી વાત ન બોલે તો, ગોશાળાને દુઃખ ન થાય, પણ હજારોને નુકસાન...

બોલો, શું કરવું ઉચિત? જવાબ સ્પષ્ટ જ છે ને!

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૨)** : પ્રભુ તો કેવલજ્ઞાની હતાં. એ જાણતા હતા કે 'હું ગોશાળાની સાચી વાત જાહેરમાં બોલીશ, તો એ ગુસ્સે થવાનો જ. મહાભયંકર સંહાર કરવાનો જ.' તો પ્રભુએ બોલવું ન જોઈએ ને?

બે મુનિઓ પણ બચી જાત, પ્રભુ જો ન બોલ્યા હોત તો...

**સમાધાન :** હજારો મિથ્યાત્વી બને, એ નુકસાન ઘણું મોટું છે, એની સામે મૌન બેસી ન રહેવાય. વળી, મહત્ત્વની વાત ધ્યાનમાં લો કે પ્રભુ કેવલજ્ઞાની છે, એટલે એ ત્રણેય કાળનું જાણે જ છે.

જે બન્યું છે, એ બધું જ જાણે છે...

જે બને છે, એ બધું જ જાણે છે...

જે બનવાનું છે, એ બધું જ જાણે છે...

એટલે એમના જ્ઞાનમાં આવા અદ્ધર વિકલ્પો નથી હોતા કે

''જો હું આ બોલીશ, તો આ બધા નુકસાનો થશે.'

''જો હું આ નહિ બોલું, તો નુકસાનો નહિ થાય...'

એમના જ્ઞાનમાં તો બધું Fix જ હોય કે ''હું આમ બોલીશ, એનાથી ગોશાળો ગુસ્સે થશે, અને એ બે સાધુઓને બાળશે, મને બાળવાની મહેનત કરશે...'

જે બનવાનું છે, એ બનવાનું જ છે,

એ નિયતિ છે. પ્રભુ એ નિયતિને જાણે છે, પણ પ્રભુ નિયતિને બદલી શકતા નથી. નિયતિનો મતલબ જ એ છે કે અફર હોવું.

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૩) :** સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ પ્રભુનું અપમાન સહન ન કરી શક્યા અને તેઓ પ્રભુની આજ્ઞા ભૂલી વચ્ચે કૂદી ગયા. તો શું આ એમણે ખોટું કર્યું છે?

**સમાધાન :** ના, ખોટું નથી કર્યું.

**જિજ્ઞાસા :** તો પછી ગૌતમસ્વામી વગેરે પ્રભુનું ઘોર અપમાન થતું જોવા છતાં વચ્ચે કૂદી ન પડ્યા, તો શું એમણે ખોટું કર્યું?

**સમાધાન :** ના, એમણે પણ ખોટું નથી કર્યું.

**જિજ્ઞાસા :** એવું શી રીતે બને? બેમાંથી એક તો ખોટા જ ને?

કાં તો પ્રભુભક્તિથી પ્રેરાઈને, પ્રભુ-આજ્ઞા ભૂલીને વચ્ચે કૂદી પડનારા બે મુનિઓ સાચા, અથવા પ્રભુ-આજ્ઞાને પકડી રાખીને ચૂપચાપ બધું સહન કરનારા ગૌતમાદિ સાચા... બેમાંથી એક સાચા અને એક ખોટા... એવું માનવું જ જોઈએ.

**સમાધાન :** ના, બધે આવું નથી હોતું.

બંને પોતપોતાની અપેક્ષાએ સાચા છે...

હા! બેમાંથી કોઈક વધુ સાચા-સારા છે...

બેમાંથી કોઈક ઓછા સાચા-સારા છે...

**શ્રીપાલ-મયણા** ઉત્તમ શ્રાવક-શ્રાવિકા બન્યા છે, સાધુ-સાધ્વી નથી બન્યા... તો શું એમણે ખોટું કર્યું? ના, ખોટું નથી કર્યું, પણ ઓછું સારું કર્યું છે... કેમ કે દીક્ષા વધારે સારી છે, વધારે સાચી છે.

શ્રીપાલના કાકા અજિતસેને દીક્ષા લીધી, તો એમણે વધારે સારું કર્યું છે.

બંને પોતપોતાની કક્ષા પ્રમાણે સાચા-સારા છે, પણ ઓછા-વત્તા...

એમ,

બે મુનિઓએ પ્રભુરાગથી પ્રેરાઈને પ્રભુઆજ્ઞા ભૂલીને જે કર્યું એ સારું, પણ ઓછું... જ્યારે ગૌતમાદિ મુનિઓએ પ્રભુઆજ્ઞા પાળી, એ ઘણું વધારે સારું...

**શ્રી ઉપદેશમાલા**માં બે મુનિઓની પ્રશંસા કરી છે કે **'आयरियभत्तिरागो...'**

'આ બે મુનિઓ જેવો ગુરુરાગ કોની પાસે છે? બંને મરવા તૈયાર થયા, પણ ગુરુનું અપમાન સહન ન કર્યું...'

આ પ્રશંસા પણ અમુક અપેક્ષાએ છે, એનો અર્થ એવો નથી કરવાનો કે "ગૌતમાદિને પ્રભુ પ્રત્યે ઓછો રાગ હતો...'

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૪) :** પ્રભુને તો કેવલજ્ઞાનથી ખબર જ હતી કે 'બે મુનિઓ વચ્ચે કૂદી પડશે, અને સળગી મરશે.' તો પ્રભુએ પહેલેથી જ એ બે મુનિઓને સ્પેશિયલ કેમ કહી ન દીધું? કે 'તમે અહીંથી એકદમ દૂર જતા રહો...'

જેમ પ્રભુએ નિર્વાણ વખતે **દેવશર્માને** પ્રતિબોધ કરવાના બહાના હેઠળ ગૌતમસ્વામીને દૂર મોકલી દીધા ને, તેમ આ બે મુનિઓને કોઈપણ બહાનું બતાવીને દૂર મોકલી શકત ને, તો બે મુનિ મરત નહિ...

કેમ પ્રભુએ એવું ન કર્યું?

**સમાધાન :** તમે હજી નિયતિને બરાબર સમજી નથી, ભાગ્યશાળી!

જો એ બેની મરવાની જ નિયતિ હતી, તો એ ન જ બદલાય. પ્રભુના હજારો પ્રયત્નો પછી પણ ન બદલાય...

જો એ બેનું નહિ મરવાનું Fix હોત, તો ચોક્કસ પ્રભુ દ્વારા એવો કોઈ પ્રયત્ન થાત, કે જેનાથી તેઓ ન મરત...

અરે, એમને દૂર મોકલવાની પણ જરૂર ન પડત. જેમ ગૌતમસ્વામી વગેરેને પ્રભુ પ્રત્યે અનહદ રાગ હોવા છતાં તેઓ વચ્ચે નથી જ આવ્યા, એ જ રીતે એ બે મુનિ પણ વચ્ચે ન આવત...

❀❀❀

**જિજ્ઞાસા (૫) :** બંને મુનિને ભક્તિભાવ હતો, છતાં સર્વાનુભૂતિ આઠમા દેવલોકમાં અને સુનક્ષત્ર બારમા દેવલોકમાં... આવો તફાવત કેમ પડ્યો?

**સમાધાન :** સર્વાનુભૂતિ તેજોલેશ્યાથી તરત જ મરણ પામ્યા, એટલે પ્રભુને પ્રદક્ષિણા, પાપ-આલોચના, સંઘક્ષમાપના અને મહાવ્રત ઉચ્ચારણ... આ બધું કરવાનો એમને અવસર જ ન મળ્યો. માટે એમના શુભભાવ અમુક હદ સુધી જ વધ્યા, માટે તે આઠમે ગયા.

જ્યારે સુનક્ષત્ર તરત જ મરણ ન પામ્યા, તો એમને ચારેય વસ્તુ કરવાનો અવસર મળ્યો, માટે એમના ભાવોમાં વિશેષ વૃદ્ધિ થઈ, માટે એ બારમે ગયા.

❀❀❀

**જિજ્ઞાસા (૬) :** આ પ્રસંગ પ્રભુના જીવનમાં કેટલા વર્ષની ઉંમરે બન્યો?

**સમાધાન :** પ્રભુએ ગોશાળાને જવાબ આપ્યો છે કે "હું હજી ૧૬ વર્ષ જીવવાનો છું.' આનો અર્થ એ કે પ્રભુ ૫૬ વર્ષની ઉંમરના હતા, ત્યારે આ પ્રસંગ બન્યો.

એટલે કે કેવલજ્ઞાન બાદ ૧૪ વર્ષ પસાર થયા, ત્યારે આ પ્રસંગ બન્યો.

❀❀❀

**જિજ્ઞાસા (૭) :** તેજોલેશ્યા કુલ ચાર જણને લાગી. પહેલાં લાગી સર્વાનુભૂતિને, એ જલ્દી મરણ પામ્યા. પછી લાગી સુનક્ષત્રને, એ થોડા વિલંબથી મરણ પામ્યા. પછી લાગી પ્રભુને, એમનું મરણ લેશ્યા નિમિત્તે ન જ થયું. પછી લાગી ગોશાળાને... એ સાત દિવસે મરણ પામ્યો.

તો આ કાળભેદ થવામાં કોઈ કારણ ખરું?

**સમાધાન :** તીર્થંકરને લેશ્યા મારી શકતી જ નથી, એટલે એમની તો વાત જ નથી કરવાની.

બાકીના ત્રણમાં મરણ બાબતમાં કાળભેદ દેખાય છે, એમાં સાચું કારણ તો વિશિષ્ટજ્ઞાની જાણે, અમે તો માત્ર અનુમાન કરી શકીએ... તે આ પ્રમાણે...

A. જેમ જેમ લેશ્યાનો ઉપયોગ થતો જાય, તેમ તેમ એની શક્તિ ઘટતી જતી હોય. એવું બને. જેમ જંઘાચારણ લબ્ધિમાં વર્ણન આવે છે કે આ લબ્ધિવાળા મુનિઓ એક જ ડગલામાં રુચકદ્વીપ સુધી પહોંચે, પણ પાછા ફરતી વખતે એક જ ડગલામાં નથી આવતા.

વચ્ચે એમણે નંદીશ્વર દ્વીપમાં રોકાવું જ પડે, કેમ કે લબ્ધિની તાકાત ઘટે છે.

હવે તેજોલેશ્યા પણ એક લબ્ધિ છે, તો એમાં પણ આવું બનતું હોય કે પ્રથમ વાર use કરે, તો તાકાત ઘણી... બીજી-ત્રીજી વારની તાકાત ઓછી...

હા! પેલા જંઘા લબ્ધિવાળા મુનિ અહીં પાછા આવ્યા બાદ અમુક સમય બાદ જ્યારે પણ રુચકદ્વીપ જાય, ત્યારે પાછા એક ડગલામાં જાય, કેમ કે એમની લબ્ધિ પાછી પહેલાનાં જેવી શક્તિવાળી બની ચૂકી હોય છે.

એમ તેજોલેશ્યાવાળો ગોશાળો અમુક સમય બાદ વળી એ લબ્ધિનો ઉપયોગ કરત તો અવશ્ય એ લબ્ધિની તાકાત પૂર્વના જેવી જ રહેત.

આ એક કારણ...

B. બીજું કારણ તો દરેક જીવનું પોતપોતાનું આયુષ્ય... જેનું જેવા પ્રકારનું આયુષ્ય હોય, તે તેવી રીતે જીવે. જોકે ત્રણમાંથી એકેયનું આયુષ્ય નિકાચિત માનવાની જરૂર નથી. અનિકાચિત હોઈ શકે છે, અને એટલે નિમિત્ત પામતા તૂટી શકે છે. છતાં સર્વાનુભૂતિનું આયુષ્ય પાતળી દોરી જેવું હોવાથી જલ્દી તૂટે, અને સુનક્ષત્રનું આયુષ્ય જાડી દોરી જેવું હોવાથી એને તૂટતા જરાક વાર લાગે, ગોશાળાનું આયુષ્ય એનાથી ય વધુ મજબૂત હોવાથી એને તૂટવામાં હજી વધુ વાર લાગે.

આયુષ્ય તૂટે છે મરણ વખતે જ, મરણના અંતર્મુહૂર્ત પહેલાં! એટલે

ગોશાળાનું આયુ. છેલ્લે જ ઘટેલું હોય, તેજોલેશ્યા લાગી, ત્યારે નહિ. પરંતુ તેજોલેશ્યા લાગી, એટલે શરીરના મુખ્ય અંગો બળી ગયા, એટલે આયુષ્યને ટકાવી રાખવું શક્ય ન બને, એટલે સાત દિવસ બાદ આયુષ્ય તૂટે. આ રીતે તેજોલેશ્યા આયુષ્ય ઘાતમાં નિમિત્ત બને.

આ વાત ખાસ ધ્યાનમાં લેવી.

ધારો કે કોઈકનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે, પણ ૬૦ વર્ષની ઉંમરે એને હાર્ટએટેક આવે તો એ જ વખતે ૪૦ વર્ષનું આયુષ્ય ઘટી જાય અને એ મરી જાય.

પણ ધારો કે એટેક સામાન્ય હોય અને જીવ ન મરે, તો ત્યારે ૧૦૦નું ૧૦૦ જ હોય. ૧૦૦નું ૯૫ ન થયું હોય.

બીજો એટેક ૭૦ વર્ષની ઉંમરે આવે, પણ મરે નહિ, તો સમજી લેવું કે ૧૦૦નું ૧૦૦ જ છે, એક મિનિટ પણ ઘટ્યું નથી.

પણ આ બે એટેકના કારણે હાર્ટ નબળું પડે, એટલે જ્યારે ૮૦ વર્ષની ઉંમરે એટેક આવે, ત્યારે હાર્ટ એ એટેક સામે લડી ન શકે, કેમ કે All ready નબળું છે. એટલે ત્યારે જો એ મરે, તો એનો અર્થ એ કે એ વખતે એક સાથે ૨૦ વર્ષનું આયુષ્ય ઘટી ગયું અને જીવ મરી ગયો.

ધારો કે એણે આરોગ્યના નિયમો સાચવ્યા હોત, તો ૬૦ અને ૭૦ વર્ષની ઉંમરના બે એટેક ન આવત, અને ૮૦ વર્ષે આવત, પણ એ વખતે હાર્ટ મજબૂત છે, તો એ એટેકને સહન કરી લેશે, તો એ ૮૦ વર્ષે મરશે નહિ. (પહેલા બે એટેક આવ્યા જ નથી, માટે એનું હાર્ટ નબળું નથી પડ્યું... તે માટે.)

પણ, પછી ૮૫ પર એટેક આવે, પછી ૯૦ પર આવે, તો એ જીવ ૯૦ પર મરે. ૧૦ વર્ષનું આયુષ્ય ઘટે.

એટલે એ તો પાક્કુ સમજવું કે આયુષ્ય ઘટવાનું કામ મૃત્યુ વખતે જ થાય છે, પણ મૃત્યુ નજીક લાવવાનું કામ શરીરની નબળાઈ વગેરે કરે છે.

C. ગોશાળો તેજોલેશ્યા લાગ્યા બાદ સાત દિવસ જીવ્યો, એનું કારણ એ હોઈ શકે કે તેજોલેશ્યા ડાયરેક્ટ તો ગોશાળા પર છોડવામાં આવી નથી, એ પ્રભુ પર છોડવામાં આવી. ત્યાંથી પાછી ફરતી એ ગોશાળાને લાગી છે, એટલે એની શક્તિ ઘટે એ શક્ય છે.

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૮) :** ગોશાળો સર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધ કેમ બન્યો?

**સમાધાન :** એની પાસે અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રનું અત્યંત સૂક્ષ્મજ્ઞાન હતું, એના આધારે એ લોકોના મનની વાત જાણતો, અમુક ભૂત-ભાવી પણ સાચું જાણતો. એટલે એ દરેક બાબતોમાં સાચો સાબિત થતો. માટે એ સર્વજ્ઞ તરીકે

પ્રસિદ્ધ થયો.

એના શિષ્યો પણ નિમિત્તશાસ્ત્રના જ્ઞાન દ્વારા જ ''અચંપુલ'ના મનનો વિચાર જાણી શક્યા હતા.

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૯) :** ગોશાળાને સાતમા દિવસે ઘોર પશ્ચાત્તાપ થયો, એનું મુખ્ય કારણ શું?

**સમાધાન :** નિયતિ, કાળ, સ્વભાવ આ તો ગોશાળાના પ્રસંગમાં અવશ્ય મજબૂત કારણ માનવા જ પડે, કેમ કે આવો ઘોરાતિઘોર પાપી ગોશાળો અચાનક ઘોર પશ્ચાત્તાપવાળો બને જ શી રીતે? એ પણ કોઈના પણ ઉપદેશ વિના...

પણ બહારના નિમિત્ત કારણો જોઈએ તો,

- પ્રભુએ એને બે-ત્રણ વાર હિતશિક્ષા આપી...
- સર્વાનુભૂતિ અને સુનક્ષત્રે પણ એને હિતશિક્ષા આપી...
- ગૌતમાદિ મુનિઓએ એને ઠપકાર્યો...

આ બધું ભલે તત્કાલ ફલદાયક ન બન્યું, પણ આની અસર પાછળથી થઈ. એ પ્રત્યેક શબ્દો ગોશાળાને છેલ્લે યાદ આવે, અને ઘોર પશ્ચાત્તાપ થાય એ બાબત શક્ય છે જ.

આપણે એલોપથી ગોળી લઈએ તો ય એની અસર ચાર-પાંચ કલાક પછી થાય...

આપણે સાંજે ત્રિફળા કે હરડે લઈએ, તો ય એની અસર બીજા દિવસે સવારે થાય... સિગારેટાદિનો નશો કરનારાઓને ઘણા વર્ષો બાદ શરીર બગડે છે...

પેલા **ગોવિંદવાચક! આચારાંગસૂત્ર** ભણતી વખતે એની કોઈ Positive અસર ન થઈ પણ સ્થંડિલભૂમિમાં ઝાડ-વનસ્પતિ વગેરે જોતી વખતે અચાનક જ મગજમાં Positive વિચારો આવવા માંડ્યા. એ વખતે આચારાંગસૂત્રના શબ્દો યાદ આવવા માંડ્યા, શ્રદ્ધા પ્રગટી અને સમ્યક્ત્વ મળ્યું.

સંઘરેલો સાપ પણ ક્યારેક કામમાં આવે, તો સંઘરેલું શ્રુત કામમાં કેમ ન આવે?

અરે, મારો જાત અનુભવ કહું.

વર્ષો સુધી પૂ. ગુરુદેવની સેંકડો નહિ, હજારો વાચનાઓ સાંભળી... એ ગમતી ખરી, પણ ઘણા પદાર્થો એ વખતે અસર ન કરતા, એમાં વિશેષ મજા પણ ન આવતી... પણ વર્ષો બાદ જ્યારે તે તે પ્રસંગો જીવનમાં બન્યા, ત્યારે અંતરમાંથી અવાજ આવ્યો કે *''ગુરુદેવે આ બધું કીધેલું હતું, એ એકદમ સાચું છે... વાહ! શું ગુરુદેવનું જ્ઞાન!'*

આમ પણ પ્રભુ અપ્રજ્ઞાપનીયને ઉપદેશ નથી આપતા, અભવી સંગમને નથી જ આપ્યો... તો ગોશાળાને કેમ આપ્યો? બે-ત્રણ વાર કહેવા છતાં એ નથી માન્યો, તો એવો ઉપદેશ કેમ આપ્યો?

એનું કારણ કદાચ આ જ હોઈ શકે કે ''એ ઉપદેશ તત્કાળ ભલે કોઈ અસર ન કરે, પણ ગોશાળાના મગજમાં એ પદાર્થ ઉતરી જશે, અને સાત દિવસ બાદ એ બીજ પોતાના ફળ આપશે.' આવું ગણિત ચોક્કસ હોઈ શકે.

પ્રભુ નિષ્ફળ પ્રવૃત્તિ કરતા નથી...

પ્રભુ અમોઘવચની છે...

આ બધું વિચારીએ તો એમ લાગે છે કે સાતમા દિવસે ઘોરાતિઘોર પશ્ચાત્તાપ ઉત્પન્ન કરવા માટે જ પ્રભુએ ઉપદેશ આપ્યો, હિતશિક્ષા આપી...

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૧૦) :** ગોશાળાનો પશ્ચાત્તાપ હદ બહારનો છે, છતાં એનો સંસાર અનંત કેમ?

**સમાધાન :** જેમ પશ્ચાત્તાપ અનહદ છે, તેમ બે સાધુની હત્યાનું + પ્રભુને સળગાવી નાંખવાના પ્રયત્નનું મનથી તો પ્રભુને પૂરા સળગાવી જ નાંખવાનું પાપ ક્યાં નાનું છે...

આત્મામાં બે ય ભેગા થયા છે.

પશ્ચાત્તાપ કરતા પાપોનો પક્ષ વધુ ભારે છે... મજબૂત છે...

માટે એનું ફળ અનંત સંસાર મળે એ સહજ છે.

**આવશ્યક નિર્યુક્તિ**ની ગાથા છે...

**तित्थयर-पवयण-सुअं,**

**आयरिअं गणहरं महिड्ढिअं ।**

**आसायंतो बहुसो अणंतसंसारिओ होइ ॥**

તીર્થંકરની વારંવાર આશાતના કરનારો અનંત સંસારી થાય.

અલ્પ શક્તિવાળું ઝેર વારંવાર લેવામાં આવે, તો જીવ મરે...

તીવ્ર શક્તિવાળું ઝેર એક જ વાર લેવામાં આવે, તો ય જીવ મરે...

ગોશાળાએ પ્રભુની ઘોરાતિઘોર આશાતના કરી. ગોશાળાએ ઉત્સૂત્ર બોલી-બોલીને, હજારોને ઠગીને શ્રુતની પણ ઘોર આશાતના કરી. ગોશાળાએ બે સાધુની નિર્દયતા સાથે હત્યા કરીને સંઘની પણ ઘોર આશાતના કરી.

ગોશાળાએ ઘણું બધું કરી નાંખ્યું.

હત્યા તો **દૃઢપ્રહારીએ** પણ ઘણી કરેલી, ક્રૂરતા સાથે કરેલી...

પણ પૂજનીય, ઉપાસનીય, ઉત્તમ તત્ત્વોની નહિ... સામાન્ય જીવોની...

વડા પ્રધાનની હત્યા અને સામાન્ય

માણસની હત્યા... બંનેમાં ફરક તો છે જ ને!

એટલે **દઢપ્રહારી, ચિલાતિપુત્ર, અર્જુનમાળી** હત્યાઓ કર્યા બાદ પણ પશ્ચાત્તાપ દ્વારા તરી ગયા. પણ ગોશાળો ન તર્યો, પશ્ચાત્તાપ તીવ્ર હતો, તોય અનંત સંસાર થયો, કારણ? પાપ તીવ્રાતિતીવ્ર હતું.

ક્રિકેટ મેચ છે.

પાકિસ્તાને ૫૦ ઓવરમાં ૨૫૦ રન કર્યા, તો ભારત ૨૫૧ રન કરીને જીતી જાય છે. એમ દઢપ્રહારી વગેરેનું પાપ ૨૫૦ રન જેટલું છે, તો ૨૫૧ રન જેટલો પશ્ચાત્તાપ ચાલે.

પણ

પાકિસ્તાને ૫૦ ઓવરમાં ૪૦૦ રન કર્યા, તો ભારત ૩૮૦ રન કરીને ય હારે છે. એમ ગોશાળાનું પાપ ૪૦૦ રન જેટલું મોટું છે, એટલે એનો પશ્ચાત્તાપ દઢપ્રહારી વગેરે કરતાં વધારે હોય ને, એટલે કે ૨૫૦ રનને બદલે ૩૮૦ રન જેટલો હોય ને, તો પણ એ પશ્ચાત્તાપ પેલા પાપોને ઓવરટેક ન કરી શકે, ગોશાળાએ હાર માનવી જ પડે.

માટે થયો ગોશાળાનો અનંત સંસાર...

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૧૧) :** ગોશાળાના શિષ્યોએ હાલાહલાના ઘરમાં જ ગોશાળાની અંતિમ આજ્ઞા માની લીધી, પાળી લીધી અને લોકોમાં તો ગોશાળાનો ઉત્તમ સત્કાર કર્યો...

શિષ્ય તરીકે એમણે સારું જ કર્યું ને?

ગુરુ પ્રત્યેની ભક્તિ તો આવી જ હોય ને?

**સમાધાન :** પ્રભુએ કહ્યું છે કે 'પંચમકાળમાં પ્રભુના સાધુઓ પણ પ્રાયઃ જડ અને વક્ર બનશે, પ્રાજ્ઞ અને સરળ નહિ...' હવે જો પ્રભુના સાધુઓ માટે પણ જડતા અને વક્રતાની વાત હોય, તો બીજા બધાની તો વાત જ શી કરવી?

માત્ર શબ્દ જ પકડે, શબ્દનો અર્થ પકડે, ભાવાર્થ ન પકડે એ જડ!

વાંકો ચાલે, ઉંધું કરે, સાચું સમજાય તો ય કુતર્કો કરે એ વક્ર!

ગોશાળાએ કહ્યું કે 'મારા દેહને જાહેર રસ્તા પર ઘસડીને લઈ જાઓ, થૂંકો-મારો, અને જાહેર કરો કે 'આ અમારા ગુરુ સર્વજ્ઞ નથી, ઠગ છે.'

આ શબ્દો પાછળનું તાત્પર્ય શું? ભાવાર્થ શું? એ જ કે લોકોને ખબર પડવી જ જોઈએ કે *'ગોશાળો ખોટો હતો, પ્રભુવીર સાચા હતા...'* એ ખબર પડે તો તેઓ ખોટા રસ્તે જતા અટકે અને સાચો રસ્તો પામે.

આ હતો ગોશાળાની આજ્ઞાનો ભાવાર્થ...

પણ શિષ્યો નીકળ્યા જડ...

'ગુરુએ આપણને આ બધું કરવાની પ્રતિજ્ઞા આપી છે ને, તો બંધ કરો દરવાજા! હાલાહલાના ઘરમાં જ શ્રાવસ્તી નગરી દોરી દો, એમાં ગુરુના મૃતદેહને બાંધીને ઘુમાડી દો, આપણી પ્રતિજ્ઞા પૂરી.'

અરે, આ પ્રતિજ્ઞા ગુરુએ નથી આપી. ગુરુની પ્રતિજ્ઞાનો ભાવાર્થ એ છે કે લોકોને ખબર પાડો કે 'ગોશાળો ખોટો છે, પ્રભુવીર સાચા છે.'

પણ એ પ્રતિજ્ઞા આ લોકોએ પૂરી ન કરી.

છે ને જડતા!

હવે વક્રતા જુઓ!

ચલો, જાહેરમાં એ આજ્ઞા ન પાળી, પણ ગુરુના મૃતદેહનો જાહેરમાં જોરદાર ઠાઠમાઠ કરવાની શી જરૂર? ગુરુએ તો જાહેરમાં મૃતદેહને તિરસ્કારવાનો કહ્યો છે. તમે ભલે તિરસ્કારો નહિ, પણ સત્કાર તો મત કરો...

પણ એમણે કર્યો સત્કાર! મોટા ઠાઠમાઠ સાથે!

આ છે માયા, આ છે વક્રતા!

એટલે એ શિષ્યોએ સારું કર્યું એવું ન મનાય.

ગુરુના મોટા દોષો છુપાવ્યા એ ખોટું...

ગુરુનો મોટો મહિમા દર્શાવ્યો એ ઘણું ખોટું...

એમનું કર્તવ્ય એ હતું કે,

ભલે કદાચ રસ્તા ઉપર પગને દોરડાથી બાંધીને ઢસડીને ન લઈ જાય...

ભલે કદાચ એના ઉપર થૂંકવાનું કે લાત મારવાનું કામ ન કરે...

પણ એમને સાવ સાદી રીતે લઈ જવા...

દરેકે દરેક રસ્તે એટલું તો કહેવું જ કે 'આ સર્વજ્ઞ ન હતા, પણ ખોટા હતા. સાચા તો પ્રભુવીર જ હતા.'

કોઈપણ જાતના ઠાઠમાઠ વિના એમનો અગ્નિસંસ્કાર કરી દેવો.

અને પછી પ્રભુવીર પાસે પહોંચી સ્વધર્મ છોડી પ્રભુનો ધર્મ સ્વીકારવો.

પણ તેઓ આ તમામ પ્રકારનું ઔચિત્ય ચૂક્યા.

ભલે તેઓ નિમિત્તજ્ઞાતા હોય, પણ આ બધી દષ્ટિએ જોઈએ તો એ છે માત્ર અજ્ઞાની! જડ! અને વક્ર!

ગુરુના નાના નાના દોષો આખા ગામમાં જાહેર કરવાની જરૂર નથી, ગુરુત્યાગ પણ નહિ. ગુરુના મોટા દોષો જો કોઈને નુકસાનકારક ન બનતા હોય,

તો ગુરુત્યાગ કરવો, પણ જાહેરમાં દોષ ન કહેવા. ગુરુના મોટો દોષો જો કોઈકને જ નુકસાનકારક બનતા હોય, તો એ તે તે જીવને જ કહીને એને બચાવવો...

❁ ❁ ❁

**જિજ્ઞાસા (૧૨) :** ગોશાળાને ઈશ્વરના ભવમાં એક વાર તો એવો શુભ વિચાર આવેલો જ ને કે ''મેં અરિહંતના વચનની વિરાધના કરી, મેં ખોટું કર્યું. આ તો સર્વજ્ઞનું વચન છે, એ ખોટું ન હોય. હું એનું પાલન ન કરી શકું એ બને, પણ બધા જ ન કરી શકે એવું મેં કેમ માન્યું? મારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે.''

તો ગોશાળામાં પાત્રતા તો હતી જ ને?

**સમાધાન :** અરે, ભાઈ! ગોશાળાના ભવમાં એ સમ્યક્ત્વ પામ્યો અને ત્યારથી માંડીને તેનો ઉત્કૃષ્ટ સંસાર અર્ધપુદ્ગલપરાવર્ત જ બાકી હોઈ શકે, એટલે કે ગોશાળાના ભવની પૂર્વે અર્ધ પુ.પ. કાળ પહેલા જ ગોશાળો ચરમાવર્તી બની ગયો હતો.

ગોશાળાની પૂર્વે અર્ધ પુ.પ. કાળ.

ગોશાળાની પછી અર્ધ પુ.પ. કાળ.

બરાબર એક પુ.પ. કાળ! ચરમ પુ.પ.!

અને ચરમ પુ.પ.માં તો ગુણોની પ્રાપ્તિ થઈ જ શકે છે.

એટલે ઈશ્વરનો ભવ એનો ચરમ પુ.પ.નો ભવ છે. માટે એમાં એને પશ્ચાત્તાપાદિ ગુણો પ્રગટે, તો વાંધો જ નથી.

સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્ધ પુ.પ. કાળ બાકી હોય, ત્યારે થાય છે. ત્યારે પણ થઈ જ જાય, એવો નિયમ નથી. એ અર્ધ પુ.પ. કાળમાં ગમે ત્યારે થાય, શરૂઆતમાં, વચ્ચે કે અંતે... ગમે ત્યારે થઈ શકે છે.

ગોશાળાના ભવમાં એને સમ્યક્ત્વ મળ્યું.

❁ ❁ ❁

**જિજ્ઞાસા (૧૩) : ત્રિષષ્ઠિ**માં લખેલું છે કે ઈશ્વરનો જીવ દેવ બની, રાજા બની, સાતમી નારકમાં નારક બની, ત્યાંથી ગોશાળો બન્યો.

પણ સાતમી નારકમાંથી નીકળેલો જીવ તો અવશ્ય તિર્યંચ જ બને, એ મનુષ્ય ન જ બને... તો આવું કેમ લખ્યું છે?

**સમાધાન :** એ સામાન્યથી લખેલું છે કે ''સાતમી નારકમાંથી મનુષ્ય બન્યો.' બાકી એ સમજી લેવું કે 'સાતમી નારકમાંથી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ બન્યો, અને એ પછી મનુષ્ય ગોશાળો બન્યો.'

જે પ્રભુવીરના ૨૭ ભવો બતાવ્યા છે, એ તો સામાન્યથી જ... બાકી તો અસંખ્ય ભવો પ્રભુવીરના થયા જ છે ને?

એમ અહીં પણ સમજવું.

❁ ❁ ❁

**જિજ્ઞાસા (૧૪) :** પ્રભુએ તેજોલેશ્યા લાગ્યા બાદ છ મહિના બાદ ઔષધ કર્યું, એવું કેમ? પહેલાં કેમ ન કર્યું?

**સમાધાન :** વ્યવહાર તો સ્પષ્ટ જ છે કે છ મહિના થવા આવ્યા, ત્યારે લોકોમાં વાતો ચાલુ થઈ કે 'પ્રભુ મરી જશે.' એટલે ત્યારે સિંહ રડ્યો, પ્રભુએ એની વિનંતિથી ઔષધ લીધું.

નિશ્ચયથી એમ કહી શકાય કે 'પ્રભુનું નિકાચિત અશાતાકર્મ ભોગવવાનું બાકી હતું. માટે છ મહિના સુધી એ કર્મ ભોગવ્યું... એ કર્મ છ મહિનાનું જ હતું, એટલે એક સિંહના રડવા વગેરે નિમિત્ત મળી ગયા, અને પ્રભુનો રોગ મટી ગયો.'

નિકાચિત કર્મને ઉદયમાં આવવા માટે જેમ તેજોલેશ્યા રૂપી નિમિત્તની જરૂર પડી, એમ નિકાચિત કર્મ પૂરું થાય છે, શાતા ચાલુ થાય છે, ત્યારે એને પૂરું થવા માટે, શાતા ચાલુ થવા માટે, બિજોરાપાક જેવા નિમિત્તની જરૂર પડે છે.

**આદિનાથ** પ્રભુએ એક વર્ષ બાદ બંને બહેનોને મોકલી બાહુબલી પાસે ઉપદેશ આપવા માટે!

પણ એક વર્ષ બાદ કેમ? પહેલાં કેમ નહિ? એકાદ મહિના બાદ કેમ નહિ? જવાબ એ જ 'ત્યારે કાળ પાક્યો ન હતો, ત્યારે બહેનો ઉપદેશ આપત, તો પણ ફળ ન મળત. જ્યારે કાળ પાક્યો, ત્યારે જ પ્રભુએ બહેનોને મોકલી અને બાહુબલીનું કામ થઈ ગયું...

**જિજ્ઞાસા (૧૫) :** રેવતી શ્રાવિકાએ કોળાપાક પ્રભુ માટે જ બનાવ્યો હતો, આધાકર્મી બનાવ્યો હતો. તો શું એ પરિપક્વ ન હતી? એને ખ્યાલ ન હતો કે 'આધાકર્મી ન બનાવવું.' અને આવી અપરિપક્વ શ્રાવિકાને તીર્થંકર નામ કર્મનો બંધ થાય?

**સમાધાન :** શ્રાવિકા કારણ વગર જ, માત્ર મુગ્ધ ભક્તિભાવથી પ્રેરાઈને સાધુ માટે આધાકર્મી બનાવે તો એ અપરિપક્વ ગણાય.

રેવતી શ્રાવિકાએ કારણ વિના જ કોળાપાક બનાવ્યો ન હતો, પણ એને મનમાં હતું કે *'પ્રભુને ભયંકર અશાતા છે, તો એને દૂર કરવા માટે આ કોળાપાક કામ આવશે.'*

એટલે એ મુગ્ધ શ્રાવિકા ન હતી, પરિપક્વ હતી...

બીજી વાત...

**મરુદેવા** માતાને ઋષભ માટે અતિશય રાગ હતો જ, છેલ્લે હાથી પર બેઠા, ત્યારે પણ રાગ હતો... પણ સમવસરણાદિ જોયા બાદ રાગ તૂટ્યો, વૈરાગ્ય પ્રગટ્યો, પરિણામની ધારામાં આગળ વધ્યા અને કેવલજ્ઞાન પામ્યા.

એમ રેવતી શ્રાવિકાને ધારો કે પહેલા મુગ્ધ અધ્યવસાય હોય, તો પણ સાધુને વહોરાવતી વખતે એના ભાવો વધતા ગયા અને અધ્યવસાયો નિર્મળ બન્યા, અને તીર્થંકર નામકર્મનો બંધ થયો, આ રીતે માનવામાં કોઈ વાંધો લાગતો નથી.

**જિજ્ઞાસા (૧૬) :** ગોશાળાના આ આખા પ્રસંગમાંથી આપણે શું શીખવા જેવું છે?

સમાધાન : ઘણું બધું શીખવા જેવું છે.

૧. ક્યારેય સાધુઓની નિંદા ન કરવી, એમના માટે જેમ તેમ અભિપ્રાયો ન આપવા. મનમાં કંઈપણ શંકા પડે, તો સાધુ પાસે જઈને પૂછી લેવું, પણ મનમાં ને મનમાં ખોટી કલ્પનાઓ ન કરવી.

૨. સંઘના આરાધકો તો પ્રાયઃ સાધુ-સાધ્વી સાથે સારી રીતે જોડાઈ જતા હોય છે, પણ સંચાલક ટ્રસ્ટીઓ ક્યારેક ચૂકી જતા હોય છે. તેઓ જો ધર્મમાં વિશેષ જોડાયા ન હોય, તો તેઓ નાની-મોટી વાતોમાં સાધુઓની ટીકા કરવા લાગતા હોય છે. તેઓ સાધુઓના દ્વેષી નથી, પણ અજ્ઞાનવશ સાધુનિંદા વગેરે રૂપ ઘણું મોટું પાપ સેવી લેતા હોય છે. તેઓએ ખાસ સંભાળવું. સંઘનું સંચાલન કરવાનું કામ ઘણું ઉત્તમ છે, પરંતુ એમાં નકામા કોઈ પાપ બાંધી ન બેસાય એ જોવું.

3. ઘણી જગ્યાએ ટ્રસ્ટીઓ એમ સમજે છે કે *'અમે શ્રીસંઘ છીએ, અને સંઘની વાત મ.સા.એ માનવી જોઈએ.'*

શ્રીસંઘ એટલે કોણ? મુખ્ય તો સાધુ-સાધ્વી જ સંઘરૂપ છે, શ્રાવક-શ્રાવિકા ગૌણરૂપ છે. માટે જ તો શ્રમણપ્રધાન શ્રી જૈનસંઘ કહેવાય છે ને?

તો માત્ર ટ્રસ્ટીઓ શી રીતે સંઘ બની ગયો?

એમાં તો સાધુ કે સાધ્વી કોઈ જ નથી...

સાધુ-સાધ્વી રૂપી સંઘની વાત શ્રાવક-શ્રાવિકાએ માનવી?

કે શ્રાવક-શ્રાવિકાની વાત સાધુ-સાધ્વીએ માનવી?

સાધુ-સાધ્વી મુખ્ય છે. એનું કારણ એ છે કે 'જે પ્રભુની આજ્ઞાને જાણે, માને અને યથાશક્તિ પાળે એ જ સંઘ છે.'

હવે શ્રાવક-શ્રાવિકાઓને પ્રભુની આજ્ઞા કેટલી ખબર? અને તેઓ કેટલી પાળે?

જ્યારે સાધુ-સાધ્વીઓ પ્રભુની આજ્ઞાને ઘણી વધારે જાણે છે, વધુ મજબૂતાઈથી માને છે અને વધારે પાળે છે...

માટે સાધુ-સાધ્વી એ પ્રધાન છે.

આમ છતાં આજે સૌથી મોટી દુઃખની વાત જ એ છે કે પ્રાયઃ કોઈ પણ ટ્રસ્ટમંડળ શ્રમણોની સંપૂર્ણ આજ્ઞામાં નથી. અંતિમનિર્ણય ટ્રસ્ટ લેશે, શ્રમણો નહિ.

ટ્રસ્ટીઓની મીટીંગમાં સાધુની હાજરી ખરી?

ચલો, ન હોય... પણ જે નિર્ણયો લેવાય, એમાં અંતિમ ''હા' સાધુની લેવાય ખરી?

ઘણા ટ્રસ્ટીઓને ગુરુવંદનના સૂત્રો પણ નથી આવડતા, અર્થ તો દૂરની વાત!

ઘણા ટ્રસ્ટીઓ પૂજા ય નથી કરતા, ચૈત્યવંદનાદિ તો દૂરની વાત!

ઘણા ટ્રસ્ટીઓ રાત્રિભોજન ત્યાગાદિ નથી કરતા...

આ ટ્રસ્ટીઓ શી રીતે સંઘના નિર્ણય લેશે? કેવા લેશે?

અહીં આપણે દુકાન નથી ચલાવવાની, સમાજનો વહીવટ નથી ચલાવવાનો, પરંતુ જૈનસંઘની વ્યવસ્થા સંભાળવાની છે...

જે જૈનસંઘનો મહિમા સમજે,

જે જૈનસંઘ પર અપાર બહુમાન ધારે,

જે જ્ઞાન-દર્શન-ચારિત્રને ચાહે...

જે સમજે કે *'એક એક નિર્ણય એવા હોય, જે રત્નત્રયીને વધારે.'*

તે લાયક છે જૈનસંઘની પેઢી પર બેસવાને...

ચલો, ટ્રસ્ટમંડળ કોઈ સાધુ-ગણિ-પંન્યાસ-આચાર્યની વાત ન માને, પણ કોઈ ને કોઈ ગચ્છાધિપતિની નિશ્રામાં તો રહે.

In short ટ્રસ્ટનો કોઈપણ નિર્ણય પૂજનીય આચાર્યભગવંતોની હા વિના ન હોવો જોઈએ.

પણ આ સમર્પણભાવ ટ્રસ્ટીઓ લાવી શકશે?

તેઓ આની ગંભીરતા સમજી શકશે?

જો લાયકાત વિના કોઈ ટ્રસ્ટી બનશે, તો એ ભવિષ્યમાં ગોશાળા જેવા બને તો આશ્ચર્ય ન માનવું.

૪. દીક્ષા લઈ ચૂકેલા સંયમીઓ!

મારા પૂ. ગુરુદેવશ્રી કહેતા...

ગુરુ આગ છે. જો એનો બરાબર use કરતા આવડે, તો આગ દ્વારા રસોઈ બને, ગરમી મળે, ઠંડી દૂર થાય, પ્રકાશ મળે...

પણ જો બરાબર use કરતા નહિ આવડે, તો એ જ આગ સળગાવે...

ગુરુમાં નાના-નાના દોષો હોવાના જ...

એને જોઈને મન બગાડશો, સદ્ભાવ ઘટાડશો, વૈયાવચ્ચનો ઉલ્લાસ ઘટાડશો, અનુચિત વર્તન કરશો, સામે બોલશો, ગમે તેમ વાતો કરશો, અથવા બરાબર જવાબ નહિ આપો, મોઢું ચડાવેલું રાખશો... નિંદા કરશો... તો ધીરે ધીરે આ સંસ્કારો વધશે, અને ફરી એક નવો ગોશાળો જન્મ લેશે.

**જિજ્ઞાસા (૧૭) :** ગુરુસમર્પણ માટે કંઈક માર્ગદર્શન આપો ને?

**સમાધાન :** (૧) **ગુરુમાતા** પુસ્તક વાંચજો. (પૂ. ગુરુદેવશ્રીનું પુસ્તક)

(૨) **ગુરુબહુમાનકુલક** વાંચજો. (પૂ. પં. રત્નબોધિ મ.ની ટીકા)

બસ, વધુ કંઈ કહેવું નથી.

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૧૮) :** અમે પણ ગુરુ પ્રત્યે દુર્ભાવ વગેરે કરેલા જ છે, તો શું અમે પણ ગોશાળાની જેમ દીર્ઘ સંસાર ભટકશું?

**સમાધાન :** એકાંત નથી. ગોશાળા જેવો અતિતીવ્ર દુર્ભાવ ન કર્યો હોય, મંદ-મધ્યમ દુર્ભાવ કર્યો હોય તો દીર્ઘ સંસાર ન થાય.

**જમાલિ** પણ ગુરુદ્રોહી-શાસનદ્રોહી બન્યો જ છે, પણ એના પરિણામ અતિતીવ્ર ન હતા, માટે એ પંદર ભવમાં જ મોક્ષે જશે.

❀ ❀ ❀

**જિજ્ઞાસા (૧૯) :** તમે વારંવાર એવો ઉપદેશ આપો છો કે 'ગોશાળા જેવા નહિ બનતા, ગૌતમ જેવા બનજો.' પણ કાયમ માટે શિષ્યોને જ ઉપદેશ શા માટે? ગુરુઓને ઉપદેશ આપો ને કે તેઓ સાચા ગુરુ બને, શિથિલાચારી નહિ. અમારા ગુરુ જો જ્ઞાન-આચાર સંપન્ન હોય, તો અમને દુર્ભાવ શા માટે જાગે? પણ એ એવા નથી. અમને ભણાવતા નથી, ભણાવી શકતા નથી અને આચારોમાં ઘણાં નબળા છે... અમે નહિ લખી શકીએ એવા નબળા.. શું કરવું અમારે? શું બધો વાંક અમારો?

**સમાધાન :** તાર્કિકશિરોમણી અતિશયવિદ્વાન આચાર્ય ભગવંતે વીસેક વર્ષ પહેલાં મને પત્રમાં લખેલું કે

'આજના કાળમાં શિષ્યોને સાચા શિષ્ય બનવા માટે ટન જેટલો ઉપદેશ આપવામાં આવે છે, પણ ગુરુઓને સાચા ગુરુ બનવા માટેનો ટન જેટલો ભલે નહિ, મણ જેટલો પણ ભલે નહિ, પણ કણ જેટલો પણ ઉપદેશ આપવામાં આવે છે ખરા?'

એમની વાત ૧૦૦ % સાચી લાગી હતી.

તમારી ભૂલ એ કે તમે પરીક્ષા કર્યા વિના ગુરુ બનાવી દીધા, કોઈએ તમને જબરદસ્તી તો કરી ન હતી ને? હવે તમને એ ખરાબ લાગે, તો એ અપરાધ તમારો છે...

ચલો, થઈ ગઈ ભૂલ... હવે?

ફરી એ જ વાત, જે બે પુસ્તક ઉપર બતાવ્યા છે, એ વાંચજો...

અને તમે માનેલા ગુરુ ઉપર તમને જો દુર્ભાવ જ થતો હોય, તો કોઈક અન્ય સંવિગ્ન-ગીતાર્થ મહાત્માને પૂછજો, એમનું

માર્ગદર્શન લેજો... આથી વધારે તો હું પણ શું કહું?

અંતે...

ગોશાળો ભલે મહાપાપી હતો,

પણ એનો છેલ્લે છેલ્લે પશ્ચાત્તાપ કેવો અદ્‌ભુત હતો...

ગોશાળાના એ ભાવોને અનંત વંદન હો...

શેતાન ગોશાળો છેવટે સંત ગોશાળો બન્યો ખરો...

આપણે બધા તો ગોશાળા જેવા ખરાબ નથી,

બસ, થોડી વધારે મહેનત કરશું, તો ઉત્તમ અધ્યવસાયોના માલિક બની શકશું... જલ્દી મોક્ષ પામી શકશું.

સાધુ હત્યારા ગોશાળાને ભલે ન ચાહો,

પણ પશ્ચાત્તાપી ગોશાળાને તો ખૂબ ખૂબ વંદન કરીએ જ ને!

પ્રભુવીર પણ અઢારમાં ભવમાં મહાહિંસક હતા, છતાં આપણે એમના એ ભૂતકાળના સ્વરૂપને નથી જોતા અને એમના પ્રભુવીરના ભવના મહાન સ્વરૂપને નજરમાં લાવીને પૂજા કરીએ છીએ, ભગવાન માનીએ છીએ...

એમ, ગોશાળાના એ પાપી સ્વરૂપને ધ્યાનમાં નહિ લઈને એના પશ્ચાત્તાપી સ્વરૂપને ધ્યાનમાં લઈએ, એને જોઈ જોઈને અહોભાવ લાવીએ...

આપણે પણ આવા પશ્ચાત્તાપવાળા તો નથી જ બન્યા...

બોલો, ભગવાન ગોશાળાનો જય હો - વિજય હો.